કુમાર

સુવર્ણજયંતી-વર્ષ
અંક ૧લો
જાન્યુઆરી
૧૯૭૩
તંત્રી
બચુભાઈ
રાવત



સંસ્થાપક : રવીશંકર રાવળ

બદનામીનો બાદશાહ
(૨૫મી પુણ્યતિથિએ)
જુઓ આ અંકમાં રેડિયો નાટિકા
ફોટો - કૉપીરાઈટ : કનુ ગાંધી



શિશિરની સવાર
ચન્દ્રશંકર રાવળ

ધગધગતો સૂરજ તો તરતો અંગીઠીના દરિયે;
વિશ્વ સર્વ રમતું વિલસંતું આ ઘરની ઓશરીએ;
પ્રકૃતિપુરુષ ગોઠડી કરતાં નવ નેહભર્યાં નિર્દેશે,
મ્હોરે શિશિર શાખને ખોળે ફૂટયા ફૂલને વેશે.
(પિનાકિન ઠાકોર)



શિશિરની સવાર
ચન્દ્રશંકર રાવળ

ધગધગતો સૂરજ તો તરતો અંગીઠીના દરિયે;
વિશ્વ સર્વ રમતું વિલસંતું આ ઘરની ઓશરીએ;
પ્રકૃતિપુરુષ ગોઠડી કરતાં નવ નેહભર્યા નિર્દેશે,
મ્હોરે શિશિર શાખને ખોળે ફૂટચા ફૂલને વેશે.
(પિનાકિન્ ઠાકોર)



ગુફાના પ્રતિઘોષ : આ અંકની કલાવાર્તામાં જેમનો પરિચય આપ્યો છે એ કલાકાર શ્રીમતી પ્રફુલ્લા દહાણુકરે 'ગુફાના પ્રતિઘોષ' નામે કેટલાંક ચિત્રો કર્યા છે, એમાં એમણે અજંતા, ઇલોરા વગેરેનાં પ્રાચીન ભીંતચિત્રોની મનોછાપનું આગવાં સંયોજનો દ્વારા નિજી ભાવ-નિદર્શન કર્યું છે. અજંતાનાં ઇન્દ્ર, અપ્સરાઓ, બુદ્ધ વગેરે વિખ્યાત પાત્રોના ચહેરા આદિની વિગતોને જતી કરીને એમનાં માત્ર છાયા-રૂપો સાંકળી લઈ એમણે અજંતાની ઢબે પણ પોતાની રીતે સંયોજન કરી પોતાના ભાવનો પડઘો પાડયો છે.

કુમાર જાન્યુઆરી ૧૯૭૩ · અંક : ૫૮૯

તંત્રી : બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી : બિહારીલાલ ટાંક

ચિત્રો

બદનામીનો બાદશાહ (ફોટો : કનુ ગાંધી) — પૂઠું
શિશિરની સવાર (ચિત્રકાર: ચન્દ્રશંકર રાવળ) — ત્રિરંગી મુખચિત્ર
ગુફાના પ્રતિઘોષ (કલાકાર : શ્રીમતી પ્રફુલ્લા દહાણુકર) — મુખચિત્રની નીચે
શિશિરની સવાર (ફોટો : એ. એલ. સૈયદ) — પાછલા પૂઠામાં

કાવ્યો

એક શિશિર રાત્રે (હશનસ), દૃષ્ટિ (મદનકુમાર અંજારિયા) — ૩
ચાડિયાત આયખું (કનુ મહેતા 'વ્યોમ') — ૩
હું (કરસનદાસ લુહાર), આહ્વાન ('શિલ્પિન' થાનકી) — ૩

ચરિત્ર

પીટર ફ્રૅંગર — ધીરુભાઈ પરીખ ૪
કસુંબલ રંગ-૬ — કનુભાઈ જાની ૧૧

વાર્તા

બદનામીનો બાદશાહ (રેડિયો-રૂપક) — ધીરુભાઈ પરીખ ૭
ખોટો રૂપિયો (લઘુકથા) — દિનુભાઈ શુક્લ ૧૩
વહેમ — ૧૯

લેખો

મેદવૃદ્ધિ (રોગોપચાર-૨૪) — વૈદ્ય નવીનભાઈ ઓઝા ૧૨
ગંગનાથ વિદ્યાલય (જાહેર-જીવનનો પ્રારંભ-૨) — કાકાસાહેબ કાલેલકર ૧૫
મીઠો લીમડો (છાલો-પ્યાલો-મરીમસાલો-૫) — માધવ મો. ચૌધરી ૧૬
લંડનથી ન્યૂ યૉર્ક (જુગલ બંધી-૮) — ચં. ચી. મહેતા અને સુનીલ કોઠારી ૧૭
શતરંજના વિશ્વ વિજેતાઓ-૪ — સુરેશ મોદી ૨૦
ચાલો ક્રિકેટની કૉમેન્ટરી સાંભળીએ-૨ — ભરત ના. ભટ્ટ ૨૧
અંગ્રેજી સાહિત્યનું આચમન — ડૉ. મધુસૂદન પારેખ ૨૩
વિશિષ્ટ હસ્તવિનિયોગ (ભરતનાટ્યમ્-૭) — સુનીલ કોઠારી ૨૫
રાગ ઝિંઝોટી (સંગીત-સમજ-૨૩) — સાધુરામ ન્યા. યોધ ૨૮

વિભાગો

આ માસના આકાશમાં-૧ — ૨
ડૉક્ટરની સલાહ — ૧૪
કલાવાર્તા (પ્રફુલ્લા દહાણુકર) — ૨૭
પચ્ચીસ વર્ષ પહેલાં — ૨૯
સાહિત્યસંપર્ક (શબ્દકથા, અવલોકનો) — ૩૧
નાઝિર દેખૈયા (ઊર્મિની ઓળખ-૪૦) — જલન માતરી ૩૨
બકાન લીમડો (વૃક્ષ-વેલ પરિચય-૫) — ૩૪
માધુકરી (દિનેશચંદ્ર સેન, સ્વ. રાજાજી, ગણિતગમ્મત) — ૩૪
છેલ્લુ પાનું — ૩૭

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઇ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિ. ૧૪૫૪ રાયપુર. અમદાવાદ.
વાર્ષિક લવાજમ: રૂ. ૧૮-૦૦; પરદેશ: રૂ. ૨૮; યા પા. ૧-૬૦. યા ડૉ.૪ છૂટક નકલ: રૂ.૧-૭૫



આ માસના આકાશમાં (૧) જાન્યુઆરી–ફેબ્રુઆરી

ઈન્ટરનેશનલ ઍસ્ટ્રૉનૉમિકલ યુનિયને આકાશને મુખ્ય કુલ ૮૮ નક્ષત્રો-તારામંડળો (Constellations)માં વહેંચી, તેને તેનાં નામ આપ્યાં છે. આમ તો, તારાઓ અને તારામંડળોની ઓળખ બહુ પ્રાચીનકાળથી જાણીતી છે, પણ તેનાં નામ મુજબ એ તારામંડળોમાં કલ્પેલી આકૃતિઓ એક માત્ર 'વૃશ્ચિક' સિવાય કોઈ માં બંધબેસતી દેખાતી નથી. પણ જે તે નક્ષત્ર–વિસ્તારમાં યા તેની બહુ નજીકમાં આવેલી નિહારિકાઓના આકાર સાથે એ નામ ઘણું સામ્ય ધરાવતાં માલૂમ પડયાં છે. પરંતુ સામાન્ય વ્યવહારમાં તો તારાઓને જોડતી રેખાઓમાં જે તે નામ મુજબ આકાર બેસાડવાની કલ્પના જ પ્રચલિત રહી છે.

એ તો વિદિત છે કે આપણાં પંચાંગોમાં ૨૭ નક્ષત્રો અને ૧૨ રાશિની ગણતરી કરવામાં આવે છે. આ રીતે દરેક રાશિ સવા બે નક્ષત્રની થઈ. આ ૨૭ નક્ષત્ર અને ૧૨ રાશિનું એક પૂરું ચક્ર એટલે આપણું એક વર્ષ. પૂર્ણિમાની રાત્રે ચંદ્ર જે નક્ષત્રમાં ઊગે તે નક્ષત્ર પરથી આપણા વર્ષના બાર માસનાં નામ નક્કી થયાં છે. એ રીતે કૃત્તિકા પરથી કારતક, મૃગશીર્ષ પરથી માગશર, વગેરે. આ 'ચાંદ્ર–માસ' થયો. ચાંદ્રમાસ ૨૯ાા દિવસનો હોય છે, ને વર્ષ ૩૫૪ દિવસનું. જેમાં સૂર્ય એક રાશિમાં જેટલા દિવસ રહે તેટલો–એટલે કે ત્રીસ દિવસ ને સાડાદસ કલાકના સમયનો પણ એક માસ ગણાય છે ને એ રીતે વર્ષ ૩૬૫ાા દિવસનું. ચાંદ્ર ને સૌર ગણનાના આ તફાવતનો મેળ અધિક માસ દ્વારા મેળવી લેવાય છે. એની વિગત પછી. હાલ તો 'કૃત્તિકા' જોઈએ.

કૃત્તિકા એ વૃષભ રાશિનું એક નક્ષત્ર છે. બીજાં બે રોહિણી અને મૃગશીર્ષ. કૃત્તિકા મૂળ તો બસો જેટલા તારાઓનું એક ગુચ્છ છે. નરી આંખે તો એમાંના છ તારા જ જોઈ શકાય, ને નજર બહુ સારી હોય તો સાત. આ સાત તારાઓ, તે ગ્રીક પુરાણકથા પ્રમાણે ઍટલાસ અને સાગરદેવી પ્લિઓનની સાત પુત્રીઓ. યુરોપના દેશોમાં કૃત્તિકાનો ઉદય એટલે લણણીનો સમય અને એનો અસ્ત એ નવાં વાવેતરનો કાળ ગણાય છે. દરિયાખેડના આરંભ અને અંતનો સમય પણ કૃત્તિકાના દર્શન સાથે સંકળાએલો છે.

તારાઓનાં પૌરાણિક પાત્રોને નામ આપવાની પ્રથા આપણે ત્યાં પણ જાણીતી છે. પ્રાચેતસ દક્ષે સોમને આપેલી સત્તાવીશ કન્યાઓ (૨૭ નક્ષત્રો) માંહેની એકનું નામ 'કૃત્તિકા' છે. ચંદ્રનું એ ત્રીજું ઘર (અશ્વિની અને ભરણી પછી ત્રીજું નક્ષત્ર) ગણાય છે. કાર્તિકેયની માતાનું નામ પણ 'કૃત્તિકા' છે. વર્ષયંતિ, દુલા, ચુપૂણિકા, મેઘયતિ, અભ્રયંતિ, તિતસ્રી અને અંબા એ કૃત્તિકાના સાત તારાનાં નામ છે. એના તુરત દેખાતા છ તારાને અપ્સરા માની છે. ગ્રીક કથામાં પણ સાતમી બહેન (Merope)ને લજ્જાથી પોતાનું મોં છુપાવતી ગણી છે. કારણ, દેવપુત્રી થઈને પૃથ્વીના મર્ત્ય પુત્ર સાથે એ પરણી હતી.

લોકસમાજમાં મનાય છે કે 'કૃત્તિકા કરે કરવરૂ'–એટલે કે કૃત્તિકા નક્ષત્રમાં વરસાદ પડે તો વર્ષ ક્યાંક સારું ને ક્યાંક નબળું પાકે. ફલ-જ્યોતિષીઓ માને છે કે આ કૃત્તિકામાં જન્મનાર પુરુષ ઘણું ભોજન કરનાર અને તેજસ્વી થાય છે. વળી આ નક્ષત્રમાં થએલા રોગની પીડા નવ રાત્રિ સુધી ભોગવવી પડે છે. પણ આ બધી વિગતો અહીં અપ્રસ્તુત છે. અહીં તો એટલું જાણીએ કે આકાશમાં જે કેટલાંક તારાગુચ્છો (clusters) છે તેમાંનું 'કૃત્તિકા' એ ખુલ્લું (open) ગુચ્છ છે, તારાગુચ્છોમાં એકબીજાની અડોઅડ કે ઓછાવત્તા અંતરે દૂર દેખાતા અનેકાનેક તારા હોય છે જે આકાશમાં એકસાથે ગતિ કરતા દેખાય છે. કેટલાંક તારાગુચ્છ ટપકાં રૂપે યે નરી આંખે જોઈ શકાય છે. કૃત્તિકાનું ગુચ્છ આ રીતે દર્શનીય છે.

એક શિશિર રાતે / ઉશનસ્

· શિખરિણી ·

અહો, ચારે બાજુ સમયહીનતા સ્તબ્ધ, સ્થગિત
ચણાઈ ભીંતો શી અવિચલ ઊભી છે અડીખમ!
શું આ પ્રલ્લે મૂર્છા? ધરતી-ગતિ થીજી ગઈ, શકે?
—અને ત્યાં કાંડા પે 'ટિકટિક', અહો, સક્રિય કશું!
પથારીમાં થાતા શ્રવણ સરવા, હાશ—સમયનું
છૂપું કોઈ કેન્દ્ર ચહી લીધ ભૂગર્ભે ગતિશીલ!

અહો, આ કાંડા ને શ્રવણ બિચ બ્રહ્માંડ વિકસે:
રહું માણી આંખો મીંચી જ, લયમાં કાળખળકો!
ફૂટયાં આવે 'કટ્ટે' દિન, રજની, પ્રત્યૂષ ક્રમમાં,
ઋતુઓનું ચક્ર ક્રમતું કડીમાં 'કટ્ટ' ચીપ લૈ,
અહો, 'કટ્ટે કટ્ટે' કળી ફૂલ ફળી 'કટ્ટ' ખરતું!
સ્ખલે 'કટ્ટે' લોહી નસ મહીં, 'કટે' વક્ષ ધડકે!

ક્ષણો, માસો, વર્ષો, ભવ, યુગ, સ્વયં શાશ્વતી અહો
ખીલંતી આવે છે અવિરત અહીં કટ્ટ...કડીએ...

◁ કડકડતી ઠંડીની, સોપો પડી ગએલી રાતની નીરવતા કવિને, જાણે ચારે બાજુ સમયહીનતા ભીંતો જેમ અડીખમ ઊભી હોય એવી લાગે છે—જાણે કે ધરતીની ગતિ થીજી ગઈ છે અને બધે પ્રલયની મૂર્છા ફરી વળી છે... અને એવામાં કાંડા પરથી ઘડિયાળનો 'ટિક ટિક' અવાજ કાને પડે છે ને 'હાશ' થાય છે—સમયની ગતિશીલતાની પ્રતીતિ થવા સાથે કાંડા અને કાનની વચ્ચે આખું બ્રહ્માંડ વિલસી રહ્યું હોય એવો આનંદાનુભવ થાય છે. અને પછી તો એ 'કટ્ટે કટ્ટે' ક્ષણો, માસો, વર્ષો શું?—ખુદ શાશ્વતી જ અવિરત ખીલતી આવે છે. શિશિરની રાતનાં એક સૂક્ષ્મ સંવેદનનું ચોટદાર કાવ્ય.

ચાડિયાત આયખું / કનુ મહેતા 'વ્યોમ'

· ગાન ·

રાતે ને દિવસે બીજાની મરજીથી
ખોડાયા એક ઠામ રે'વું!
માણસનો પહેરવેશ પહેરાવી લોકોએ
નામે આપ્યું છે વળી એવું!

મૃત્યુની નીંદરમાં આઠે પહોર હોઉં
બીજાંને મન તો ય જાગું,
કરુણાથી નીતરતા કલબલતા આભ હેઠ
દયાહીન ઠઠ્ઠર હું લાગું;
ભ્રમણાની દુનિયામાં ઊડતાં-ફરતાંને
'મારું જીવતર નથી આ' કેમ કે'વું?

ફૂંડાં ડોલે ને મારું દંભીલું ડોલવું
એમાં છે કેટલો ય ફેર!
ત્રાસી ગયું છે હવે ચાડિયાત આયખું
વર્તાવી ખેતરમાં કેર;
હૈયું અકળાય મારું હરિયાળા મોલમાં
આમને'મ કેટલુંક સ્હેવું?

રે રેને તાકે છે ભાંભરતી ભૂખ અને
છીંડેથી અણધાર્યો જોઇને,
કહે છે કેટલો માણસનો વેશ મને
વેદના કે'વાતી નથી કોઇને;
હર્યાભર્યા ખેતરમાં ખાવું તો નૈં પણ
કોઇને ય ખાવા ના દેવું!

ચાડિયાના જડ અને પરાધીન જીવનના ચિત્રને સુંદર કલ્પનાઓ અને સચોટ બાનીમાં આલેખતા આ કાવ્યમાં અન્યોક્તિ દ્વારા કોઈ વિફલ જીવનની વેદના સૂચવી દીધી લાગે છે. શીર્ષક પણ કાવ્યની વ્યંજના ચોટપૂર્વક કહી જાય છે. 'કલબલતું આભ', 'ભાંભરતી ભૂખ' વગેરે દ્વારા પંખીઓ અને પશુઓનું નાવીન્યમય સૂચન સંતર્પક બની રહે છે. અંતે સ્વની જ વિડંબના કરીને વેદનાની સૂક્ષ્મતા અને તીવ્રતા સુપેરે સાધી છે.

દૃષ્ટિ / મદનકુમાર અંજારિયા 'ખ્વાબ'

· ગઝલ ·

જિંદગી સુધરી નહિ?—હરકત નહિ;
મોત સુધરે તો ય સારું, માનવી!

કોણ કોનું એ તણી પરવા ન કર,
શોચ કે, તું કોઇનો છે કે નહિ!

માનવીને—આમ તો જન્માંધ જે—
'આંધળી' દુનિયા થકી દૃષ્ટિ મળી!

ખોબલે પાયાં તને મેં આંસુડાં,
તો ય તું પ્યાસી રહી ઓ જિંદગી!

કેમ ગાઉં હર્ષ કેરું ગીત હું?—
દર્દની આવી પડે છે રાગણી!

ખુદ સહી ઈલ્જામ બસ ખારાશનો,
સાગરે વાદળ મહીં સીંચ્યું અમી!

જિંદગીનું 'ખ્વાબ' ભાસે સત્ય છે
દુર્ભાગ્ય કે સદ્ભાગ્ય તારું માનવી?

◁ આ દુનિયા ગમે તેવી છે તો પણ મનુષ્યને એમાંથી જ નવદૃષ્ટિ મળી રહે છે એ વાત ચાતુર્યોક્તિપૂર્વક કહીને મૃત્યુ સુધારવાની, પરગજુ થવાની, સ્વાર્પણની વગેરે વાતો પ્રાસાદિક બાનીમાં કહેતી ગઝલ.

હું / કરસનદાસ લુહાર

· મુક્તક ·

તારી કે મારી ભીંત પણ નડતી નથી હવે,
શ્વાસોમાં ફરફર્યા કરું હું વાયરા સમો.
એકાંતના ખરલમાં કસુંબા ઘૂંટાય છે,
છું એકલો ને તો ય પણ હું ડાયરા સમો!

આહ્વાન / 'શિલ્પિન' થાનકી

· ગઝલ ·

ગાંસડી અવસાદની છોડો હવે,
તાંતણા સંત્રાસના તોડો હવે;
ચાસમાં સીતા ફરીથી સળવળે,
હળ નવા આયાસનું જોડો હવે.

હું: એકલતાની વેદનામાં ખુમારી માણતું મુક્તક. આહ્વાન: ઉદ્બોધક-પ્રબોધક મુક્તક.

ધાકધમકી કે લોભલાલચને વશ થયા વિના સત્તારૂઢોની સામે પડીને સત્ય હકીકતોને પ્રકાશિત કરી અને એ માટે જેલ ભોગવીને પણ અંતે અખબારી સ્વાતંત્ર્ય સિદ્ધ કરનાર નિઃસ્વાર્થ નીડર

...the Question before the court and you gentlemen of the jury, is not of small nor private concern. It is not the cause of the poor printer, nor of New York alone, which yon are trying now; No ! It may in it's consequence, affect every Free man that lives under a British Government on the main of America, It is the best cause. It is the Cause of Liberty.'

પ્રસંગ છે ઈ. સ. ૧૭૩૫નો. ન્યૂ યૉર્કના ન્યાયમંદિરમાં એક વ્યક્તિ સામે મુકદ્દમો ચાલે. પ્રસિદ્ધ ધારાશાસ્ત્રી હૅમિલ્ટન બચાવ પક્ષે પોતાનું વક્તવ્ય પૂરું કરતાં કહે છે: 'નામદાર કોર્ટ સમક્ષ, અને જ્યુરીના આપ સજ્જનો સમક્ષ, જે સમસ્યા છે તે કોઈ મામૂલી કે ખાનગી મતલબની નથી. એક ગરીબ મુદ્રક કે કેવળ ન્યૂ યૉર્કને લગતો તમે આ કેસ નથી ચલાવી રહ્યા. ના! આખરે તો એ અંગ્રેજ સરકારના શાસન તળે રહેતા અમેરિકાની ભૂમિ પરના પ્રત્યેક મુક્ત માનવીને અસરકર્તા હશે. એ એક ઉત્તમ હેતુ છે. એ છે સ્વાતંત્ર્યનો હેતુ.'

આ ગરીબ મુદ્રક તે જ્હૉન પીટર ઝૅંગર. આમ તો એ ઈ. ૧૬૯૬માં જર્મની ખાતે પૅલેટિનેઈટના રૅજનિશમાં જન્મેલો. પણ એની પ્રવૃત્તિનું ક્ષેત્ર બન્યું અમેરિકા. કેવી રીતે? સ્વધર્મના રક્ષણ કાજે કેટલાક જર્મનો હોલૅન્ડ ગએલા. ત્યાં પણ એઓ પોતાનો ધર્મ પાળી શકે એવી અનુકૂળતા ન જણાઈ. આથી એઓ ગયા ઇંગ્લૅંડ. ત્યાં બેએક વર્ષ તો રહ્યા, પરંતુ નિર્વાહનો પ્રશ્ન ઊભો થતાં રાણી ઍને એ સૌ પરદેશી પ્રવાસીઓને અમેરિકા રવાના કર્યા. એ પ્રવાસીવૃંદમાં હતું ઝૅંગર કુટુંબ.

એ વર્ષ ઈ. ૧૭૧૦નું. ત્યારે પીટરની ઉંમર તો માંડ તેરની. હજી તો ઘોઘરો યે ફૂટ્યો ન હતો એવા આ કિશોર પર અમેરિકા પહોંચતાં પહેલાં જ આપત્તિનું નિર્માણ થઈ ચૂક્યું. એનો પિતા પ્રવાસમાં એ વહાણમાં જ મૃત્યુ પામ્યો. રહ્યાં પીટરની મા, અને નાનાં ભાઈ-બહેન. અમેરિકાને કિનારે તેઓ ઊતર્યાં ત્યારે પીટરને માટે એ ખરેખર 'નવી દુનિયા' હતી! કુટુંબનો એ તેર વર્ષનો સગીર 'વડીલ' પેટિયું રળવા માટે આથડવા લાગ્યો. અંગ્રેજી તો આવડે નહિ. જાણે માત્ર ડચ.

કામની શોધમાં રખડતાંરખડતાં એ એક છાપખાના પાસે જઈ પહોંચ્યો. માલિક હતો વિલિયમ ઍડફર્ડ. છાપખાનાની બહાર પીટર અને એનો નાનો ભાઈ ઊભા રહ્યા. છાપખાનાની કામગીરી જોઈને પીટર તો દંગ થઈ ગયો. આશ્ચર્ય અને આજીવિકાના આકર્ષણથી એને ત્યાં કામ મેળવવાનું મન થયું, અને એણે કામની માગણી કરી. 'અમારે હમણાં કોઈની જરૂર નથી,' ઍડફર્ડે જવાબ આપ્યો. હતાશ થએલો પીટર પાછો વળ્યો, પણ એનું હૈયું તો ચોંટ્યું હતું છાપખાનામાં. આ પછી કેટલોક સમય વીત્યો. એક દિવસ ઍડફર્ડનો પુત્ર સામે ચાલીને પીટરને કામે બોલાવવા ગયો. પીટરના ખુલતા સદ્‌ભાગ્યનું આ શુભ ચિહ્ન!

પીટરે તો ઍડફર્ડના કારખાનામાં એક શિખાઉ કારીગર તરીકે કામગીરી શરૂ કરી દીધી. એ છાપેલા કાગળોને સૂકવે અને સુકાએલા કાગળોની થપ્પીઓ કરે. દિલ પરોવીને એ કામમાં રસ લેતો થયો. એક વાર કાગળ ભરેલું ખોખું એનાથી પડી ગયું, પીટર આ ભૂલમાંથી ચોકસાઈ અને જવાબદારીનો પાઠ શીખ્યો. ખાવા-પીવા-રહેવાનું બધું જ હવે શ્રીમાન ઍડફર્ડને ત્યાં. પોતાના કામની ચોકસાઇ, ધગશ અને નિષ્ઠાને લઈને એ ઍડફર્ડ પરિવારમાં આપ્તજન સમો બની ગયો. વળી, આવા શિખાઉનો ખર્ચ સરકાર આપતી હતી. એની એક શરત એ હતી કે માલિકે આવા શિખાઉને લખતાંવાંચતાં શીખવવું. એ શરત અને સ્નેહથી ઍડફર્ડે પીટરને પ્રૌઢો માટેની રાત્રિશાળામાં મોકલ્યો ને પીટર ધીમેધીમે લખતાં-વાંચતાં પણ શીખી ગયો. આમ, લગભગ આઠ વર્ષ સુધી એ આ છાપકામ શીખતો રહ્યો. પછી ઈ. ૧૭૨૦માં એ નસીબ અજમાવવા ચેસ્ટર ટાઉન ગયો. ત્યાં બે વર્ષ રહ્યો. વળી પાછો એ મૂળ માલિક વિલિયમ ઍડફર્ડને ત્યાં આવ્યો. પણ હવે શિખાઉ તરીકે નહિ, ભાગીદાર તરીકે પાછો ફર્યો. આશા અને ઉત્સાહભર્યો પચ્ચીસ વર્ષનો એ યુવાન પરિશ્રમ અને પ્રામાણિકતાથી આ કક્ષા પર પહોંચ્યો.

ઍડફર્ડના છાપખાનામાંથી છૂટા થઈ મેરીલૅંડ ખાતે એણે સ્વતંત્ર દુકાન શરૂ કરી. દરમિયાન એણે જે છોકરી સાથે અગાઉ લગ્ન કર્યું હતું તે મૃત્યુ પામી એટલે ઍડફર્ડની ભાગીદારીમાં જોડાયા પછી એણે કૅથેરાઈન નામક ડચ કન્યા સાથે બીજી વારનું લગ્ન કરેલું. એટલે હવે સાસુ તથા બે સાળીઓ સાથેનો પીટરનો એ પરિવાર એક નાનકડા મકાનમાં રહેવા લાગ્યો. પૈસા તો હજી પણ પૂરતા ક્યાં હતા? છતાંય ગરીબાઈને આફત નહિ પણ આનંદ માની સૌ મસ્તીથી જીવતાં. ધાર્મિક પ્રકૃતિનાં પીટર અને કૅથેરાઈન દેવળમાં પ્રાર્થના કરી પ્રેરણા મેળવતાં અને દુકાનમાં પુરુષાર્થ કરી પ્રારબ્ધને ખીલવતાં.

એક વાર દેવળમાં પ્રાર્થનાપ્રસંગે ન્યૂ જર્સીના દેવળની ચર્ચા નીકળી. એ દેવળના ચારેક સભ્યોનું માનવું હતું કે ત્યાંના આગેવાનો જે માન્યતાઓ રજૂ કરતા તે સાચી નહોતી. આગેવાનો સામે અવાજ ઉઠાવવા બદલ પેલા ચાર સભ્યોને દેવળમંડળીમાંથી રદ કરવામાં આવ્યા. થોડા દિવસો બાદ આ કિસ્સાની હકીકત પેલા ચારેય સભ્યોએ પીટરને લખી જણાવી, વળી એમણે એ પણ સૂચવ્યું કે એ અહેવાલને પુસ્તિકારૂપે પ્રગટ કરવા પીટર શ્રી ઍડફર્ડને સમજાવે. પીટરે શુદ્ધ બુદ્ધિથી એ વાત ઍડફર્ડને કરી. એઓ કહે: 'મેં ઘણું છાપ્યું છે, પણ આ હું છાપી શકું તેમ નથી. કારણ કે આમાં તો સત્તારૂઢો સામે સૂર ઊઠેલો છે. છાપકામ કરનારાઓએ સત્તાધીશોની સામે પડવું ન જોઈએ.'

પીટર સાંજે ઘેર પહોંચ્યો તો પેલા દેવળના ચાર સભ્યો એની રાહ જોતા હતા. પીટરે એમને ઍડફર્ડનો નકારાત્મક જવાબ જણાવ્યો. પેલા લોકોએ પોતાનો શુદ્ધાશય જણાવતાં કહ્યું કે અમે તો લોકોને સત્યથી વાકેફ કરવા જ આ સમાચાર પ્રસિદ્ધ કરવા માગીએ છીએ. પીટરને એ હેતુ—લોકોને નિર્ભયપણે સાચથી વાકેફ કરવાનો–ગળે ઊતરી ગયો, અને એણે કોઈ પણ ભોગે એ પાર પાડવાનું બીડું ઝડપ્યું. પીટરની પત્ની કૅથેરાઈન આ બધું સાંભળતી હતી. તેણે પતિને પ્રોત્સાહન આપતાં કહ્યું: 'મેં થોડી બચત કરી છે તેમાંથી કાગળ ખરીદીએ અને ઍડફર્ડના છાપખાનામાં પુસ્તિકા છાપવાની એની પાસે પરવાનગી મેળવીએ તો કેમ?' બીજે જ દિવસે પીટરે ઍડફર્ડને વાત કરી. મંજૂરી મળી ગઈ. અને અમેરિકામાં અખબારી (વિચાર)સ્વાતંત્ર્ય માટેની લડાઈનો પીટર આમ પ્રથમ સેનાની થયો. સત્યના પ્રચાર માટેની વિશુદ્ધ મતિ, પત્નીનો ઉષ્માભર્યો સહકાર, ઍડફર્ડનો સાનુકૂળ પ્રતિભાવ: જાણે પીટર માટે નવા જ ભાવિના શ્રી ગણેશ મંડાયા!

પુસ્તિકા છપાઈ ગઈ. બધી જ નકલો ચપોચપ વેચાઈ ગઈ. સત્ય પ્રકાશમાં આવ્યું. કિસ્સો ચર્ચાયો. પરિણામ એ આવ્યું કે પેલા ચાર સભ્યોને ફરી પાછા દેવળમંડળીમાં દાખલ કરવા પડ્યા. જનશક્તિનો પ્રભાવ કેટલો છે તે સૌને સમજાયું. પણ આ જનમત જગાડ્યો કોણે! અલબત્ત, પીટરે. સત્તારૂઢો સામેની આ પુસ્તિકા પ્રગટ કરવાની પીટરની હિમ્મત સત્યના આગ્રહી મહાત્મા ગાંધી કે માર્ટિન લ્યુથર કિંગની યાદ તાજી કરાવે તેવી છે.

મુદ્રક **પીટર ઝૅંગર**

લેખક · ધીરુભાઈ પરીખ



પીટર ઝૅંગર અદાલતમાં

આ પુસ્તિકાની લોકપ્રિયતાથી પ્રોત્સાહિત થઈ બ્રેડફર્ડે એકાદ અખબાર શરૂ કરવાનો વિચાર વહેતો મૂક્યો. લોકો ખુશ થયા. એવામાં પરદેશથી આવતા માલ પર કર ન નાખવો જોઈએ એવી સરકારી નીતિ વિરુદ્ધનો એક લેખ ન્યૂ યૉર્કના વડા ન્યાયાધીશના દીકરા લૂઈ મૉરિસે બ્રેડફર્ડને છાપવા માટે આપ્યો. બ્રેડફર્ડે અખબાર તો પ્રગટ કર્યું, પણ સરકાર વિરુદ્ધનો પેલો લેખ છાપવાની એની હિમ્મત ચાલી નહિ. સરકારી ધમકીથી એ ગભરાઈ ગયો. પરંતુ આ સત્ય વાત રજૂ કરતો લૂઈ મૉરિસનો લેખ ન છપાયો તે પીટરને ખટક્યું. એને થયું કે જો મારું છાપખાનું હોય તો હું બધું જ છાપું અને લોકોને સત્યથી માહિતગાર કરું, અને આમ, એના ભાવિ સાહસના આ વિચારનાં બીજ રોપાયાં. ત્યારે તો એને આશા પણ નહોતી કે પોતે પોતાનું છાપખાનું કાઢી શકશે. પરંતુ સત્યમાં અડગ શ્રદ્ધા હોય છે તેને અચૂક સહાય મળી રહે છે. પોતાનો લેખ ન છપાયાથી નારાજ થયેલા મૉરિસને પીટરે કહ્યું: 'જો મારું પોતાનું છાપખાનું હોત તો કર વિષેનો તમારો લેખ જરૂર છપાયો હોત.' મૉરિસે કહ્યું: 'તો પછી તારું છાપખાનું તું શા માટે નથી કાઢતો?' પીટરે જવાબ આપ્યો: 'મેં અને મારી પત્નીએ જે રકમ બચાવી છે તે છાપખાનું શરૂ કરવા માટે જરૂરી મૂડીના માંડ અર્ધા ભાગ જેટલી છે.' તો 'બાકીના હું અને એલેક્ઝાન્ડર* આપીશું,' મૉરિસે જણાવ્યું. 'તું રફતે રફતે એ પાછા આપજે.'

બસ, પીટરને તો જાણે ભયો ભયો થઈ ગયું. એક પછી એક મુરાદ બર આવતી જતી હતી. અદમ્ય ઉત્સાહ અને અનહદ શ્રદ્ધાથી પીટરે પોતાનું છાપખાનું શરૂ કર્યું. એ વર્ષ ઈ. ૧૭૨૬નું. ત્યારે એક નાનકડી દુકાનમાં ભાઈની મદદથી એ છાપકામ કરતો. જૂના માલિક બ્રેડફર્ડથી જુદા થતાં એને લાગી તો આવ્યું, પણ સત્યના પ્રચાર માટે આવાં સાહસ અને હિમ્મત કર્યા વગર છૂટકો જ નહોતો. જો કે બ્રેડફર્ડે પીટરને સલાહ તો આપી જ: 'મને તો લાગે છે કે તારા આ વિચારોને તું વળગી રહેશે તો અમારે તને જેલમાં જ મળવા આવવાનું થશે!'

પણ પીટર તો પોતાની માન્યતામાં મક્કમ જ રહ્યો. પોતાના છાપખાનામાંથી એણે પ્રથમ પુસ્તિકા પ્રગટ કરી તે હતી લૂઈ મૉરિસની આયાતકર અંગેની માન્યતાની. આરંભમાં તો 'ઝૅંગર પ્રેસ'નું કામકાજ બરાબર ચાલ્યું. પરંતુ છાપકામની ધીમાશ, ભૂલો, પુસ્તકની ઢીલી બાંધણી વગેરેને કારણે કામ ધીમેધીમે મંદ પડ્યું. પણ પીટરની હામ મંદ નહોતી પડી. દરમિયાનમાં બ્રેડફર્ડના દીકરા ઍન્ડ્રુને બેન્જામિન ફ્રાંકલિનનો એક લેખ છાપવા બદલ જેલવાસ કરવો પડ્યો. તેથી બ્રેડફર્ડે દીકરા જેવા પીટરને પણ સલાહ આપી કે ઍન્ડ્રુના દૃષ્ટાંત પરથી તારે ધડો લેવા જેવો છે. પીટરની જગ્યાએ બીજો કોઈ સામાન્ય માનવી હોત તો હિમ્મત હારી જાત, પણ પીટરે તો પોતાનું કામ જારી જ રાખ્યું. ત્યાં વળી, બેન્જામિન ફ્રાંકલિને નવું અખબાર કાઢ્યું. તેની નકલ પીટરના હાથમાં આવી. એ ખૂબ સુઘડ હતી. પીટરને થયું કે મારી પાસે પૈસા હોય તો હું પણ આવું સારું અખબાર કાઢું. પતિના મનોબળનો અણસારો આવી જતાં જ પત્ની કૅથેરાઈને કહ્યું: 'આપણે પણ એક દિવસ આવું જ સારું અખબાર જરૂર કાઢીશું.' પીટરે ગ્લાનિને ખંખેરી નાખી કામ આગળ ધપાવ્યું.

થોડો વખત પસાર થઈ ગયો. ઇ. ૧૭૩૨નું વર્ષ આવી ગયું. ન્યૂ યૉર્કના ગવર્નરના દેહાંત પછી ઇંગ્લૅંડના શહેનશાહે કૉસ્બીને ગવર્નરપદે નિયુક્ત કર્યો. નવા ગવર્નરની વર્તણૂક કોઈને ગમતી નહોતી. એ સત્તાશોખીન અને સ્વાર્થી હતો, ઘમંડી અને ધનલોભી હતો. એની નિમણૂક પૂર્વે વચગાળાના ગવર્નરપદે આવેલા વાન ડેમ પણ કૉસ્બીની વિરુદ્ધ થઇ ગયો; કારણ કે વાન ડેમને મળેલો પગાર એણે પાછો માગ્યો. આ પગારની ગૂંચ ઉકેલવા એણે પોતાની સત્તાની રૂએ જ્યુરી વગરની નવી કોર્ટ સ્થાપી. વાન જરા ગભરાયો. એણે પીટરને વાત કરી. પીટરે પોતાનો અભિપ્રાય જણાવ્યો: 'ગવર્નરની આ નવી કોર્ટ ગેરવાજબી છે; કારણ કે જ્યુરી વગર કોઈ કોર્ટ નિર્ણય લઈ શકે જ નહિ.' વાને ઉમેર્યું: 'આવી માન્યતા ધરાવનારાઓના સંગઠનની જરૂર છે. આ કેસમાં આપણે સહુએ સંગઠિત થઈ વ્યવસ્થિત રીતે કંઈક કરવું જ પડશે.' આ કોર્ટની રચના ગેરકાનૂની છે એમ કહીને વડા ન્યાયમૂર્તિ મૉરિસે એમાં કામ કરવાની ના પાડી. પણ બ્રેડફર્ડે આ કશાનો ઈશારો સુધ્ધાં પોતાના પત્રમાં પ્રગટ ન કર્યો. ત્યારે કૅથેરાઇને દીર્ઘદૃષ્ટિથી પીટરને કહ્યું: 'વડા ન્યાયમૂર્તિ પણ ગવર્નરની વિરુદ્ધ છે એટલે હવે કંઈક અવનવું બનવાનું. આપણને આ બાબતમાં પત્રિકા પ્રગટ કરવાનું એમણે સૂચવ્યું છે ખરું!'

પીટર કહે: 'ના, પરંતુ આપણે જ એમને મળીને પૂછી જોઇએ તો કેમ! છાપા દ્વારા આપણે ન્યૂ યૉર્કની સેવા કરવાની તક મળશે.' પીટરને મન વર્તમાનપત્ર આમ જનસેવાનું સાધન હતું. આજે પણ વર્તમાનપત્રો હજી નિર્વ્યાજ પ્રજામુખ નથી રહી શકતા ત્યારે પીટરની આ ઉન્નત ભાવના આદરણીય બની રહે છે.

બીજે જ દિવસે જેઇમ્સ ઍલેક્ઝાન્ડર અને એમનો પુત્ર મૉરિસ પીટર ઝૅંગરના પ્રેસ પર પહોંચી ગયા. ગવર્નર કૉસ્બીની વર્તણૂક વિષે વિગતે ચર્ચા થઈ. પીટરે હિમ્મતપૂર્વક અભિપ્રાય વ્યક્ત કર્યો: 'મને લાગે છે કે એ પોતે શું કરી રહ્યો છે તેની એને પૂરેપૂરી સમજ લાગતી નથી.' પીટરની આ હિમ્મત જોઈ એલેક્ઝાન્ડર અને મૉરિસે એને આર્થિક સહાય આપી છાપું શરૂ કરવા સૂચવ્યું. પીટરે આ માગું વધાવી લીધું. એ જાણતો હતો જ કે સરકાર વિરુદ્ધ છાપવું તે એ દિવસોમાં આફતને નોતરવા જેવું હતું, છતાં એ જોખમને સત્યના રક્ષણનું ધર્મયુદ્ધ ગણી એણે અપનાવી લીધું. એ અફર નિર્ણય અનુસાર અખબારનો પહેલો અંક ઇ. ૧૭૩૩ના નવેમ્બરની પાંચમી તારીખે બહાર પડ્યો. એ અખબારનું નામ હતું: 'ન્યૂ યૉર્ક વીકલી જર્નલ.'

પહેલે જ ધડાકે એ અખબાર માટે ધર્મયુદ્ધ આવી પડ્યું. વેસ્ટચેસ્ટરની સિટી કાઉન્સિલના એક સભ્યનો સ્વર્ગવાસ થતાં એ જગ્યા પૂરવા ગવર્નર કૉસ્બીએ પોતાના તરફથી ફૉસ્ટર નામક એક શિક્ષકને ઊભો રાખ્યો. વિરોધી પૉપ્યુલર પાર્ટીએ ઊભા રાખ્યા ન્યાયાધીશ મૉરિસ-

---

* ન્યૂ યૉર્કના સુપ્રસિદ્ધ વકીલ જેઈમ્સ ઍલેક્ઝાન્ડર.



ઉદ્‌ગમકાળનું અખબારી છાપખાનું

ને. એક મતદારે મૉરિસની તરફેણ કરી (એ વખતે મતદારોએ પોતે જેને મત આપવા માગતા હોય તેની હારમાં ઊભા રહેવાનું હતું.) એટલે ગવર્નરના પક્ષકારોએ એની સામે વાંધો ઉઠાવ્યો. કારણ એ દર્શાવ્યું કે એ મતદાર પાસે પોતાની માલિકીની જમીન નહોતી. મતદારે પોતાની જમીન માલિકીની વિગત રજૂ કરી ત્યારે એને સોગંદ લેવાનું કહેવામાં આવ્યું. મતદાર ક્વેકર પંથી હતો, એટલે એ સોગંદ ખાઈ શકે નહિ. આથી ચૂંટણી અધિકારીએ એનો મત રદ ગણ્યો. મૉરિસે વાંધો ઉઠાવ્યો; પણ વ્યર્થ. અન્ય ક્વેકર મતો પણ રદ ગણાયા. છતાંય મૉરિસ ચૂંટાઈ આવ્યા, પાછળથી ભેદ ફૂટ્યો કે પેલો ચૂંટણી અધિકારી તો, મૉરિસ ન આવે એ માટે, ગવર્નર કૉસ્બીનો ફોડેલો માણસ હતો. પીટર ઝૅંગરને થયું કે આ કૌભાંડકથા અખબારમાં છાપવા જેવી છે કે જેથી પ્રજા સાચું શું છે તે સમજી શકે. ને આમ, 'ન્યૂ યૉર્ક વીકલી જર્નલ'ની પ્રથમ નકલ જ આમ સરકાર વિરુદ્ધ સમાચાર સાથે પ્રગટ થઈ.

ખબર પડતાં જ ઍંડફર્ડ પીટરને ત્યાં દોડી ગયા અને ગવર્નરનો આ ખોફ વહોરવા બદલ હવે એની બૂરી વલે થશે એમ સમજાવ્યું. હવે પત્ની કૅથેરાઈનને પણ ડર પેઠો. એ બોલી: 'મને ભય છે કે ક્યારેક તો આ લખાણો આફત નોતરશે.' નીડર પીટરે જવાબ આપ્યો: 'એથી ડરવાનું કોઈ કારણ નથી. આપણને સ્વતંત્ર રીતે બોલવાનો ય શું અધિકાર નથી?'

પીટરના આ અખબારનું શલ્ય કાઢવા એના છાપખાનાને સળગાવી દેવાનું કાવતરું વિચારાયું; પણ તે સફળ થયું નહિ. એની જાણ થતાં પીટરે એ કાવતરાને પણ પોતાના અખબારમાં પ્રગટ કર્યું. ગવર્નર કૉસ્બી હવે વધુ ને વધુ ધૂંધવાતો જતો હતો. એવામાં આવી ન્યૂ યૉર્ક શહેરની કાઉન્સિલની ચૂંટણી. પીટરને ફોડવા લાલચ અપાઈ. પણ પીટરે તો એને હસી કાઢી. અને જરા પણ મચક આપ્યા વગર પોતાનું ધર્મકાર્ય ચાલુ જ રાખ્યું. આ ચૂંટણીમાં ગવર્નરને અંગત રસ છે એવું પીટરે પોતાના છાપામાં પ્રસિદ્ધ કર્યું. ગવર્નર બરાબરનો રોષે ભરાયો. વળતે જ દિવસે પીટરની ધરપકડ કરવામાં આવી. 'સરકાર વિરુદ્ધ બદનક્ષીભર્યા, ઝેરી અને ઉશ્કેરણીજનક વિચારો પ્રગટ કરવા બદલ' એને ઈ. ૧૭૩૪ના નવેમ્બરની ૧૭મીએ જેલના સળિયા પાછળ ધકેલી દેવામાં આવ્યો.

એ પહેલાં પીટરને ધર્મચ્યુત કરવાના પ્રયાસો ખૂબ થએલા. ન્યાયાધીશ ડેલન્સીએ પીટરને કહેલું કે એના છાપામાં પ્રગટ થએલા સરકારની બદનક્ષી કરતા લેખોના લેખકો વિષે જો એ માહિતી પૂરી પાડે તો તેને ખૂબ મોટી રકમ આપવામાં આવશે. પણ પીટરે તો બેધડક જણાવી દીધેલું: 'પૈસા ખાતર હું જાત વેચીશ નહિ.' પોતે ગરીબ હોવા છતાંય લક્ષ્મી કરતાં લોકકલ્યાણનું, ફીકર કરતાં ફરજનું વધુ માહાત્મ્ય આંકી પીટરે પોતાનું ખમીર દર્શાવી આપ્યું.

પીટરને જેલના ભોંયતળિયે આવેલી એક ઓરડીમાં ગોંધી દેવામાં આવ્યો. એનાં કુટુંબીજનોને પણ મળવાની બંધી થઈ! કૅથેરાઈને આ વિતકકથા વકીલોને કહી સંભળાવી. બીજે જ દિવસે વગર પૈસે પીટરનો બચાવ કરવા ખ્યાતનામ વકીલો વિલિયમ સ્મિથ અને જેઈમ્સ ઍલેક્ઝાન્ડર આવી પહોંચ્યા. ઈ. ૧૭૩૫ના ઑગસ્ટની ચોથી તારીખે એનો ખટલો શરૂ થયો. એ મુકદ્દમો અખબારી સ્વાતંત્ર્ય માટે નિર્ણાયક હતો. વકીલ સ્મિથે પીટરને કહ્યું: 'તારા આ કેસના નિર્ણય પર તો એક મહત્ત્વની બાબતનો આધાર રહેવાનો છે કે અમેરિકાના લોકો ગવર્નરોની સત્તા તળે મુક્ત લોકો તરીકે જીવશે કે પછી ગવર્નર કૉસ્બી જેવાના પ્યાદાં જ બનશે.' પીટરે મક્કમપણે જવાબ આપ્યો: 'બીજાને મદદરૂપ થવાશે તો મારી યાતનાઓ અને તકલીફો લેખે લાગશે.'

મુકદ્દમો ચાલ્યો. આશા-નિરાશા વચ્ચે પીટરનું ભવિષ્ય ઝોલા ખાવા લાગ્યું. ત્યાં તો, લગભગ ૮૦ વટાવી ચૂકેલા વિખ્યાત અને અનુભવી જેફ વકીલ ઍન્ડ્રુ હૅમિલ્ટન પીટરનો બચાવ કરવા આગળ આવ્યા. એમની અસરકારક અને છટાપૂર્ણ દલીલોથી પીટર નિર્દોષ જાહેર થયો. જ્યુરીએ આપેલો આ ચુકાદો અમેરિકાની અખબારી આલમમાં એક સીમાચિહ્ન બની રહ્યો. જેલમાંથી મુક્ત થયા બાદ ન્યૂ યૉર્ક અને ન્યૂ જર્સીમાં મુદ્રક તરીકેની કામગીરી કરતાંકરતાં ૧૭૪૬ના જુલાઈની ૨૮મી તારીખે પીટરનું ન્યૂ યૉર્કમાં જ અવસાન થયું.

અખબારી સ્વાતંત્ર્ય માટે આજીવન ઝઝૂમનાર ઝૅંગર પ્રજાહિતના ધર્મયુદ્ધનો અણનમ યોદ્ધો હતો. સત્યને પ્રજા સમક્ષ પ્રગટ કરવાની પોતાની અખબારી ફરજ અદા કરવામાં જે જે વિઘ્નો અને જોખમો આવ્યાં તેનો એણે નીડરતાથી સામનો કર્યો. નાનપણથી જ પરિશ્રમ, હિમ્મત, ઉત્સાહ અને ધૈર્ય દાખવી એણે પોતાનું જીવનકાર્ય સિદ્ધ કરી બતાવ્યું. ધાક-ધમકી કે લોભ-લાલચને વશ થયા વગર કેવળ સત્યને વળગી રહેવાનો પોતાનો ધર્મ સમજી સરકારી બડેખાંની સામે બાથ ભીડીને એક અખબારનવેશનો સાચો જીવનરાહ શો હોઈ શકે એનું એણે અખબારી જગતમાં આદરણીય અને અનુકરણીય દૃષ્ટાંત પૂરું પાડ્યું છે. આજે વાણીસ્વાતંત્ર્યના યુગમાં પણ એક યા બીજા કારણે સત્ય ખાતર સત્તા સામે માથું ઊંચકવાની હિમ્મત ન દાખવનાર અખબારો માટે ઝૅંગરનું નિસ્વાર્થી, નીડર ને ન્યાયી જીવન પ્રવર્તક સમાન છે. પ્રજાકલ્યાણ માટે અખબારી સ્વાતંત્ર્યની આવશ્યકતા લેખતા ઝૅંગરના જીવનની સંઘર્ષકથા આજે પ્રાપ્ત થએલી અખબારી સ્વતંત્રતાનો સદુપયોગ કરવા પ્રેરે તો એણે વેઠેલી આફત અને યાતનાઓ લેખે લાગશે.

બદનામીનો બાદશાહ



લેખક **ધીરુભાઇ પરીખ**

પાર્શ્વગાન

વૈષ્ણવ જન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે,
પરદુઃખે ઉપકાર કરે તો યે મન અભિમાન ન આણે રે...

રામ : **રાષ્ટ્રપિતા** ગાંધીજી આવા એક પરમ વૈષ્ણવ જન હતા. પારકાની પીડા જાણવી અને પરદુઃખે દુઃખી થવું એમને માટે સહજ હતું. મૂગા પ્રાણીનું દુઃખ સુધ્ધાં એમને અકળાવી જતું. આ જુઓને, ઈ. સ. ૧૯૨૮નો જ એક પ્રસંગ. સાબરમતી આશ્રમમાં એક વાછરડો પીડાતો હતો. દુઃખથી એ કણસતો હતો. (વાછરડાનો અવાજ) બાપુ એ જોઈ ના શકયા. એઓએ જાણી લીધું કે એ રિબાતો વાછરડો મરવાને વાંકે જીવે છે. જો એ મરવાનો જ છે તો એને શા માટે વધારે પીડાવા દેવો ? આમ વિચાર કરીને બાપુએ તો—

શ્યામ : એને મરાવી નાખ્યો હતો એ પ્રસંગની જ વાત કરો છો ને ? એ બિચારા વાછરડાને ગોળીએ વીંધાવી નાખવામાં તમે ગાંધીજીનું વૈષ્ણવપણું જુઓ છો ? અહિંસાના પૂજારી ગાંધીની આ--

રામ : હા, એની એ અહિંસા જ. તમારી જેમ જ સમાજમાં એ વખતે તો ઘણાએ ઊહાપોહ કર્યો હતો. ગાંધી વિરુદ્ધ ઘણાએ ઘણું લખ્યું હતું. એ બધાનો રદિયો ગાંધીજીએ તત્કાલ આપ્યો હતો અને પોતાની અહિંસાની સમજ સ્પષ્ટ કરતાં કહ્યું હતું :

ઉક્તિ : 'સ્વાર્થને વશ થઈને ક્રોધમાં કોઈ પણ જીવને દીધેલું દુઃખ કે તેનું ઇચ્છેલું અનિષ્ટ કે પ્રાણહરણ તે હિંસા.' અને 'નિસ્વાર્થ બુદ્ધિથી શાંત ચિત્તથી કોઈ પણ જીવના ભૌતિક કે આધ્યાત્મિક ભલાને સારુ તેને દીધેલું દુઃખ કે તેનું પ્રાણહરણ શુદ્ધ અહિંસા હોઈ શકે.'

રામ : અહિંસાના આદર્શનો એમણે વ્યવહારમાં આ રીતે વિનિયોગ કર્યો હતો. એ વખતે એમના ચિત્તમાં સ્વાર્થ કે ક્રોધ નહોતા. વાછરડાનું પ્રાણહરણ કરાવીને એમણે એને દીર્ઘ કાલના દુઃખમાંથી ઉગારી જ લીધો હતો !

શ્યામ : ઠીક છે; આ પ્રસંગમાં તો તમે એમનો બચાવ કરી શકયા.

રામ : ના, ખુદ બાપુએ જ પોતાનો બચાવ કર્યો હતો.

શ્યામ : એ પણ સમજ્યા હવે. પરંતુ ચૌરીચૌરાનો પ્રસંગ તો તમને યાદ હશે જ.

રામ: હા, અસહકારની ચળવળ એ સમયે પૂરજોશમાં ચાલતી હતી-

શ્યામ : અને ત્યારે ઈ. સ. ૧૯૨૨ના ફેબ્રુઆરીની આઠમી તારીખે ગોરખપુર જિલ્લાના ચૌરીચૌરા ગામમાં કેટલાક કોંગ્રેસી સ્વયંસેવકો ભાન ભૂલ્યા. ('મારો ! મારો...જલાવી દો ! જલાવી દો' 'ભાગો ! ભાગો ...' વગેરે પોકારો) ભાન ભૂલેલા એ સ્વયંસેવકોએ ત્યાંની પોલીસચોકી બાળી. ૨૧ પોલીસના પ્રાણ લીધા.

રામ : અને એ સમાચારથી બાપુના અહિંસક હૈયા પર કારી ઘા પડ્યો. એમણે જોઈ લીધું કે લોકો હજુ એમની અહિંસાની ભાવનાને બરાબર સમજી શકયા નથી. એમને લાગ્યું કે અહિંસાની અપરિપકવ સમજ હોય ત્યાં સુધી સામુદાયિક સત્યાગ્રહનાં આવાં માઠાં પરિણામો આવવાનાં જ. વળી, સરકાર આવા અપરિપકવ સત્યાગ્રહીઓ સામે હિંસાનો આશ્રય લેવાની જ. પરિણામે આખાય દેશમાં હિંસાનું તાંડવ ખેલાવાનું. આથી, પરિસ્થિતિને પારખી લઈ ગાંધીજીએ સત્યાગ્રહને થંભાવી દીધો. ચૌરીચૌરાની એ હિંસક ઘટનાના પ્રાયશ્ચિત્ત રૂપે એમણે પાંચ દિવસના ઉપવાસ પણ કર્યા.

શ્યામ : પરંતુ એમણે પૂર જોશમાં ચાલતો સત્યાગ્રહ આમ એકાએક બંધ કર્યો, સમેટી લીધો એ એમનું અવિચારી પગલું નહોતું ? એ સમાચારથી તો પંડિત મોતીલાલ નેહરુ, દેશબંધુ ચિત્તરંજન દાસ, લાલા લજપતરાય વગેરે મોટામોટા દેશનેતાઓ પણ નારાજ થયા હતા.

રામ : હું એ પણ જાણું છું કે ચારે બાજુથી એમના પર ટીકાની ઝડીઓ વરસી હતી. આવી મોટી રાષ્ટ્રવ્યાપી લડતમાં ચૌરીચૌરાના પ્રસંગ જેવાં છમકલાં તો થવાનાં જ એમ પણ લોકોએ કહ્યું. હિંસા અને અહિંસાનું ગાંધીજી વ્યવહારુ અર્થઘટન નથી કરતા એવો પણ દોષ એમના પર ઠલવાયો. પરંતુ બદનામીથી ડરે તે સત્યાગ્રહનો ઉપાસક શાનો ? એમણે તો કહ્યું :

ઉક્તિ : 'હું એ સ્વપ્ન સેવી રહ્યો છું કે મારો દેશ અહિંસા દ્વારા સ્વતંત્રતા મેળવે અને હું આખા જગતને અસંખ્ય વાર કહેવા ઇચ્છું છું કે અહિંસા જતી કરીને હું મારા દેશની સ્વતંત્રતા નહિ મેળવું. મારું અહિંસા સાથેનું લગ્ન એવું અતૂટ છે કે મારી સ્થિતિમાંથી ચ્યુત થવા કરતાં હું આપઘાત કરવો પસંદ કરું.'

પાર્શ્વગાન : તારી જો હાક સુણી કોઈ ના આવે
તો તું એકલો જાને રે, એકલો જાને રે...

રામ : આમ તેઓ એકલપથવિહારી જ રહ્યા. કોઈના પણ અભિપ્રાયની પરવા કર્યા વગર એમણે કેવળ આત્માના અવાજને જ દાદ દીધી, અને તેને અનુસર્યા હતા. આ નાનો પ્રસંગ પણ કેવો સૂચક છે ? ત્યારે અમદાવાદમાં કોચરબ-આશ્રમ સ્થપાયાને થોડા જ મહિના થયા હતા. આશ્રમના નિયમોનું પાલન કરનાર હરિજનને પણ આશ્રમમાં દાખલ કરવામાં આવશે, એમ એમણે કહેલું. ત્યાં જ થોડા મહિનામાં અમૃતલાલ ઠક્કરનો પત્ર આવ્યો : 'એક ગરીબ અને પ્રામાણિક અંત્યજ કુટુંબ છે. તેની ઇચ્છા તમારા આશ્રમમાં આવીને રહેવાની છે. તેને લેશો ?' આ પ્રશ્નની ગાંધીજી પર શી અસર થઈ તે એમની આત્મકથામાંના તેમના જ શબ્દોમાં જુઓ :

ઉક્તિ : 'હું ભડક્યો ખરો. ઠક્કરબાપા જેવાની ભલામણ લઈને આવનાર અંત્યજ કુટુંબ આટલું વહેલું આવે એવી મૃદુલ આશા રાખી નહોતી. સાથીઓને કાગળ વંચાવ્યો. તેમણે વધાવ્યો. તે કુટુંબ આશ્રમના નિયમ પાળવા તૈયાર હોય તો તેને લેવાની તૈયારી ભાઈ અમૃતલાલ ઠક્કરને જણાવી.'

રામ : અને તરત દૂદાભાઈ, એમનાં પત્ની દાનીબહેન અને એમની ઘૂંટણીએ ચાલતી નાની દીકરી લક્ષ્મી આશ્રમમાં રહેવાં આવી ગયાં.

શ્યામ : ત્યારે પણ સારી પેઠે હોહા થએલી ને !

રામ : હા. આશ્રમને સહાય કરનાર મિત્રવર્તુળમાં ખળભળાટ મચી ગયો. એ હરિજન કુટુંબને કૂવે પાણી ભરવામાં પણ અડચણ પડવા લાગી. આશ્રમને આવતી પૈસાની મદદ બંધ થઈ ગઈ. બહિષ્કારની અફવાઓ પણ ચારે બાજુથી આવવા લાગી. અને થોડા જ વખતમાં આશ્રમનો વહીવટ કરતા ગાંધીજીના ભત્રીજા મગનલાલે ગાંધીજીને નોટિસ રૂપે જણાવ્યું કે, 'આવતે મહિને આશ્રમ ખર્ચ ચલાવવાના પૈસા આપણી પાસે નથી.' ગાંધીજીએ ધીરજથી જવાબ આપ્યો :

ઉક્તિ : 'તો આપણે અંત્યજવાડે રહેવા જઈશું.'

શ્યામ : આ બધું પેલા અંત્યજ કુટુંબનાં પ્રવેશને લઈને જ થયું ને ?!

રામ : હા.

શ્યામ : તો પછી આશ્રમની આરંભિક કારકિર્દીમાં અંત્યજ કુટુંબને પ્રવેશ આપીને ગાંધીએ આવું વિઘ્ન ઊભું ન કર્યું હોત તો ?

રામ : તમે ભૂલો છો. સ્વાર્થી વ્યવહારની વેદિ પર સ્વાર્થહીન

આદર્શોની આહુતિ આપે એ માટીનો ગાંધી ઘડાએલો નહોતો. એમની મક્કમતાથી બધું જ ધીમેધીમે થાળે પડી ગયું; જોકે ત્યારપછી યે અંત્યજોદ્ધારના પ્રયત્નોમાં એમને ઓછું સહન કરવું પડયું નહોતું. હરિજન-સેવાની પ્રવૃત્તિનો પ્રારંભ કર્યા પછી અનેક પંડિતો અને સનાતનીઓના થોકબંધ કાગળો એમના પર આવ્યા હતા. આવિરોધથીએમને લાગ્યુંકે...

ઉક્તિ : 'અસ્પૃશ્યતાના મહાભીષણ પાપનો નાશ કરવાને માટે તો મોટા પુણ્યનો પુંજ જોઈએ. એ મારામાં ન હોય, મારા સાથીઓમાં ન હોય તો એ ધર્મયુદ્ધ ચાલી શી રીતે શકે?'

રામ : આથી પોતાના અંતરાત્માના અવાજની પ્રેરણાથી આત્મ-શુદ્ધિ દ્વારા સહકાર્યકરોની શુદ્ધિ અર્થે ગાંધીજીએ ઈ. ૧૯૩૩ના મે મહિનાની આઠમી તારીખથી ૨૧ દિવસના ઉપવાસ કર્યા. ખૂબીની વાત તો એ હતી કે અનેક સનાતની મિત્રો અને અન્ય મહાપુરુષો ગાંધીજીની આ હરિજન-પ્રવૃત્તિને ધર્મયુદ્ધ નહિ, પરંતુ એક પ્રકારની રાજકીય પેંતરાબાજી જ—ત્રાગુ માનતા હતા. પરંતુ ગાંધીજી એનો ખુલાસો આપતાં કહે છે—

ઉક્તિ : 'ઉપવાસ કર્યા વિના હું બીજી કોઈ રીતે એ લોકોને સમજાવી શકું નહિ કે એને રાજકીય બાજી સાથે કશો સંબંધ નથી. એ શુદ્ધ ધાર્મિક પ્રવૃત્તિ છે?'

રામ : ઉપવાસ પછી એમણે બીજી હરિજનયાત્રા આરંભી. દેશમાં ખૂણેખૂણે એઓ ફરવા લાગ્યા. એમાં આવકાર પણ મળ્યો, ને અથડામણે ય થઈ. એ યાત્રામાં સનાતનીઓએ, પુરાણપંથીઓએ, અનેક અવરોધો નાખ્યા. ઠેર ઠેર ગાંધીજીનું અપમાન પણ થયું. કોઈએ એમને નાસ્તિક કહ્યા તો કોઈએ કહ્યા પાખંડી. કોઈએ કહ્યા પાપી તો કોઈએ કહ્યા ભ્રષ્ટ.

શ્યામ : અને મને લાગે છે કે જગન્નાથપુરીના મંદિરપ્રવેશ વખતે એમના પર હુમલો પણ થએલો.

રામ : હા, બરાબર છે. એથી યે આગળ વધીને ઈ. સ. ૧૯૩૪માં તો જૂનની ૨૫મી તારીખે, એમના પર પૂનામાં બૉંબ પણ ફેંકાયો. આમ છતાં તેઓ પોતાના ધર્મપથ પરથી ચળ્યા નહિ; કારણ—

પાર્શ્વગાન : સ્વધર્મે નિધનં શ્રેય: પરધર્મો ભયાવહ:

રામ : સ્વધર્મને છોડે તે કાયર. મરદ તો પોતે સ્વીકારેલા ધર્મકાર્યમાં મૃત્યુને પણ શ્રેયસ્કર જ માને.

પાર્શ્વગાન : ધીર ધુરન્ધરા, શૂર સાચા ખરા,
મરણનો ભય તે તો મન ના'ણે;
ખર્વ નિખર્વ દળ એક સામાં ફરે
તરણને તુલ્ય તેને જ જાણે...

રામ : જીવનમાં એમણે જેને ધર્મ માન્યો તેને, આપત્તિઓનાં આક્રમણો આવવા છતાં ય, એઓ વળગી રહ્યા હતા.

શ્યામ : તો પછી આવા ધર્મપુરુષે રાજકારણમાં ઝંપલાવવાની જરૂર જ નહોતી, એમ તમને નથી લાગતું?

રામ : ના. તમારા જેવી જ વિચારસરણી એ કાળે ઘણા ધરાવતા હતા. આ એક બે ઉદાહરણો જ જુઓને. એક રાજકીય પ્રતિનિધિમંડળમાં સભ્ય બનીને મહાત્માજી મિસ્ટર મૉન્ટેગ્યૂને મળવા ગએલા. મૉન્ટેગ્યૂએ ત્યારે મહાત્માજીને કહેલું: 'તમે તો સમાજસુધારક છો. દેશની રાજકીય પ્રવૃત્તિમાં ભાગ લેતા જોઈ મને આશ્ચર્ય થાય છે.' અરે ગાંધીજીએ જ્યારે અંગ્રેજ સરકાર સામે અસહકારનું આંદોલન શરૂ કર્યું ત્યારે આપણા સાક્ષર શ્રી નરસિંહરાવ ભોળાનાથ દિવેટિયાએ તા. ૫-૧૨-૧૯૨૦ના રોજ ગાંધીજી પરના એક પત્રમાં લખેલું, 'આપ આ વમળમાં કેમ પડયા? હું ઈશ્વર પાસે એ જ માગું છું કે આપ એમાંથી બહાર ધકેલાઈ જાઓ. અને આપનું મહાત્માપણું સાચવો. જિસસ પૉલિટિક્સમાં નહોતા પડયા. બુદ્ધ ભગવાન પૉલિટિક્સને અડકયા નહોતા.' આનો ખુલાસો ગાંધીજી આમ આપતા કે—

ઉક્તિ : 'આજની દુનિયામાં માણસની પ્રવૃત્તિ એક ને અવિભાજ્ય છે. તેમાં સામાજિક, આર્થિક, રાજદ્વારી અને શુદ્ધ ધાર્મિક એવા નોખા-નોખા ખંડ પાડી શકાય તેમ નથી.'

રામ : વળી, એમણે કહેલું કે:

ઉક્તિ : 'હું રાજકારણમાં ભાગ લેતો દેખાઉં તેનું કારણ એ જ છે કે રાજકારણ આપણને આજે નાગચૂડની પેઠે ઘેરી વળેલું છે. અને એ ચૂડમાંથી છૂટવા માણસ ગમે એટલું મથે તો પણ છૂટી શકતો નથી. હું એ નાગની સાથે બાથ ભીડવા માગું છું. હું રાજકારણમાં ધર્મને દાખલ કરવા મથી રહ્યો છું.'

રામ : જીવનના બીજા અનેક નાનાનાના પ્રસંગોમાં પણ ગાંધીજીએ અપ્રિયતાનો ખયાલ કર્યા વગર જ પોતાના પ્રયોગોનું સત્ય પારખીને એ સત્યના પ્રયોગો કર્યા છે. આરોગ્ય વિષેના એમના પ્રયોગોએ પણ એમને ઠીકઠીક લોકબત્રીસીએ ચઢાવ્યા હતા.

શ્યામ : માટી વિષેના એમના પ્રયોગો તોઊંટવૈદાની હદ સુધી પહોંચે તેવા છે, ખરું ને?

રામ : સાચું છે. ગાંધીજીનું કુટુંબ ભારતથી દક્ષિણ આફ્રિકા જઈ રહ્યું હતું. વચ્ચે વહાણમાં એમના ત્રીજા પુત્ર રામદાસનો મસ્તી કરતાં કરતાં હાથ ભાંગ્યો. કપ્તાને પાટો બાંધ્યો. જોહાનિસબર્ગ એ કિશોર રામદાસ ઊતર્યો ત્યારે બાપુને તો માટીનો પ્રયોગ કરવાનું એક સાધન મળી ગયું! એ પાટો દાક્તરની પાસે ખોલાવવાની સલાહ હતી છતાં ય ગાંધીજીએ તો એ બીતાંબીતાં પણ ખોલ્યો અને માટી મૂકવા માંડી. નસીબ પાધરું તે વળી જતે દહાડે ઘા રુઝાયો. બાકી એમના આવા પ્રયોગોથી સહુ ભડકતું.

શ્યામ : દક્ષિણ આફ્રિકામાં કસ્તૂરબાની માંદગીનો પ્રસંગ પણ કંઈક આવો જ છે, નહિ ને?

રામ : હા. એ પ્રસંગ પણ આવો જ છે. માંદગીમાં કસ્તૂરબા એટલાં બધાં નંખાઈ ગએલાં કે એમને માંસનો સેરવો આપવાની જરૂર દાક્તરને જણાઈ. દાક્તરે એ બાબત માટે ગાંધીજીની રજા માગી. ગાંધીજીએ જણાવ્યું :

ઉક્તિ : 'મારી પત્નીને હું કદી તેની ઇચ્છા વિના માંસ દેવા નહિ દઉં. તે ન લેતાં તેનું મૃત્યુ થવાનું હોય તો તે સહન કરવા તૈયાર છું.'

શ્યામ : પછી એમાં શું બન્યું?

રામ : એમાં તો ગાંધીજીની ઇચ્છા એ જ કસ્તૂરબાની ઇચ્છા. એ ધાર્મિક બાઈએ, બાપુએ એમને સ્વતંત્રતા આપ્યા છતાં ય માંસ લેવાની ના પાડી. આથી દાક્તર ખિજાયો. એણે કસ્તૂરબાને તરત જ પોતાને ત્યાંથી લઈ જવા જણાવ્યું; કારણ કે માંસનો સેરવો ખવડાવવાની પોતાની સલાહ વિરુદ્ધ દાક્તર કસ્તૂરબાની સારવાર કરવામાં જોખમ જોતો હતો. આ જોખમથી એણે ગાંધીજીને માહિતગાર પણ કર્યા. છતાં ય ગાંધીજીએ તો હિંમતભેર કસ્તૂરબાને દાક્તરને ત્યાંથી ઉપાડયાં. દાક્તર બાપુના આ વેદિયાવેડા જોઈ ઉશ્કેરાઈ ગયો. એણે પોતાનો પુણ્યપ્રકોપ આ પ્રમાણે ઠાલવ્યો: 'તમે તો ઘાતકી પતિ દેખાઓ છો. આવી માંદગીમાં તેને બીચારીને આવી વાત કરતાં તમને શરમ પણ ન થઈ? હું તમને કહું છું કે તમારી સ્ત્રી અહીંથી લઈ જવા લાયક નથી. એનાથી જરા પણ હડદોલો સહન થાય તેમ નથી. છતાં તમે હઠથી નહિ જ માનો તો તમે તમારા મુખી છો. મારાથી તેને સેરવો ન અપાય તો મારા ઘરમાં એક રાત રાખવાનું પણ જોખમ હું નહિ લઉં.'

શ્યામ : અને આવું ભયાનક જોખમ પણ એમણે ખેડયું?

રામ : હા. પોતાના નિષ્ઠાપૂર્વકના પ્રયોગોને તેઓ હઠપૂર્વક પણ વળગી જ રહેતા. બ્રહ્મચર્ય વિષેની એમની માન્યતા પણ ઘણાયને અ-

વ્યવહારુ લાગતી. પરંતુ તેઓ તો એને પણ દૃઢતાથી વળગી જ રહ્યા.

શ્યામ : એ કઇ માન્યતા, વળી?

રામ : વિવાહિત અવસ્થામાં પણ તેઓ બ્રહ્મચર્યનો આગ્રહ રાખતા. પિતાના મૃત્યુ સમયે તેઓ પત્ની સાથે વિલાસસુખમાં હતા. પરિણામે આખરી ક્ષણે એમને પિતૃવિયોગ થયો. આ વાતનો ખટકો એમને પેલા સૂરદાસની જેમ સતત રહ્યો હતો કે :

પાર્શ્વગાન : મો સમ કૌન કુટિલ ખલ કામી!
જિન તનુ દિયો તાહિ બિસરાયો
ઐસો નિમકહરામી!–મો સમ...

શ્યામ : એમની આ ખટકે જ કદાચ એમને બ્રહ્મચર્યના આવા આત્યંતિક ખયાલ તરફ પ્રેર્યા નહિ હોય?

રામ : એ ગમે તે હોય. પરંતુ એમની માન્યતામાં એ દૃઢ હતા. એઓ કહેતા કે—

ઉક્તિ : 'જે પરીક્ષામાં ઊભું રહી શકે નહિ અથવા પ્રસંગ આવ્યે કસોટીમાંથી છટકી જાય તે બ્રહ્મચર્ય નથી. સંપૂર્ણ બ્રહ્મચારીના દાખલામાં જાતીયતાનું પૂરેપૂરું જ્ઞાન હોવા છતાં એવી જ બાળસહજ નિર્દોષતા હશે. માણસ શારીરિક રીતે કે માનસિક રીતે જરાસરખો પણ ક્ષુબ્ધ થયા વિના સૌથી ખૂબસૂરત અપ્સરાની સાથે પણ સૂઈ શકે ત્યારે એ સ્થિતિ સિદ્ધ થઈ કહી શકાય.'

રામ : પોતાના આ સંયમને કસોટીમાં નાખવાના પ્રયોગો એમણે છેક સુધી ચાલુ રાખ્યા હતા. મનુબેન ગાંધી સાથેના એમના સહશયનના પ્રયોગોએ અકલ્પ્ય ચર્ચા જગાવી હતી. આર્થર કયસ્લર જેવા તો દાઢમાં બોલે છે કે 'રાજકારણમાં ગાંધીજી હમેશાં બાંધછોડ કરવાનું વલણ ધરાવતા, પણ બ્રહ્મચર્યની બાબતમાં જેમજેમ વરસો જતાં ગયાં તેમ તેમ તેઓ વધુ ને વધુ ઝનૂની બનતા ગયા. સ્ત્રીઓને વશ કરવાની તેમની કહેવતરૂપ થઈ ગએલી શક્તિનો ઉપયોગ તેઓ સ્ત્રીઓ પાસે બ્રહ્મચર્યનું વ્રત લેવડાવવામાં કરતા—પછી પતિ સંમત હોય કે ન હોય! એ રીતે એમણે ઘણાં લગ્નોને ખરાબે ચડાવી ભુક્કો કરી નાખ્યાં હતાં અને બીજાઓને કાયમના દુઃખી કર્યા હતા. આપણે એમ પણ કહી શકીએ કે ગાંધીજીની બૂરખા નીચે આવતી જુવાન સ્ત્રીઓને તેઓ લલચાવીને બ્રહ્મચારિણી બનાવતા હતા.' એ જ લેખમાં મનુબેન ગાંધી વિષે આર્થર કયસ્લર અન્યત્ર લખે છે : 'બ્રહ્મચર્યની શોધમાં ચાલતા પ્રયોગો માટે વપરાએલું એ છેલ્લું પ્રાણી હતું.'

શ્યામ : આવી બદનામી?!

રામ : હા. પણ સત્યનો સાધક હમેશાં બદનામીથી પર જ રહ્યો છે. આચાર્ય કૃપલાની પરના એક પત્રમાં મહાત્માજી લખે છે :

ઉક્તિ : 'મનુ ગાંધી મારી પૌત્રી. મારી સાથે એક પથારીમાં સૂએ છે. આને કારણે મારે પ્રિયમાં પ્રિય સાથીઓને ખોવા પડ્યા છે. આ બાબત વિષે મેં ઊંડામાં ઊંડે ઊતરી વિચાર કર્યો છે. આખી દુનિયા મારો ત્યાગ કરે તો યે હું જેને સત્ય માનું છું તેનો ત્યાગ ન કરી શકું.'

રામ : કુટુંબનિયોજનની બાબતમાં પણ એમનાં મંતવ્યો આગવાં હતાં. કુટુંબનિયોજનની પહેલ કરનાર ડૉ. માર્ગેરેટ સૅંગર ઈ. સ. ૧૯૩૬માં ગાંધીજીને મળ્યાં. હિંદુસ્તાન અને અન્ય દેશોમાં જે રીતે વસ્તી વધી રહી છે તેની ભયાનકતા સમજાવી. એમણે ગાંધીજીને કહ્યું કે, 'હજારો–કરોડો માણસો તમારા શબ્દને સંતનો શબ્દ માને છે.' આ રીતે એમણે સંતતિનિયમનમાં ગાંધીજીને સહાયભૂત થવા સમજાવ્યા. પરંતુ તેઓ તો ધર્મ અને નીતિના પરિઘમાં જ આ બાબતનો વિચાર કરનારા હતા. સંતતિનિયમનની કૃત્રિમ પદ્ધતિઓના તેઓ વિરોધી હતા. તેઓ કહેતા–

ઉક્તિ : 'ગમે એવા સારા હોય, તો પણ કૃત્રિમ ઉપાય હાનિકારક છે. તે પોતે કદાચ હાનિકારક ન હોય પણ વારંવારના ઉપયોગને પરિણામે કામવાસના પ્રબળ થાય છે એટલે તે હાનિકારક છે.'

શ્યામ : આ ખ્વાબી ખ્યાલમાં એઓ વાસ્તવિકતા ભૂલી જતા હતા!

રામ : તો તો પછી ખાદી અને ગ્રામોદ્યોગની હિમાયતમાં પણ ખ્વાબી ખયાલો જ એમણે સેવ્યા હતા એમ જ તમે કહેવાના.

શ્યામ : જરૂર. જુઓને કવિવર રવીન્દ્રનાથ ટાગોરે જ એનો વિરોધ નહોતો કર્યો? ઈ. સ. ૧૯૨૧માં વિદેશી કાપડની હોળીનો નાદ અને સ્વદેશીનો આગ્રહ ગાંધીજીએ પ્રચારમાં મૂક્યો ત્યારે ટાગોરે કહ્યું : 'અમુક પ્રકારનું કાપડ વાપરવું કે લેવાની ના પાડવી એ મુખ્યત્વે કરીને અર્થશાસ્ત્રનો પ્રશ્ન છે. એટલે આપણે દેશબંધુઓએ એની ચર્ચા અર્થશાસ્ત્રની ભાષામાં કરવી જોઈતી હતી. જો આપણા દેશના મગજને એવી ટેવ પડી ગઈ હોય કે તે ચોક્કસપણે વિચાર કરી જ ન શકે તો આપણી પહેલી લડત એ જીવલેણ ટેવ સામે હોવી જોઇએ. પણ એમ કરવાને બદલે વિદેશી કાપડ અપવિત્ર છે એમ કહીને આપણે એ ટેવને પાકી કરીએ છીએ. આમ અર્થશાસ્ત્રને ફગાવી દઈને તેને સ્થાને બનાવટી નૈતિક સૂત્રને ઘસડી લાવીને બેસાડવામાં આવે છે. અમને અમારું વિદેશી કાપડ બાળી મૂકવાની આજ્ઞા કરવામાં આવી છે. હું પોતે એ પાળી શકું તેમ નથી.'

રામ : એમની આ સ્વદેશીની ચળવળને, ગ્રામોદ્યોગની વિચારસરણીને ઘણા લોકો મધ્યયુગીન માનતા. ઝડપથી આગળ વધી રહેલા આ વિજ્ઞાન યુગમાં ખાદી અને રેંટિયાનું અસ્ત્ર તો કાલગ્રસ્ત છે એમ લોકોને લાગેલું. પરંતુ સ્વતંત્ર ભારતની ત્રણ ત્રણ પંચવર્ષીય યોજનાઓ પછી ગાંધીજીની એ અપ્રિય જિદનો મહિમા હવે સમજાયો છે.

શ્યામ : કઈ રીતે?

રામ : જુઓને, વિશ્વવિખ્યાત અર્થશાસ્ત્રી ગુન્નાર મિર્ડાલ પોતાના 'એશિયન ડ્રામા' નામક પુસ્તકમાં જણાવે છે કે : 'વર્તમાન ગૃહોદ્યોગોની સીધી સ્પર્ધા કરતા મોટા ઉદ્યોગોનો વિકાસ કરવાથી લાખોકરોડો લોકો જેમની પાસે કામ મેળવવાનું કે આવકનું બીજું કોઈ તાત્કાલિક સાધન નથી તેમની રોજીરોટી છીનવાઇ જશે.' વળી પ્રસિદ્ધ અંગ્રેજ અર્થશાસ્ત્રી જી. ડી. એચ. કોલ આ વિષે જણાવે છે કે : 'ખાદીઉદ્યોગના વિકાસ માટે ગાંધીજીએ ઉપાડેલું આંદોલન એ કંઈ ભૂતકાળને પુનઃપ્રતિષ્ઠા આપવા માગતી કે કંઇક અવનવું કરી બતાવવાની ધૂનવાળી વ્યક્તિનું ઘેલું ન હતું. પરંતુ એ તો ગરીબીમાં રાહત આપવાનો તથા ભારતીય ગ્રામવાસીઓનું જીવનધોરણ ઊંચું લાવવાનો એક વ્યાવહારિક પ્રયત્ન હતો.' લુઈ ફિશર પણ કહે છે કે : 'ગાંધીજીની ખાદી, ગ્રામોદ્યોગ અને યંત્રવિરોધની વાતો યથાર્થપણે સમજાઇ નથી અને નાહકની હસી કઢાઈ છે.'

શ્યામ : હિંદુ મુસ્લિમ ઐક્યની બાબતમાં પણ એમના વિચારોનો વિરોધ થયો હતો, ખરું ને?

રામ : હા; એ બાબતમાં જ એમના અહિંસાધર્મની ખરી કસોટી તેઓ માનતા હતા. 'આત્મકથા'માં તેઓ લખે છે—

ઉક્તિ : 'હિંદુ-મુસલમાન વચ્ચે ખરી મિત્રાચારી નથી; અને મારી અહિંસાની કસોટી ને તેનો વિશાળ પ્રયોગ આ ઐક્યને અંગે થવાનાં છે.'

રામ : હિંદુ-મુસલમાન ઐક્ય વગર 'સ્વરાજ આકાશકુસુમવત્' છે એવી પ્રતીતિ એમને થઈ ચૂકી હતી અને એ બંને કોમોને એકતાના તાંતણે બાંધવાના પ્રયાસો એમણે છેક દક્ષિણ આફ્રિકાથી જ આદરેલા.

શ્યામ : પરંતુ એ આદર્શમય ભાવનામાં ખેંચાઈને વિશાળ હિંદુ સમાજનું દિલ એમણે દુભાવ્યું હતું તે તો તમે જાણતા હશો.

રામ : તમે ક્યા પ્રસંગની વાત કરો છો?

શ્યામ : કેમ, ગોવધ અને મુસલમાનો વિષે ગાંધીજીએ ઉચ્ચારેલા શબ્દોનું તમને સ્મરણ નથી? એમણે કહેલું કે—

ઉક્તિ : 'ગાયને બચાવવા માટે મુસલમાનની હિંસા કરવી એ કેવળ અધર્મ છે.'

શ્યામ : વળી, આગળ ચાલીને એ કહે છે :

ઉક્તિ : 'ગાયની રક્ષાનો ઉપાય એક જ છે કે મારે મારા મુસલમાન ભાઈની પાસે હાથ જોડવા અને તેને દેશને ખાતર ગાયને બચાવવા સમજાવવું. જો તે ન સમજે તો મારે ગાયને જતી કરવી...કેમ કે તે મારા અખત્યારની વાત નથી. જો મને ગાયની ઉપર અત્યંત દયા આવતી હોય તો મારે પ્રાણ દેવો, પણ મુસલમાનનો પ્રાણ લેવો નહિ. આ ધાર્મિક કાયદો છે એમ હું માનું છું.'

શ્યામ : આ રીતે એમણે મુસલમાનોને થાબડીને બહેકાવ્યા જ હતા એમ તમને નથી લાગતું?

રામ : ના. મને એમ નથી લાગતું. કારણ કે તેઓ દીર્ઘદૃષ્ટિવાળા હતા. કોમવાદની સંકુચિત ગ્રંથિથી તેઓ પીડાતા નહોતા. પોતાનું મંતવ્ય પ્રગટ કરવામાં તેઓ સ્તુતિ કે નિંદાની પરવા કરતા જ નહોતા.

પાર્શ્વગાન : કોઈ વન્દો કોઈ નિન્દો કોઈ કૈસે કહો રે
રઘુનાથ સાથે પ્રીત બાંધી હોય તૈસે હોય સે...કોઈ વન્દો...

રામ : ઘટઘટમાં વ્યાપેલા રઘુનાથ સાથે એમણે તો બાંધી હતી પ્રીતિ. પછી એમની વ્યવહારરીતિ સ્તુતિ-નિંદાની દરકાર જ શાની કરે?

શ્યામ : માટે જ એમણે ઈ. સ. ૧૯૨૦માં ખિલાફતના પ્રશ્ન પર બદનામી વહોરી લીધી હતી ખરું ને?

રામ : તમારો કટાક્ષ વિફલ છે; કારણ કે બદનામીની બીકથી એમણે ક્યારે ય આત્માના અવાજને દબાવ્યો નહોતો.

શ્યામ : ૧૯૨૦માં ખિલાફતની ગાદી રદ કરવાના અંગ્રેજોના અન્યાયથી ભારતના મુસલમાનોની ધાર્મિક લાગણી દુભાઈ હતી. વળી તેથી મુસલમાન આગેવાનોએ ગાંધીની સહાય માગી ત્યારે ગાંધીના અંતરાત્માનો અવાજ—

રામ : અલબત્ત, મુસલમાનોને મદદ કરવાનો જ હતો. એમણે ખિલાફતના એ પ્રશ્નને અસહકારની લડતમાં આમેજ કરી દીધો. મુસ્લિમોને આ ધર્મસંકટમાં મદદ કરવાની ગાંધીજીએ હિંદુઓને અપીલ કરી.

શ્યામ : ત્યારે વ્યવહારદક્ષ નેતાઓએ અને ખાસ કરીને શ્રદ્ધાનંદજીએ તો કહ્યું'તું પણ ખરું કે આ તકનો લાભ લઈ મુસલમાનો પાસે ગોરક્ષાની શરત કબૂલ કરાવી લેવી, અને ત્યાર બાદ જ મદદ કરવી.

રામ : પરંતુ ગાંધીજીને એ સોદાબાજી ગમી નહિ.

શ્યામ : એને તમે સોદાબાજી કહેશો કે વ્યવહારકુશળતા?

રામ : સોદાબાજી જ. કારણ કે સંકટને લઇને આશ્રયે આવેલાની પાસે સ્વાર્થબુદ્ધિથી પ્રેરાઈ કોઈ પણ શરત કબૂલ કરાવી લેવી તે સોદાબાજી નહિ તો બીજું શું કહેવાય? અહિંસાની એમની સૂક્ષ્મ સમજને આવી વાત જચે જ નહિ. આથી જ 'આત્મકથા'માંના એમના આ વિચારો સાંભળવા જેવા છે—

ઉક્તિ : 'જો ખિલાફતમાં વજૂદ હોય, તેમાં સરકાર તરફથી ગેરઇન્સાફ થતો હોય, તો હિંદુઓએ મુસલમાનોને સાથ આપવો જોઇએ. એની સાથે ગોરક્ષા જોડી દેવાય નહિ. અને જો હિંદુઓ કંઈ શરત કરે તો તે ન શોભે. પડોશી અને એક જ ભૂમિના હોવાને લીધે અને હિંદુઓની લાગણીને માન આપવાને ખાતર તેઓ સ્વતંત્ર રીતે ગોવધ બંધ કરે એ તેમને શોભે, એ તેમની ફરજ છે.'

શ્યામ : આવો એકતાનો સંદેશો એમણે આપ્યો છતાંય ઈ. સ. ૧૯૨૪માં ઉત્તર પ્રદેશના કોહાટમાં હિંદુ-મુસ્લિમ હુલ્લડો થયાં અને ગાંધીને ૨૧ દિવસના ઉપવાસ કરવા પડ્યા એ એમની અસફળતા નહિ?

રામ : નિષ્ફળ જવું એ એક વાત છે અને નિરાશ થવું તે બીજી. એમણે ભારતના ખૂણેખૂણેથી અલગઅલગ સંપ્રદાયના આશરે ૩૦૦ જેટલા પ્રતિનિધિઓને દિલ્હી તેડાવ્યા. એમાં હતાં વડા પાદરી ડૉ. વેસ્ટકોટ, શ્રીમતી ઍની બેસન્ટ, અલીભાઇઓ, સ્વામી શ્રદ્ધાનંદજી અને પંડિત મદનમોહન માલવીયજી. એકવીસ દિવસના ઉપવાસને અંતે સર્વધર્મ-પ્રાર્થના બાદ ગાંધીજીએ સૌને જણાવ્યું—

ઉક્તિ : 'હિંદુ-મુસલમાન ઐક્ય મારે માટે આજની વાત નથી... એની જ લગની મને લાગેલી છે. છતાં મને એમાં સફળતા નથી મળી. આજે તમારી પાસે વચન માગી લઉં છું કે તમે હિંદુ-મુસલમાન ઐક્યને માટે મરશો. મને તો લાગે છે કે ઐક્ય ન સાધી શકાય તો હિંદુ ધર્મ નકામો થાય. ઈસ્લામ પણ નકામો થાય એમ કહેવાની હિંમત ધરું છું.'

શ્યામ : આમ છતાં ય હિંદુ-મુસ્લિમના સહ-અસ્તિત્વની બાબતમાં તેઓ સફળ તો ન જ થયા ને?

રામ : એ માટે અંગ્રેજોની રાજરમત પણ કંઈ ઓછી જવાબદાર નથી. ભાગલા પાડીને રાજ કરવાની એમની નીતિએ મુસલમાનોને પૂરેપૂરા ચગાવી માર્યા હતા.

શ્યામ : અને અંતે ગાંધીની ઇચ્છા વિરુદ્ધ, દેશના ભાગલા પણ થયા.

રામ : હા.

શ્યામ : અને છતાં ય, ગાંધી જાણે હિંદુ-મુસલમાનોની એકતાના નિષ્ફળ પ્રયાસોથી ન ધરાયા હોય તેમ ભાગલા વખતે પાકિસ્તાને ભારત પાસે કાઢેલું પંચાવન કરોડનું માતબર લેણું એમણે ભારતની સરકાર પર દબાણ કરીને અપાવ્યું.

રામ : હું જાણું છું કે એથી ભારતમાં કોમવાદી તત્ત્વો તેમજ વ્યવહારુ હોવાનો દાવો કરતા કેટલા યે રાજદ્વારી માણસો ગાંધીજી પર ક્રોધે ભરાયા હતા. 'હિંદુ મહાસભા' અને 'રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ' જેવી સંસ્થાઓ તેમજ બીજા અસંખ્ય હિંદુઓને લાગ્યું હતું કે ગાંધીજી મુસલમાનો તરફ વધુ પડતા ઢળે છે.

શ્યામ : મુસલમાનો પ્રત્યેની એમની ઉદારતા અસહ્ય હતી. હિંદુઓનાં ન્યાયી હિતોને ભોગે પણ તે એમ કરી રહ્યા હતા.

રામ : તેમ ઘણા લોકોને લાગતું હતું કે આ માર્ગેથી એમને વેળાસર અટકાવવા જ જોઈએ. જો એમ નહિ કરવામાં આવે તો વિશાળ હિંદુ કોમનાં વાજબી હિતો જોખમાશે. એટલે એ સૌ એકત્ર થઇને ગાંધીજીની એ ઉદાર ધર્મપ્રવૃત્તિને અટકાવવા ગતિશીલ બન્યા.

શ્યામ : અને છતાં ય ગાંધીએ કશું જ ગણકાર્યું નહિ એમાં એમની હઠ-અવળચંડાઈ નહિ?

રામ : નહિ જ. અબુધ બાળહઠ અને સ-બુધ સત્યાગ્રહમાં ઘણો ફરક છે. અબુધ બાળક પોતાની હઠના પરિણામથી અભાન હોય છે. સ-બુધ સત્યાગ્રહી પરિણામથી સ-ભાન હોય છે. ધર્માંધનું ઝનૂન અને ધર્મજ્ઞનો અત્યાગ્રહ બંને જુદી બાબત છે. ધર્મજ્ઞના અત્યાગ્રહમાં તો વિવેક, સહિષ્ણુતા અને પ્રેમ હોય છે; જ્યારે ધર્માંધના ઝનૂનમાં અવિવેક, અસહિષ્ણુતા અને દ્વેષ હોય. ગાંધીજી પોતાની બદનામીમાં પણ સ-બુધ સત્યાગ્રહી અને ધર્મજ્ઞ અત્યાગ્રહી હતા. અને એટલે જે પરિણામ આવવું જોઈતું હતું તે જ આવ્યું. ધર્મજ્ઞ ગાંધીજીનો ધર્મઝનૂને પ્રાણ લીધો. ત્રીસમી જાન્યુઆરી ૧૯૪૮ની સાંજે એમણે કોમવાદની વેદિ પર આત્મ-બલિદાન આપ્યું. એ બદનામ બાદશાહે પોતાની બદનામ પ્રવૃત્તિઓ પર આત્માની આહુતિનો સુવર્ણકળશ ચડાવ્યો.

પાર્શ્વગાન : રઘુપતિ રાઘવ રાજા રામ, પતિતપાવન સીતા રામ;
ઈશ્વર-અલ્લાહ તેરે નામ, સબકો સન્મતિ દે ભગવાન.



ઝવેરચંદ મેઘાણીનું જીવનચિત્ર

કસુંબલ રંગ

૬] ગતાંકથી ચાલુ

લેખક : કનુભાઈ જાની

એનાં માતપિતાને મળવા ય પછી ગયો; પહેલાં મને મળવા આવ્યો.–એમ પોરસાતા ગુલાબચંદભાઈને હું સાંભળતો હતો. વાત હતી એ રાતની જ્યારે વિલાયતથી પાછો ફરેલ પોતાનો મિત્ર, કલકત્તા જતાં પહેલાં થોડા દિવસ સ્વજનોને મળવા કાઠિયાવાડ તરફ આવેલો; તેમાંય માતપિતા પાસે જતાં પહેલાં વડિયા આ મિત્રને મળવા ઓચિંતો આવી ચડેલો. એ રાતની વાત નીકળતાં હું ઉત્સુક બન્યો: 'તે રાતે હું, મારાં પત્ની ને ઝવેરચંદ આખી રાત બેઠેલાં ને ગપ્પાં મારેલાં. વચમાં એક વાર ચા પીધેલી. એ ઇંગ્લૅન્ડથી નીકળ્યો તે છેક ભારત પહોંચ્યો ત્યાં સુધીની સ્ટીમરની મુસાફરીનું વર્ણન મિત્રોને વંચાવવા એણે લખેલું. એ ત્યારે એણે વાંચી બતાવ્યું.'

મને થયું હવે આ ઇંગ્લૅંડ-પ્રવાસની વિગતો મળશે. મારી ઉત્સુકતા વધી. ક્યારેક શ્રોતાના ચૂપકીભર્યા ધીમા ઉત્કંઠ હોંકારાથી મળે છે એટલું વણદબાએલી જિજ્ઞાસાથી વારંવાર ઊછળી આવતી પ્રશ્નપરંપરાથી નથી મળતું. અહીં વાત કહેનાર મેઘાણીભાઈના અત્યંત નિકટવર્તી મિત્રોમાંના એક હતા–શ્રી ગુલાબચંદભાઈ વખારિયા. સ્થળ હતું રાજકોટમાંનું માલવિયાવાડી, ગોંડલરોડ પરનું શ્રી કૃષ્ણકાંત વખારિયાનું મકાન. તા. ૧૦–૧૦–૧૯૫૮ ને શુક્રવારની રાતના આઠેક વાગ્યા હતા. મુ૦ ગુલાબચંદભાઈની સ્મરણશક્તિ તીવ્ર હતી એની, પ્રતીતિ તો એમણે ઝીણી ઝીણી વિગતો સાથે કહેલાં અન્ય સ્મરણોથી થઈ હતી જ. સજીવ મિત્રસ્નેહથી એ ભૂતકાળની વાતો નિખાલસરીતે કહેવામાં પણ જરા ય સંકોચાતા નહોતા. મને ખાતરી થઈ: અત્યાર સુધી કાળદેવ છો વાતોને ગળીને બેઠા, માનવની સ્મરણપકડ એને તળિયેથી પણ તાગી કાઢશે. એ રાતે બેઠેલાં ત્રણ જણનું ચિત્ર કલ્પનાપટ પર આંકી, હથેળીએ દાઢી ટેકવી હું ઉત્સુક બન્યો. એમની વાત આગળ વધી: 'એણે જે વર્ણન લખી રાખેલું એમાં એક રમૂજી ઘટના હતી. એ સ્ટીમર પર કોઈ ચાર છોકરીઓ: એક બંગાળી, એક ગુજરાતી ને બીજી બે. એ ચાર સાથે એને પરિચય થયાનું એણે લખેલું. એ વિગતનો મેં ત્યાર પછી બુદ્ધિયુક્ત ઉપયોગ એનાં લગ્ન કરાવવામાં કર્યો.' ને વાત લગ્નને પાટે વળી. પૂરી થઈ ત્યારે મારા મનમાં પેલો પ્રશ્ન હતો:

'પણ જે વર્ણન એમણે લખેલું તેમાં શું હતું? એની વિગતો?'

'એ તો યાદ નથી. ક્યાંક પત્રો કદાચ હશે...'

'મળી શકે ખરા કે?'

'બનતાં સુધી તો મેં એ મોકલી દીધા–એમના ચરિત્રલેખન માટે ઉમાશંકરભાઈને'.

'તો એ વિગતો બીજે ક્યાંથી મળે?'

'કોઈકને પૂછો. કદાચ કપિલભાઈ જાણતા હોય.'

ને એમ એ રાતનું ચિત્ર માત્ર છાયાચિત્ર જ રહ્યું!

મેં કપિલભાઈને પૂછ્યું. તો કહે: 'પુરુષાર્થ' નામનું એક સામયિક વઢવાણથી નીકળતું, એમાં એમણે પ્રવાસવર્ણન હપ્તાવાર કરેલું.'

'એ તો મેં પણ સાંભળેલું. પણ એ 'પુરુષાર્થ' મેળવવાનો મારો પુરુષાર્થ એળે ગયો છે. તમે પોતે કંઈ જાણો છો કે?'

ને એમણે જાણે વાત માંડી: 'નીકળ્યા પછી તરત જીવણલાલભાઈને દરિયો લાગ્યો. મેઘાણીભાઈ પર દરિયાની અસર જુદા પ્રકારની લાગતી હતી. અરબી સમુદ્રનાં ઊછળતાં મોજાં એમના ઘટમાં કંઈકંઈ કલ્પનાઓ, વિચારો પ્રેરતાં હતાં. તોફાની સાગરની વચ્ચે ઊભેલા ખતરનાક ખડકો પરની મિનારા જેવી એકલ દીવાદાંડી જોતાં એ પરના રખવાળને હૈયે એ સાગરગર્જન એકાન્તના કેવા પડછંદા પાડતું હશે એની કલ્પના એ કરતા. એનું એકાકી જીવન, સાગરતરતાં વહાણોને સલામત રાખવા એ એકલ દીવાદાંડી સાથે એક બની જવાની, એ દીવાદાંડીની જ્યોત હમેશાં જલતી રાખવાની એની અપૂર્વ ખબરદારીભરી ભાવના, એનું નિઃસ્વાર્થ સ્વાર્પણમય જીવન–એનાં ચિત્રો એ ખડાં કરતા ગયા ને ચિત્તે એને સંઘરી રાખ્યાં. આમ પંદરેક દિવસ જતાં ને પંદરેક દિવસ વળતાં એમ લગભગ એક માસ એમણે સાગરમાં ગાળ્યો.

બાકીના ત્રણે માસ લંડનમાં. મુખ્ય કામ તો ઍલ્યુમીનિયમના વેપારી સાથે સંબંધ બાંધવાનું હતું. ભવિષ્યમાં લંડનમાં પેઢીની ઑફિસ રાખવાની ગણતરી હતી. શ્રી ઉદાણી નામના કોઈ એક ભાઈને લંડનનું કામકાજ સોંપવાનું વિચારાઈ પણ ગયું હતું. જો ત્યાં ઑફિસ ખોલાય તો મેઘાણીભાઈને પણ ત્યાં રાખવાનો વિચાર થતો હતો. લંડનમાં આ ધંધાની કામગીરીમાંથી બહુ ઓછો સમય બચ્યો; છતાં એમાં એમણે ત્યાંનાં ઘણાં જોવાલાયક સ્થળો જોયાં. એ લંડન રહ્યા એ દિવસોમાં ઋતુ હરવાફરવા માટે અનુકૂળ નહોતી, અને જીવણભાઈની તબિયત પણ ઠીક નહોતી. એમની સારવાર પણ મેઘાણીભાઈ કરતા'.

'માત્ર લંડનમાં જ રહ્યા?' મેં પૂછ્યું.

'ના; એક દિવસ માટે કેમ્બ્રિજ ગએલા. ભાવનગરના બે યુવાનો તે વખતે ત્યાં અભ્યાસ કરતા હતા—શ્રી બટુકરાય પ્રભાશંકર પટ્ટણી અને શ્રી ત્ર્યંબકનાથ વ્યાસ. એમાંથી ત્ર્યંબકભાઈ એમના પરિચિત હતા. એમને મળવા એ ગયા. ત્યાં એમને મિત્રોએ ગઝલ ગવડાવેલી–'મારી મહેમાનદારી'.

'વિલાયતથી પાછા ક્યારે ફર્યા?'

'૧૯૧૯ના ડિસેમ્બરના અરસામાં'.

'આવીને તરત કલકત્તા ગએલા કે?'

'ના; તરત તો કુટુંબીઓને મળવા એક ફેરો વતનનો ખાધેલો. એ દરમિયાન એકાદ બે દિવસ હડાળામાં દરબાર સાહેબ વાજસુર વાળા સાથે પણ ગાળેલા. ત્યાં પણ એમણે બને તો કલકત્તા છોડીને કાઠિયાવાડ આવી જવું છે એવી મરજી દેખાડેલી.'

થયું! આ વાતચીતમાં પણ વિગતો ન મળી! ક્યારે ગયા? ક્યારે આવ્યા? ચોક્કસ તારીખો કઈ? લંડન ક્યારે પહોંચ્યા? ક્યારે નીકળ્યા? ક્યાં રહ્યા? શી વાતો કરી? શું ખાધું-પીધું-જોયું? કેવી રીતે જોયું? પ્રવાસના આ એક માસનો ગાળો કેમ ગયો? સ્ટીમર કઈ? શું વાંચ્યું-લખ્યું? સમગ્ર મનના સંસ્કારજીવનમાં એક ઘટનારૂપ બની જનાર આવી વ્યક્તિઓના જીવન પર પણ ટાઢે કોઠે વિસ્મૃતિના પડ પર પડ ચડાવતા જઈએ છીએ આપણે, ને ઇતિહાસના અભિગમમાં સાંસ્કૃતિક દષ્ટિની વાતો પણ કરીએ છીએ! વાહ આપણે!

વિલાયતપ્રવાસના ઉલ્લેખો હજી બેત્રણ સ્થળે છૂટક થયા છે. જીવણલાલભાઈનું પ્રેમઋણ સંભારતાં, એમની બાબતમાં કોઈ કે કરેલી ટીકાનો જવાબ વાળતાં મેઘાણીભાઈ કહે છે: 'મારી વ્યાપારી બુદ્ધિ ખાતે મોટું મીંડું હતું. તેને લીધે જ મને લંડનમાં કાયમી સ્થાન આપવાના તેમના (જીવણલાલભાઈના) વિચારનો લાભ હું પોતે જ ન લઈ શક્યો. લાઈલાજે તેઓ મને પાછો લાવ્યા.' (વર્મા-પરમાર સંપાદિત 'ઝ૦ મે૦' પૃ. ૫૭)

દરબાર વાજસુર વાળાસાહેબ લખે છે કે: 'અહીં આવ્યા ત્યારે એમના વિલાયતના પ્રવાસની લાંબીલાંબી વાતો કરતા. વિલાયતના પ્રવાસે એમના ઉપર બહુ સારી છાપ નહિ પાડેલી, પણ ત્યાંનાં શિસ્ત અને વ્યવસ્થા ગમી ગએલાં. અહીં વાતો કરતાં તેઓ કહે: 'ભાઈ, ત્યાં તો લોકો શું સુઘડ-સ્વચ્છ હોય છે! ભાઈ, ત્યાં તો વાહનવહેવારની શી મજાની

સગવડ હોય છે! ને ત્યાંના લોકોની શિસ્ત પણ! નહિ કોઈ જગ્યાએ ધક્કાધક્કી, કે નહિ કોઈ જગ્યાએ મારામારી. ભાઈ, એ તો આપણે આપણા જીવનમાં ઉતારવા જેવું ખરું. ભાઈ, પણ એ લોકો તો ગજબના પ્રવૃત્તિશીલ—વગેરે વગેરે' (વર્મા-પરમાર સંપાદિત 'ઝ૦ મે૦'. પૃ. ૭૬)

પરંતુ પછી એમણે પોતે ય એ વાતો ગૌણ ગણી, ના જ ઉચ્ચારવાનું વલણ લીધું. નહિ તો પરદેશની નાનીઅમથી ખેપ મારી આવનારથી યે ચૂપ રહેવું મુશ્કેલ બની ગયું છે ને એ ખેપનો અમલ જાણે ઊતરતો જ નથી! એમણે તો એટલી હદે ચૂપકીદી સેવેલી કે એક વાર પ્રિન્સિપલ શાહાણીને ત્યાં આવી ચડેલા બ. ક. ઠા.ને ત્યાં બેઠેલા મેઘાણી અંગ્રેજીથી અજ્ઞાત કોઈ ઓછું ભણેલ સામાન્ય ચારણ લાગેલા!

આવીને કાઠિયાવાડમાં એક ઝડપી આંટો મારતાં'કને કલકત્તા કામે ચડી ગયા. દરમિયાનમાં, સનાતન ધર્મ હાઈસ્કૂલ માટે ફાળો ઉઘરાવવા ભાવનગરથી ઑક્ટોબરમાં રંગૂન ગએલા કપિલભાઈ રંગૂનથી ૧૯૨૦ના જાન્યુઆરીના અરસામાં પાછા ફરતાં, મિત્રને મળવા કલકત્તા ઊતર્યા. એમની સાથે શનિ-રવિ શાંતિનિકેતનના પ્રવાસે ગયા. જતાં ટ્રેઈન ચૂકી જતાં સમય પસાર કરવા હુગલીમાં નૌકાવિહારે નીકળ્યા. ત્યારે રવીન્દ્રનાથનું ગીત મેઘાણીભાઈએ લલકાર્યું:

જોદિ બારન કર તોબે ગાઈબો ના
જોદિ શોરમ લાગે તોબે ચાઈબો ના!

(જો તું વારીશ તો હું ગાઈશ નહિ; જો તું શરમાઈશ તો તારી સામું જોઈશ નહિ. મારી હોડીથી, એનાં હલેસાંને કારણે, જો તારી નદીને તટે મોજાં અથડાતાં હશે તો મારી નાવડીને હું ત્યાં લાવીશે ય નહિ.) ઉત્કટ પ્રણયનું અધ્યાત્મરંગી આ ગીત એમનું પ્રિય ગીત હતું. એમનો સાહિત્યશોખ અતૂટ હતો. કલાપી, સાગર, નાનાલાલનો નેડો ગૌણ બની જાય એવી કવિમૂર્તિ ચિત્તે અનેકરૂપે રમતી હતી – રવીન્દ્રની. એમાંનું કવિનું એક રૂપ એમણે કેટલાક મિત્રો પાસે વર્ણવેલું. જે એ કદી નહિ વિસરેલા:

શાંતિનિકેતનમાં એ દિવસનું પરોઢ, જ્યારે કવિવર પ્રાર્થના કરાવવા આવે છે. પ્રાગડની ટશરો ફૂટે તે પહેલાં તો એ ભવ્ય દેહ, એ પ્રકૃતિરમ્ય આશ્રમની વૃક્ષ-વેલીઓ વચાળેથી ધીમે ડગલે પ્રાર્થનાસ્થળે આવે છે. ભવ્યોન્નત માનવ્યનું લાલિત્ય જાણે રૂપ લઈને પ્રગટ્યું! ધીમે, લયબદ્ધ રીતે ઘંટનાદ આરંભી, સૌને પ્રાર્થના માટે એ નિમંત્રે છે. એમની પાસેથી પસાર થતા પ્રત્યેકને હૈયું ભરાઇ જાય એવી દૃષ્ટિ ને સ્મિતનો પ્રસાદ દેતા કવિવરની રેશમી રૂપેરી દાઢી પર પ્રભાતનાં પ્રથમ સોનેરી કિરણો ઝૂલવા લાગે છે ત્યારે સૌ સામે બેસી ગયાં હોય છે. કવિ ધીરેથી નિમંત્રણના ઘંટારવને સમેટી લઈ પોતાનું આસન લે છે. કિરણોની સાથે પ્રાર્થનાના સ્વરો પણ એવા લહેરાવા માંડે છે કે કોઈ પ્રાચીન મંત્રદ્રષ્ટાના પાવક ઉપવનનું વાતાવરણ ખડું થાય છે. કવિનેત્ર નિમીલિત છે. મૌન જાણે મુખરિત બનીને મંત્રને અર્થ આપે છે. કવિસન્નિધિ જ જાણે મૌનની કવિતાને ચિત્તેચિત્તે ભરી દે છે. એ જોવું-અનુભવવું એમને ખૂબ ગમતું.

ફરજ પ્રત્યેની સભાનતા તો એટલી બધી હતી કે કપિલભાઈ સાથે શાંતિનિકેતનમાં શનિ-રવિ ગાળ્યા, પણ રાતના એક વાગ્યાની ટ્રેઈન પકડી. સેકન્ડ કલાસમાં સૂતા હતા છતાં હાવરા આવવાને કલાકની વાર હતી ત્યારે જાગી ગયા. કહે: 'છ વાગ્યે હાવરા આવશે. પણ મારે તો સીધા કારખાના પર જવું જોઈએ. એટલે હું આગલે સ્ટેશને ઊતરી જઈશ. હાવરા તમારી સાથે આવું તો કારખાના પર વખતસર ન પહોંચાય.'

વખતની આટલી ચિંતા કરતા એ કારણે જ જરા જેટલા ફાજલ સમયનો ય ઉપયોગ કરી લેતા. વિલાયત જઈ આવ્યા પછી તો કારખાનાના મૅનેજર તરીકેની પૂરેપૂરી જવાબદારી મુકાઈ હતી, કામગીરી વધી હતી, છતાં જરાક વખત મળતાં જ વાંચતા કે રાતનો કે રવિવારનો કોઈ પણ અગત્યનો કાર્યક્રમ ન ચૂકતા. એ કારણે આંતરિક ઘડતર થયે જ જતું હતું. દાખલા તરીકે રવીન્દ્રનાથને કલકત્તાને મુકામે વર્ષાનો ઉત્સવ ઊજવાયો—'વર્ષા-મંગલ'. એમાં મેઘાણીભાઈએ હાજરી આપી. કવિને શ્રીમુખેથી 'નવ-વર્ષા' સાંભળ્યું:

હૃદય આમાર નાચે રે આજિકે,
મયૂરેર મતો નાચે રે,
હૃદય નાચે રે!
શત બરનેર ભાવ-ઉચ્છ્વાસ
કલાપેર મતો કરે છે વિકાસ,
આકુલ પરાન આકાશે ચાહિયા ઉલ્લાસે
કારે ચાચે રે?

એમના ચિત્તમાં જે સંસ્કારબીજનિક્ષેપ થયો તેણે જ, "ઝરીના'ઝ વાયોલેટ"ની માફક કેટલોક કાળ ભૂમિમાં પ્રચ્છન્ન રહ્યા પછી એક ડોલતા ગીત–છોડવાનું રૂપ લીધું:

મોર બની થનગાટ કરે
મન મોર બની થનગાટ કરે.
ઘનઘોર ઝરે ચહુ ઓર! મારું મન૦

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૨૪

મેદવૃદ્ધિ

મેદ એ સુખિયા માણસનું લક્ષણ ભલે ગણાય, પણ શરીરનો દેખાવ અદોદરો બનાવવા ઉપરાંત તે પોતાની સાથે મધુમેહ–ડાયાબીટિસ, હૃદયના રોગો, કૅન્સર, શ્વાસ, વંધ્યત્વ, કષ્ટાર્તવ, અલ્પ શુક્રતા વગેરે જેવા રોગો પણ આણે છે. મેદવૃદ્ધિ એ સ્વતંત્ર વ્યાધિ પણ છે. મેદ વધતાં કોઈ કામ કરી શકાતું નથી, જલ્દી થાકી જવાઈને હાંફ ચડે છે, સ્ફૂર્તિ ચાલી જાય છે, બળ અને જાતીય ક્ષમતા ઘટે છે. આયુર્વેદમાં સાત ધાતુનું વર્ણન છે: રસ, રક્ત, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને શુક્ર. આ ધાતુઓ ઉત્તરોત્તર એકબીજામાંથી બને છે. જ્યારે મેદ ધાતુનો અગ્નિ મંદ પડી જાય છે ત્યારે તે પોતાની આગળની ધાતુ બનાવી શકતી નથી, પરિણામે શરીરમાં મેદની જ વૃદ્ધિ થવા લાગે છે.

બેઠાડુ જીવન, બેફિકર સ્વભાવ, વધુ પડતો પૌષ્ટિક આહાર, અલ્પ શ્રમ, વધુ આરામ, અતિ નિદ્રા મેદવૃદ્ધિનાં કારણો છે.

ચિકિત્સા

મેદ રોગની ચિકિત્સા બહુ લાંબો સમય, ધીરજપૂર્વક ને ચુસ્ત પથ્યપાલન સાથે થાય તો જ લાભ જણાય છે.

૧. ગોળ, ઘી, ખાંડ, દૂધ વગેરેની વાનગી ત્યજી દેવી. ખોરાકમાંથી મિષ્ટાન્ન તો બિલકુલ બંધ કરી દેવાં. હલકો ખોરાક પણ માત્ર બે જ વાર અને તે પણ પેટ ભરીને ન ખાવો. જવની રોટલી, કળથીની દાળ, મગનું પાણી યા આછી રાબથી જ ચલાવવું.

૨. મેદ ઓછો કરવા દેવદાર્વ્યાદિ ક્વાથ, દશાંગ ગૂગળ, ત્રિફલા ગૂગળ વગેરે રોજ લઈ શકાય.

૩. રોજ સવારે નરણે કોઠે એક ચમચી ત્રિફલા ચૂર્ણને નવટાંક પાણીમાં ઉકાળીને પી જવું.

૪. ગરમ પાણીમાં મધ નાખીને પીવું.

૫. વ્યાયામ કરવો કે રોજ ખૂબ ચાલવું યા દોડવું. દિવસની ઊંઘ ત્યજી, આરામ ઘટાડી, શરીર થાકી જાય ત્યાં સુધી સતત કામમાં રહેવું. યુવાનો માટે તરવાની કસરત પણ લાભદાયી છે.

વૈદ્ય નવીનભાઇ ઓઝા

બહુરંગ ઉમંગનાં પીંછ પસારીને,
બાદલસું નિજ નેનન ધારીને,
મેઘમલાર ઉચારીને આકુલ પ્રાણુ
કોને કલસાદ કરે?—મન૦

મૂળમાં 'ઘનઘોર ઝરે ચહુ ઓર' નથી. પણુ આ તૃષા, આ કલસાદ હતો.

'ધ્વન્યાલોક'કારે કથેલી કવિની 'વ્યાપારવતી દષ્ટિ' હજી રસ વહાવતી નહોતી થઈ, પણુ 'વૈપશ્ચિતી દષ્ટિ' તો અવનવા અર્થોથી અંતરને એવું સમૃદ્ધ કરતી હતી કે એક કાળે એ બે દષ્ટિનું દ્વૈત જ ન રહે. ભાવન એવું નવોન્મેષી થાય કે એ સર્જન થાય ત્યારે જ જંપે!

'પડઘો થૈને દેશ હું જવાબ.'

એ માત્ર સ્થૂળ શબ્દકૃતિઓના પ્રતિભાવનો શબ્દમાં પડતો પડઘો જ નહિ, અનુભૂતિ રૂપે અવતરતો પડઘો—કાવ્ય. મેઘાણીભાઈમાં, પછી, મનોગતને વાચામાં પરોવવાની જે શક્તિ પ્રગટી એની પાછળનાં સંવેદનો પ્રગટાવવામાં બંગાળનો ય હિસ્સો છે.

આનંદવર્ધને રસોને રસળતી કવિની દષ્ટિ અને વિદ્વાનની અર્થના ઊંડાણુમાં લઈ જતી વૈપશ્ચિતી દષ્ટિ, એ બન્ને દષ્ટિને ભિન્ન ગણ્યા પછી યે એના મિલનની વાત કરી છે ('ધ્વન્યાલોક'ના તૃતીય ઉદ્યોતમાંના 'યા વ્યાપારવતી...' એ શ્લોકમાં); પરંતુ ભારવિએ તો ('કિરાત૦'માં) અર્થમાં પાવરધી વૈપશ્ચિતી દષ્ટિ પણ રસળતી થાય, સર્જન કરતી થાય તેની વાત કરી છે. એવું મેઘાણીભાઈની બાબતમાં બન્યું છે :

भवन्ति ते सभ्यतमा विपश्चितां
मनोगतं वाचि निवेशयंति ये ।

જે અંતરે તે શબ્દે ગૂંથે જે
વિદ્વજ્જનોમાં ય ગણાય શ્રેષ્ઠ તે.

સહૃદયતા પણુ સર્જનમાં પરિણમે.

એ ૧૯૨૦ની સાલ અગત્યની છે. આગલે વર્ષે જ ભારતીય ભાષા-સાહિત્યને પણુ એમ. એ. કક્ષાએ સ્થાન મળવું જોઈએ એ આગ્રહ જેણે કલકત્તા યુનિવર્સિટી પાસે સ્વીકારાવેલો એ વિદ્વાન (દિનેશચંદ્ર સેન)નાં લોકસાહિત્ય પરનાં વ્યાખ્યાનોનું પુસ્તક મેઘાણીભાઈના હાથમાં આવ્યું : 'ધ ફોક લિટરેચર ઑવ બેંગાલ.' એણે બેવડી અસર કરી. એક, લોકસાહિત્યના સંશોધનનો શાસ્ત્રીય માર્ગ કયો છે, એની ઉપયોગિતા શી છે, એની સજ્જતા કેવી જોઈએ વગેરેનો ખયાલ આપ્યો; લોકસાહિત્યમાં પડેલા પ્રજાની સંસ્કારિતાના ઇતિહાસને કેમ તેવો એ બતાવ્યું; જેને અભણ કહીએ છીએ તે તો આપણા સાચા વારસાના વાહકો છે એની પ્રતીતિ કરાવી. અને બીજું, લોકવાર્તાનાં કેટલાંક ઉત્તમ પુસ્તકો વાંચવા ઉદ્યુક્ત કર્યા. સારું થયું આ બન્ને એમને મળ્યાં. વાર્તા માત્ર રંજનઅર્થે સંઘરવાની—કહેવાની નથી, પેલું સંસ્કૃતિવાહક તત્ત્વ પણુ જાળવવાનું છે—ભાષાનું મૂળ રૂપ સુધ્ધાં. મેઘાણીભાઈમાં અશાસ્ત્રીયતાની જ ગંધ લીધા કરનાર ને એ ટીકા કર્યા કરનાર, કાર્યારંભપૂર્વે અનાયાસે જ મેઘાણીભાઈના ચિત્તમાં આ ભૂમિકા આ પુસ્તકથી બંધાએલી એ જાણતા નહિ હોય?

આ પુસ્તકે એમને બીજાં બે પુસ્તકો તરફ વાળ્યા : દક્ષિણારંજન મિત્રમજુમદાર કૃત 'ઠાકુરમા-ર ઝૂલી' અને 'ઠાકુરદાદા-ર ઝૂલી.' આ ઘટના એટલી અગત્યની છે કે એને સહેજ વિગતે સમજવા થોડુંક દિનેશચંદ્ર સેન વિષે ને થોડુંક પેલાં બે પુસ્તકો વિષે જાણીશું? બંગાળનો એક આરંભનો લોકસાહિત્યનો અભ્યાસી ગુજરાતના એક લોકસાહિત્યના અભ્યાસીને એ દિશામાં કાર્યારંભ કરવા પરોક્ષ રીતે ઉદ્યુક્ત કરે છે —'ઠાકુરમા-ર ઝૂલી' પ્રત્યે આકર્ષીને. એથી ભિન્ન દિશાનો એક આવો જ સુખદ અકસ્માત એ છે કે બંગાળના આરંભના લોકસાહિત્યકારોમાંના એક—જેને શ્રી શંકર સેનગુપ્ત 'પ્રથમ સફળ લોકસાહિત્યકાર' કહે છે તે—લાલબિહારી ડેને પ્રેરણા આપનાર તેમની પત્ની સૂરતની ગુજરાતણ હતી,—પારસણ બચુબાઈ હોરમજજી! ગુજરાતમાં યે લોકસાહિત્યની 'પહેલી કદર બૂજનારા પારસીઓ' હતા, ને રણજિતરામે સોરાબજી હોરમજજીનો ઉલ્લેખ કર્યો છે. (પેલી બચુબાઈના એ ભાઈ તો નહિ હોય ને?) મેઘાણીભાઈએ 'લોકસાહિત્યનું સમાલોચન'ના ત્રીજા વ્યાખ્યાનમાં પારસીઓની પહેલની નોંધ ભર્યે હૈયે લીધી છે. કહે છે : 'આશ્ચર્ય છે? છે ને નથી. ગુજરાતના પહેલા પુત્રો કોણ? પારસીઓ જ તો! પોતાની ધાત્રી ગુર્જરભૂમિનો સાહિત્યકીય ઉષઃકાળ પણુ એમણે જ જોયો અને પિછાણ્યો.' (પૃ. ૧૧૮) આ તો એક વિચિત્ર ('અતિ સુંદર', 'રમ્ય' એવા અર્થમાં પણુ) સામ્ય, કેવળ અકસ્માતની અવાન્તર કથા.



દક્ષિણારંજન મિત્ર-મજમુદાર

દિનેશચંદ્રનાં વ્યાખ્યાનોથી મેઘાણીનો કાર્યારંભ થયો, લોકસાહિત્યને ક્ષેત્રે એમનો ચિત્તપ્રવેશ થયો. એ વ્યાખ્યાનોમાં ને વ્યાખ્યાતામાં એવું શું હતું? એ જાણવા માટે જુઓ આ અંકમાં 'માધુકરી'.

લ ઘુ ક થા

ખોટો રૂપિયો

હિનુભાઈ શુક્લ

ખીલી અને પથ્થર લઈ ધડાધડ મચી પડેલા શાંતિને જોઈને રમાએ એકદમ બૂમ પાડી 'એ...એ...શું કરો છો?'

'આ ખોટા રૂપિયામાં કાણું પાડી બાબલા માટે દોરો પરોવી ફેરવવાની ચકરડી બનાવી આપું છું.' ને શાન્તિએ બીજું કાણું પાડવા હાથ ઉપાડયો.

'અરે...અરે! પણુ એ રૂપિયો ક્યાંથી લીધો? મને જોવા તો દો!'

વાત એમ હતી કે, શાંતિના ઘરમાં ક્યાંકથી એક ખોટો રૂપિયો આવી ગએલો, પણ રમા ચાલાક હતી. ત્રણુ દિવસ પહેલાં જ એક મારવાડણુને એ ખોટો રૂપિયો પધરાવીને એણે પચાસ પૈસાની માટી અને એક સાચો અરધો પાછો મેળવ્યો હતો.

ખૂબ આનંદમાં આવીને શાંતિને રાત્રે જ્યારે રમાએ આ વાત કરી ત્યારે શાંતિનો આતમરામ ફફડી ઊઠેલો, અને આજે સવારે તે મારવાડણુ ફરીથી પોળમાં આવી ત્યારે તે કંઈ શિકાયત કરે તે પહેલાં જ એક રૂપિયાની નોટ આપીને પેલો ખોટો રૂપિયો પાછો મેળવી લીધેલો. અને ઑફિસે જતાં પહેલાં પૂજાના ગોખલામાં એ રૂપિયો મૂકતો ગએલો.

ઑફિસમાં ય રમાના વ્યવહારે તેનું મન વ્યગ્ર રહ્યું હતું અને એ વ્યગ્રતામાંથી જ અંતે વિચાર આવ્યો કે ઘેર જઈને તુરત જ રૂપિયાને કાણું પાડી તેને સાવ નકામો બનાવવો અને બાબો ચકરડી તરીકે જ્યાં સુધી એ સાચવી શકે ત્યાં સુધી એક નૈતિકતાનો પાઠ રમાને આપવો.

આ વિચારમાં ને વિચારમાં રોજના સમય કરતાં જરા વહેલા ઘેર પહોંચીને ગોખમાં મૂકેલા રૂપિયાને એણે એક કાણું તો પાડી પણુ દીધું. ત્યારે રમાએ પથ્થર આંચકી લઈને કહ્યું. 'આ શું કરો છો! આ તો ધનતેરશની પૂજા માટેનો મેં આજે ગોખલામાં મૂકેલો નવો સિક્કો છે. બળ્યું આ વરસ કેવું ય જશે? આજે ય ગોખમાંથી એક ખોટો સિક્કો મળ્યો હતો તે માંડમાંડ શાકવાળીને પધરાવ્યો, ત્યાં આ વળી સાચાને ખોટો કરવા બેઠા!......'

શ્રી સેને ભારતીય લોકકથાને દુનિયાની લોકકથાઓની સાથે સરખાવી પૂર્વ-પશ્ચિમની કેટલી યે વાર્તાઓની તુલનાથી પુરવાર કર્યું કે યુરોપમાં પ્રચલિત અનેક કથાઓ અહીંથી ત્યાં ગઈ છે; ઘણી લોકકથાઓનું પિતૃ-ગૃહ ભારત છે. પૂર્વ-પશ્ચિમની લોકકથાઓનાં આગવાં લક્ષણો એમણે તારવી બતાવ્યાં. આપણી લોકકથાઓ ક્યારે શરૂ થઇ હશે-કેટલી જૂની છે તે, તેનો સમય નિશ્ચિત કરવા મથ્યા. બંગાળના મુસ્લિમોમાં પરંપરાથી હિન્દુ વિધિઓ ને વાતોની છાપવાળાં મંગળ ગીતો-મંત્રો આદિ છે તે એમના વડવાઓ હિન્દુ કે બૌદ્ધ ધર્મના હતા ત્યારથી ઊતરી આવ્યાં છે, એટલું જ નહિ, એમાં પુરાણપરસ્તી નથી એ બતાવે છે કે એ શાસ્ત્ર-પરસ્ત હિન્દુ-બૌદ્ધ બન્યા એની યે પહેલાંના આ સંસ્કારો છે. હિન્દુ ધર્મ-ના જાગૃતિકાળે આ વાર્તાઓ પર પ્રભાવ પાડચો નથી. એનાં દેવ-દેવીઓ આગવાં છે. મુસ્લિમ ખોરામઅલી, હિન્દુ તાંત્રિકોની ચોસઠ જોગણીનું ને બૌદ્ધ તાંત્રિકોની એની સાઠ બહેનોનું આવાહન કરે છે. આવી તો ઘણી વાતો પોતાનાં વ્યાખ્યાનોમાં કહીને લોકકથાઓનાં સ્વરૂપ ને પ્રકારોની ચર્ચા કરી. તેમાં ય સ્ત્રી-કથાકારોની કહેણી, વચમાં વચમાં આવતાં પદ્યો —કવિતાના ટુકડા, એની અતિપ્રાચીનતા, મહાભારતમાં ઘૂસી ગએલા વૈદિક મંત્રો ને લોકકથાઓ, રામાયણમાંની લોકકથાઓ, આ લોકકથાઓ કોણે કોણે સંશોધી છે, એમાં મૂળનાં તત્ત્વો શા માટે જાળવવાં જોઈએ, આ કથાઓ-ગીતોનાં લક્ષણો, એની પ્રાચીનતા, એ કેવી રીતે દુનિયાના દેશોમાં પહોંચી હશે તે, એમાં વહાણવટીઓ, વેપારીઓ ને જિપ્સીઓ વગેરેનો ફાળો, જેમ બંગાળને વહાણે ચડી માલની સાથે વાતો પરદેશ ચડી એમ ગુજરાતને કાંઠેથી યે ચડી(પૃ. ૭),આવું કૈંક એ વ્યાખ્યાનોમાં છે.

એમાં કેટલા ય વાર્તાસંગ્રહોના ઉલ્લેખો છે, પણ 'ઠાકુરમા-૨ ઝૂલી' ને 'ઠાકુરદાદા-૨ ઝૂલી'ના ઉલ્લેખો એટલા ઝાઝા ને સ-આદર થયા છે કે એટલે એ પુસ્તક (ફોક લિટરેચર ઑવ બૅંગાલ) વાંચનાર કોઈ પણ માણસ દક્ષિણારંજનના એ બે સંગ્રહો વાંચવા ઉત્સુક બને જ. એ સંગ્રહોની વાતોમાંથી કેટલીયને લઈ ને યુરોપની એવી વાતો સાથે વિગતે સરખાવી, ને યુરોપીય વિદ્વાનોનાં કથનો ટાંકયાં કે 'અરબી ભાષાન્તરો દ્વારા યુરોપમાં પહોંચેલી ભારતીય લોકકથાઓથી યુરોપનું મધ્યકાલીન સાહિત્ય સભર છે'. (પૃ. ૪૩) આપણી લોકકથામાં છે 'marvels of poetic fiction' —કલ્પનાના કવિત્વમય આશ્ચર્યકારક ઉડ્ડયનો; આપણાં બેલેડ્ઝમાં છે વાલ્મીકિના મહાકાવ્યની ભવ્યતા ને જયદેવના ઊર્મિકાવ્યની કુમાશ.

તેમાં ય દક્ષિણારંજનની વાતો છે અસલી નમૂના; કારણ કે એ પાંડિ-ત્યપ્રદર્શનમાં ન પડયા. દાદીમાને મુખેથી જેવી સાંભળી તેવી જ ઝીલી પોતાની જાત પર અપૂર્વ સંયમ રાખ્યો. એથી એનું મૂળ રૂપ યથાતથ જળવાયું. વાત કહેનાર કયાં અટકે, કયાં નિસાસો મૂકે, કયાં ગૌરવ-ભર્યો ઊંચો અવાજ જાય, એ બધાંનો ખયાલ એમણે કર્યો છે. એમણે વાર્તાનાં મડાં શબ્દોના મસાલા ભરીને નથી જાળવ્યાં, પરંપરાથી જીવતી વાતની ફોરમ જળવાય એમ પુષ્પમાલા ગૂંથી છે-'ઠાકુરમા-૨ ઝૂલી.'

આ વાંચ્યા પછી મેઘાણીભાઈ 'ઠાકુરમા-૨ ઝૂલી'ને 'ઠાકુરદાદા-૨ ઝૂલી' વાંચ્યા વિના રહે ? તેમાં ય 'ઠાકુરમા-૨ ઝૂલી' વિશેષ ગમી. એની પ્રસ્તા-વના રવિબાબુએ લખી હતી ને ચિત્રોથી શણગારી હતી દક્ષિણાબાબુએ પોતે. શ્રી અરવિંદ ઘોષે એમના 'વંદેમાતરમ્'માં 'ઠાકુરમા-૨ ઝૂલી'ને માટે લખેલું: 'The book bas marked out an epoch in our literature'. 'ટાઈમ્સ લિટરરી સપ્લિમેન્ટે' એની પ્રશસ્તિ કરેલી; જર્મન-માં તરત ને પછી યુરોપની અન્ય ભાષાઓમાં એનાં ભાષાંતરો થયાં. ડૉ. ઍન્ડર્સને લખ્યું:'નાનપણમાં આ હાથમાં આવ્યું હોત તો કેવી મજા પડત! હું તો તરત આનું અંગ્રેજી કરત.' મેઘાણીભાઈને પણ એવું જ લાગ્યું.

મેઘાણીભાઈએ આ બંને પુસ્તકો ઉપરાંત દક્ષિણાબાબુનાં વ્રતકથા આદિનાં પુસ્તકો પણ વાંચ્યાં. થયું: આવું તો સૌરાષ્ટ્રમાં ય છે. આ બંગાળી કથાઓ ને સૌરાષ્ટ્રી કથાઓ બંને ચિત્તમાં એકરૂપ થતી ગઈ.

એમણે પોતે જ દિનેશચંદ્રને તથા 'ઠાકુરમા-૨ ઝૂલી'-'ઠાકુરદાદા-૨ ઝૂલી'ને 'દાદાજીની વાતો'ને આરંભે સંભાર્યા છે: 'બીજા પ્રાંતો પૈકી બં-ગાળાએ તો પોતાની રૂપકથાઓને સાંગોપાંગ હાથ કરી લીધી છે. એ કથાઓનાં નિરનિરાળાં પાઠાન્તરોના કંઈ નહિ તો દસેક સંગ્રહો ત્યાં બહાર પડી ગયા છે. અને 'દાદાજીની વાતો' માફક, અસલી દાદાશૈલીને આબાદ સ્વરૂપે રજૂ કરનારો સંગ્રહ 'ઠાકુરદાદા-૨ ઝૂલી' નામનો ગણાય છે' કહીને દિનેશચંદ્રને અને એમનાં 'ધ ફોક લિટરેચર ઑવ બૅંગાલ' પુસ્તકને સ્મરે છે. વળી ઉમેરે છે: 'બંગાળી રૂપકથાઓનો સંગ્રહ અને આ પુરાતત્ત્વની મીમાંસા વાંચતાં જ્ઞાન થયું કે બંગાળમાં પણ આની આ જ કથાઓ કેટલાએક પ્રાંતોચિત પ્રસંગાન્તરો સાથે જન્મ પામી છે અને જનતાની નસોનાં રુધિરમાં રેડાઈ ગઈ છે. બંગાળી રૂપકથાઓ કંઈક વધુ વિશુદ્ધ વિપુલ વસ્તુભરી અને શુદ્ધ સંસ્કારોથી સોહામણી ભાસે છે. લખે છે; "ફૂલસોદાગર"ની આપણી રૂપકથા મને અપૂર્ણ લાગ-વાથી બંગાળી 'શંખમાલા'ની ઘટનાઓ મેં આંહીં અપનાવી લીધી છે.' ('દાદાજીની વાતો' આવૃત્તિ-૯ પ્રસ્તાવના પૃ. ૧૭) (ચાલુ)

આયુ, આહાર, ઔષધ અને આરોગ્ય અંગે

ડૉક્ટરની સલાહ

૧ ઊગતી વયમાં લાગણીના બગાડાની શરીરની વૃદ્ધિ પર કોઈ માઠી અસર પડે ખરી? અઢારની વય પછી શરીરની ઊંચાઈ વધે?

ઉ. શરીરની વૃદ્ધિ પર વંશાનુગતતા, હૉર્મોન્સ, પોષણ, માંદગી ખાવા-પીવાની હાલાકી, લાગણીભર્યા પ્રસંગો, વાતાવરણ, જાતિ અને વ્યાયામ-ની અસર પડે છે. લાગણીના અસંતોષથી ભૂખ ઊંઘ ને અન્ય શારીરિક ક્રિયાઓ બગડવાથી શારીરિક વૃદ્ધિ અટકે છે. લાંબા સમય ખેદજનક માનસિક સ્થિતિ રહે કે પ્રેમભરી લાગણીની ખોટ પડે તો હોર્મોન્સના સ્રાવ પર એની અસર પડી શરીરની વૃદ્ધિ ખોટકાય છે. તરુણવયમાં શારીરિક વૃદ્ધિ ઝડપી બની શરીરની ઊંચાઈ અને વજન વધે છે. કિશોર કરતાં કન્યામાં એનો વેગ વધુ હોય છે. ૧૪ થી ૧૬ વર્ષની વયે કિશોરમાં એ વેગ ઘટીને ક્ષીણ બનતો જાય છે અને અઢારની વય પછી શરીરની ઊંચાઈમાં ખાસ તફાવત દેખાતો નથી.

૨. મારો ત્રણ વર્ષનો દૌહિત્ર વાતો કરતાં અમુક શબ્દ બોલતાં આ... આ...કરી થોથરાય છે તોતડાપણાની આ શરૂઆતમાં કોઈ ઉપાય ખરો?

ઉ. કંઈ કરવાનું નથી. ત્રણ-સાડાત્રણની વયે એ સ્વાભાવિક છે. વય વધતાં એ મટી જશે. આ ઉમરે બાળકનો શબ્દભંડોળ ખૂબ વધતો હોઈ વાણીતંત્ર એનો ધોધ ઝીલવા પૂરતું તત્પર ન હોવાથી બોલતાં અ-ચકાય છે. હકીકતે તો બાળક તોતડાતું નથી પણ સાંભળનારને એવું લાગે છે. છ વર્ષની ઉમરે બાળક અનેક શબ્દો પુનરાવર્તનથી લંબાવીને અને ખમચાઈને બોલે છે. એને એ રીતે બોલતું વારવા શિખામણ કે શિક્ષા કરીને તો ઊલટું વડીલો એ ખરેખર તોતડું બને એવું કરે છે. પછી બાળક જોરથી બોલવાનું, બોલતી વખતે આંખો બંધ કરવાનું, શબ્દો લંબાવવાનું કરે છે યા બોલવાનું જ ઘટાડી દે છે. ખરી રીતે બાળકની બોલવાની શક્તિ વધે એમ કરવાનું છે. એ કેવું બોલે છે એ કરતાં શું બોલે છે એના પર લક્ષ આપવું જોઈએ. એ બોલતું હોય ત્યારે એની ભૂલ સુધારી ફરીથી બોલવાનું કહેવું અગર એ કયાંય ખમચાય તો એ ઉચ્ચાર કે શબ્દ ન બોલવાનું કહેવું એ એક ભૂલ છે. **ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી**

[વાચકોને આવા પ્રશ્નો મોકલવાનું આમંત્રણ છે. એક જ પ્રશ્ન ટૂંકમાં-મુદ્દાસર લખી ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી (ડાકરવગા, ઉમરેઠ)ને મોકલવો]

ગંગનાથ વિદ્યાલય

તે વખતનું વાતાવરણ

અમારો જમાનો ક્રાંતિનો નહિ, પણ ક્રાંતિની પૂર્વ તૈયારીનો. એમાં કેટલાક લોકો જૂની સંસ્કૃતિના આદર્શો વિષે અને એ સંસ્કૃતિએ મેળવેલી સિદ્ધિઓ વિષે કશું જાણે નહિ. એમના મનમાં એક જ વિચાર, કે 'અંગ્રેજો આગળ આપણા લોકો હાર્યા છે. એ લોકો પોતાનું રાજ મજબૂત કરવા માટે આપણને સારીસારી નોકરીઓ આપે છે. આટલો મોટો પગાર અને તે પણ નિયમિત મળે છે. મુખ્ય નીતિ ભલે રાષ્ટ્રહિત વિરોધી હોય અને તે પણ અંગ્રેજોના જ હાથમાં; પણ સરકારી નોકરી દ્વારા સામાન્ય લોકોની વ્યક્તિગત મૂંઝવણો દૂર કરી શકાય છે એટલા માટે સરકારી નોકરીમાં ઉત્સાહપૂર્વક જવું જોઇએ. સરકારી પગારના લાભ ઉપરાંત મૂંઝાએલી વ્યક્તિઓનાં કામો કરી આપીએ તો એ લોકો રાજીખુશીથી 'દક્ષિણા' આપવાના. એ આવક પણ નાનીસૂની નહિ. મુશ્કેલી માત્ર એટલી જ કે અંગ્રેજોની નોકરી કરવી હોય તો અંગ્રેજી ભાષા શીખવી જોઈએ. સરકાર આપે છે તો અંગ્રેજી કેળવણી લેવી જોઈએ. એમાં જે પહેલ કરે અને પરીક્ષામાં ઊંચું સ્થાન મેળવે એ જોતજોતાંમાં ઊંચી નોકરી મેળવવાનો ને સમાજમાં એની પ્રતિષ્ઠા વધવાની. ઘરમાં સારામાં સારા ઘરની છોકરીઓ આવવાની. જેની હિંમત હશે અને પરીક્ષાઓ પાસ કરવાની બુદ્ધિ હશે એ બીજે રસ્તે જવાના જ નહિ; સરકારી નોકરીમાં જ જવાના.' આ પ્રકારના વિચારો અમારા સમાજમાં–મધ્યમવર્ગની બધી જ ન્યાતના લોકોમાં એ કાળે પ્રવર્તતા હતા. અને એક પછી એક કેટલાયે યુવાનો આ રસ્તે આગળ ધસતા હતા.

અંગ્રેજ રાજ્યકર્તા ધર્મે ઈસાઈ. એમનામાં ધર્માભિમાન ઓછું નહિ. ઈસાઈઓ પ્રત્યે જ્યાંત્યાં પક્ષપાત કરે તો તે એટલું બધું સ્વાભાવિક મનાતું કે એ બાબતમાં લોકોમાં કશી ચીડ ન હતી. ઊલટું આપણા લોકો અંગ્રેજોની કદર કરતા હતા, કે સરકારી ગોરા અમલદારો ધર્મની બાબતમાં બિલકુલ તટસ્થ રહેતા. લોકોને એમના ધર્મ વિષે કશું પૂછતા નહિ. હિંદુ, મુસલમાન આદિ બધાને પોતાના ધર્મ પ્રમાણે ચાલવાની છૂટ હતી. આવા લોકોની સરકારની સેવા કરવામાં બધી રીતે લાભ જ. પોતાનો ધર્મ છોડવાની પણ જરૂર નહિ. એટલે ધર્મ પણ સચવાય અને ધનવાન પણ થવાય. વળી સરકારી નોકરીની સામાજિક પ્રતિષ્ઠા સૌથી મોટી …આવું વાતાવરણ અમારા નાનપણના દિવસોમાં હતું.

એ વાતાવરણમાં 'આપણું પોતાનું રાજ્ય આપણે ખોઈ બેઠા', એ અપમાન લોકો ભૂલી ગયા; અને સરકારી કેળવણીમાં આપણા ધર્મ સામે કશું નથી માટે સરકારી કેળવણી લઈ નોકરીઓ મેળવવી જોઇએ અને નોકરી લીધા પછી, સરકાર મારફતે અને લાગવગ મારફતે, પોતાના સમાજનું ભલું કરવાની તક પ્રાપ્ત કરવી એ આદર્શ લોકોને ફાવતો ગયો. છતાં એ સ્થિતિમાં પણ થોડાક લોકો 'આપણું રાજ, આપણી સંસ્કૃતિ અને આપણી કેળવણી'નો વિચાર કરતા હતા; અને એ ભાવના પાંગરતી કરવા માટે રાષ્ટ્રીય કેળવણીની સંસ્થાઓ ચલાવવી જોઈએ, એમાં દેશભક્તો તૈયાર કરવા જોઈએ, એમની મારફતે સ્વરાજ્યની અને ક્રાંતિની તૈયારી કરવી જોઈએ, એવા વિચારો સેવતા હતા.

આવી સંસ્થાઓનો ઉદ્દેશ અને કાર્યક્રમ વિદેશી સરકાર જાણે તો તે બંધ જ કરવામાં આવે એવો અનુભવ થવાથી, એવી સંસ્થાઓ ધર્મને નામે, ધાર્મિક વાતાવરણમાં અને દેશી રાજ્યોમાં ચલાવવામાં આવે તો અંગ્રેજોની નજર એના ઉપર નહિ પહોંચે. એવા વિચારથી વડોદરાના કેટલાક દેશભક્તોએ 'ગંગનાથ વિદ્યાલય'ની સ્થાપના કરવાનું ઠરાવ્યું.

અહીં વડોદરા રાજ્ય ને એના દેશભક્ત રાજા સયાજીરાવ ગાયકવાડ વિષે બે શબ્દ લખવા જોઈએ. ગાયકવાડ રાજવંશના મૂળ પુરુષો મહારાષ્ટ્રના. તેઓ લશ્કરી ખાનદાનોમાંથી હશે. એમણે ગુજરાતમાં આવી અમુક અમુક ઠેકાણે દેશ જીતી પોતાનું રાજ જમાવ્યું હતું. પછી આખા દેશ ઉપર અંગ્રેજોનું આધિપત્ય થવાથી દેશી રાજાઓના કારભારમાં અંગ્રેજો દખલ કરી શકતા થયા. એવામાં વડોદરાના એક રાજા નિપુત્રિક અવસાન પામ્યા. (એ વિગતોમાં નહિ ઊતરીએ.) એટલે ગાયકવાડ કુટુંબનો કોઈ છોકરો પસંદ કરી એને ગાદીએ બેસાડવાનું અંગ્રેજોએ ગોઠવ્યું. એ રીતે સયાજીરાવ ગાદીએ આવ્યા. નાનપણમાં તેઓ સામાન્ય પ્રજાજન તરીકે ઊછરેલા. છોકરો બુદ્ધિમાન હતો. એણે સારાસારા દેશભક્ત લોકોને પોતાની નોકરીમાં રાખ્યા. વળી અંગ્રેજી કેળવણી લીધી હોવાથી પોતાના રાજમાં અનેક સુધારા કરવાનું સૂઝયું. એવા સુધારા પ્રત્યે અંગ્રેજોની સહાનુભૂતિ ખરી.

એમાં મુખ્ય એક વાત હતી. સયાજીરાવ કહેતા કે 'મુલક ગુજરાતનો, પ્રજા ગુજરાતી, એના ઉપર અમે મહારાષ્ટ્રીઓ રાજ્ય ચલાવીએ એ હવે પોસાય નહિ—શોભે પણ નહિ'. એટલે ફક્ત ખાનગી ખાતાનો કારભાર મરાઠીમાં ચાલે; બાકી આખું રાજ્ય ગુજરાતી ભાષામાં જ ચાલવું જોઇએ. પહેલાં નોકરીમાં મોટે ભાગે મહારાષ્ટ્રીઓ જ રહેતા એ ફેરવીને સયાજીરાવે આખા દેશમાંથી હોશિયાર અને દેશપ્રેમી અમલદારો પસંદ કર્યા. એમાં ગુજરાતીઓ પણ ખરા. (આ નીતિ સામે કેટલાક મરાઠાઓ ખૂબ ચિડાયા. એમણે કહ્યું : 'અમે તમારા વતી લડયા, અમારું લોહી રેડીને તમને રાજ્ય મેળવી આપ્યું. અમે તમારા પ્રત્યે જેટલા રાજનિષ્ઠ રહી



બૅરિસ્ટર કેશવરાવ દેશપાંડે અને કાકાસાહેબ કાલેલકર

શકીશું તેટલા બીજા લોકો નહિ રહી શકે. અમારી રાજનિષ્ઠાની તમે કદર કરતા નથી. પસ્તાશો.' સયાજીરાવે કહ્યું: 'તમે જોતા નથી કે હવે રાજનિષ્ઠાના દિવસો રહ્યા નથી. મારે પોતે જ, અને તમારે પણ, પ્રજાનિષ્ઠ થવું જોઈએ. હું ફક્ત મારી ગાદી સાચવવા નથી માગતો, પણ આખા દેશમાં ઉત્તમ રાજ્ય ચલાવવાનો નમૂનો બતાવવા માગું છું'.) કેટલાક દેશભકતો કહેવા લાગ્યા કે જ્યારે સ્વરાજ થશે ત્યારે સયાજીરાવને કેવળ વડોદરા રાજ્યના નહિ પણ આખા ભારતના અથવા એના મોટા પ્રદેશના રાજા બનાવીશું. કેટલા યે ક્રાંતિકારી દેશભકતો, અંગ્રેજોની નીતિથી બચવા માટે, ગુપ્તરીતે વડોદરા રાજ્યમાં રહેતા હતા.

આવા વાતાવરણમાં વડોદરા રાજના કેટલાક ભારત-પ્રેમી દેશભક્ત અમલદારોએ રાષ્ટ્રીય કેળવણીની સંસ્થા સ્થાપવાનું નક્કી કર્યું. અને તે પણ એક ધાર્મિક મહંતના જૂના મઠની અંદર. એ સંસ્થા સ્વામી બ્રહ્માનંદના શિષ્ય કેશવાનંદના મઠમાં નર્મદા કિનારે ગંગનાથ નામના તીર્થસ્થાનમાં સ્થાપવામાં આવી.

એક તો દેશી રાજમાં, વળી જૂની ઢબના મહંતના ધાર્મિક મઠની અંદર ચાલે અને એના મુખ્ય વ્યવસ્થાપકો રાજ્યના સરકારી નોકરો; એટલે આવી સંસ્થા વિષે ભારત સરકારના અંગ્રેજ અમલદારોને શંકા પણ ઉત્પન્ન ન થાય. આવી સંસ્થામાં અંગ્રેજોના રાજ સામે થોડો અસંતોષ કેળવાય. વિદ્યાર્થીઓને જૂની ઢબની લશ્કરી કવાયત શીખવાય. અને દેશભક્તિનું વાતાવરણ ખાનગી રીતે પરિપુષ્ટ કરાય. એથી વધારે એમાં થઈ પણ શું શકે ? આખી સંસ્થાનું વાતાવરણ જૂની ધાર્મિક ઢબનું. એમાં પૂજાઅર્ચા, ખાનપાનના જૂના રિવાજો, ધાર્મિક ઉત્સવો અને મહંતની ગાદી પ્રત્યે નિષ્ઠા, આવું તો બધું હોવાનું જ. આવા વાતાવરણમાં ભારતની સ્વતંત્રતાનો સંકલ્પ સેવવાનો વિચાર હતો.

એ ગંગનાથ વિદ્યાલયની સ્થાપના પાછળ બૅરિસ્ટર કેશવરાવ દેશપાંડે મુખ્ય હતા. તેઓ મૂળે કોલ્હાપુર તરફના. બૅરિસ્ટર થવા વિલાયત ગએલા. ત્યાં શ્રી અરવિંદ ઘોષ જેવા યુવાનો સાથે દોસ્તી થએલી. એમના સ્વભાવમાં દેશભક્તિ ઉપરાંત હિંદુ ધર્મ ને એની સંસ્થાઓ પ્રત્યે આદર ખરો.

જૂના વખતમાં ઔરંગઝેબના દિલ્હી બાદશાહ સામે અને વિજાપુરના બાદશાહ સામે શિવાજી મહારાજે સ્વરાજ્યની સ્થાપના કેમ કરી, શિવાજીના ગુરુ સમર્થ રામદાસે, અનેક ધર્મ-મઠો સ્થાપી એમાં રાષ્ટ્રસેવકો તૈયાર કેમ કર્યા વગેરે જૂનો ઇતિહાસ બધા જાણે. એટલે એના નમૂના પર અહીં એક જાતનું બિનહથિયારી સ્વરાજનું લશ્કર ભવિષ્યમાં તૈયાર કરી શકાશે એવી મહત્ત્વાકાંક્ષા મનમાં રાખી ગંગનાથમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ પસંદ કરવામાં આવ્યા.

આમ નર્મદા કિનારે ગંગનાથ જેવા એક સાવ ખૂણે પડેલા પ્રદેશમાં, દંડબેઠક, લાઠી બાથાટી વગેરેનું શારીરિક શિક્ષણ આપવાનો પ્રારંભ થયો. છોકરાઓ દેશભક્તિનાં ગીતો ગાવા લાગ્યા. શ્રી અરવિંદ ઘોષના ભાઈ અને બંગાળના ક્રાંતિકારીદળના નેતા બારીન્દ્ર પણ ત્યાં આવીને રહેલા.

આવી સંસ્થા પણ કોઈ જૂના આદર્શવાળા મહંતોની દેખરેખ તળે ચાલે તો તેમાં ધર્મને નામે ચાલતા (પણ ખરેખર ધાર્મિકતાને કલંક લગાડનાર) રાષ્ટ્રભાવના વિરોધી રિવાજોનો આગ્રહ રહેવાનો જ. એવા આગ્રહો રાષ્ટ્રીયતા અને શુદ્ધ આધ્યાત્મિકતાને વરેલા શિક્ષકો કે વિદ્યાર્થીઓ કેમ સહન કરે ? એટલે એ સ્થિતિમાં જે થવાનું હતું તે જ થયું. ગંગનાથ તીર્થક્ષેત્રમાં ચાલતી આ રાષ્ટ્રીય શાળાના ઘણાખરા શિક્ષકો અને વિદ્યાર્થીઓ એ સંસ્થા છોડી વડોદરામાં આવી દેશપાંડે સાહેબ જેવા સંસ્થાપકોને મળ્યા. અંતે 'ગંગનાથ વિદ્યાલય' નામે ઓળખાતી એ 'રાષ્ટ્રીયશાળા'ને ગંગનાથ છોડી વડોદરામાં આણવી પડી. (ત્યાં પણ એને રહેવાની જગ્યા એક મોટા ધાર્મિક મંદિરમાં જ મળી.) અને ત્યાર પછી થોડા જ દિવસોમાં હું દેશપાંડેના હાથ તળે કામ કરવા ઈ. ૧૯૧૧માં વડોદરા પહોંચ્યો. એમણે મને ગંગનાથ વિદ્યાલયનું કામ સોંપ્યું. અને આ રીતે રાષ્ટ્રીય કેળવણી સાથેનો મારો સંબંધ ફરી વાર બંધાયો.

હું કેશવરાવ દેશપાંડે સાથે જોડાયો તેથી વડોદરા રાજના કેટલાક ઉચ્ચ સ્થાનના અમલદારો સાથે મારો પરિચય વધ્યો. એમાં વડોદરા લશ્કરના મેજર માધવરાવ જાધવ અને એમના ભાઈ ખાસેરાવ જાધવ (જેઓ મોટા સૂબા હતા) એ બેનાં નામ ખાસ નોંધવા જેવાં છે. બંને ઉત્તમ દેશભક્તો; આઝાદીના ઉપાસક અને પોતાના કામમાં અત્યંત કુશળ. સમાજમાં એમની પ્રતિષ્ઠા સૌથી વધારે. અંગત રીતે એવા લોકો સાથે વિચાર-વિનિમય કરવાની તક મળે એ લાભ નાનોસૂનો ન હતો. સમાજની દૃષ્ટિએ અમે કેવળ શાળા-માસ્તર. પણ આ લોકો અમને આદરપૂર્વક બોલાવતા હતા અને જાતજાતની યોજનાઓને અંગે અમારી સલાહ પણ પૂછતા હતા.

છત્રપતિ શિવાજીના વખતમાં સામાન્ય પ્રજા પ્રથમ વિદેશી રાજની સરકારને માન્ય રાખે. એ રાજ ચલાવવામાં મદદ પણ કરે. અને સાથેસાથે ખાનગી રીતે સ્વરાજની તૈયારી કરે. એવે વખતે લોકોનું ને રાષ્ટ્રસેવકોનું માનસ કેમ કામ કરતું હશે તેનું તેમજ કેટલાક સ્વદેશી અમલદારો વિદેશી સરકારની સેવા પણ કરે અને હૃદયથી સ્વરાજની હિલચાલને આશીર્વાદ પણ આપે એ કેમ બનતું હશે તેનું વાતાવરણ તે વખતે અમે અમારા જીવનમાં અનુભવવા લાગ્યા હતા. એક બાજુ સમાજમાન્ય લોકપ્રિય ધાર્મિક નેતાઓની પ્રતિષ્ઠા તળે અમારું ક્રાંતિનું કામ અમે સુરક્ષિત રાખતા હતા, અને એ જ વખતે જૂના રૂઢ ધર્મનો પાયો અમારા વિચાર અને આચારથી કમજોર કરી નાખતા હતા. આ બધું 'રાષ્ટ્રસેવા'માં આવી જતું હતું અને એ નીતિમાં અમે ફાવી પણ ગયા હતા. છતાં અંગ્રેજ સરકારના સી. આઈ. ડી. ખાતાની નજરમાંથી અમે છટકી શક્યા ન હતા, એટલે એમાંથી બને તેટલા બચી જઈને અમે અમારું કામ કરવા લાગ્યા. (ક્રમશઃ)

છાલો-પાલો-મરી-મસાલો-૫

મીઠો લીમડો

લીલા મસાલામાં પાતળી લાંબી સળી પર દોઢ-બે ઇંચ લાંબાં ઘેરાં લીલાં મીઠા લીમડાનાં પાન એની લાક્ષણિક સુગંધથી ઘરઘરનાં જાણીતાં છે. એ પાન કે એના વઘારથી કઢીમાં આવતી અનેરી સોડમનો અનુભવ તો સૌને હશે. દાળ, ચટણી વગેરેમાં પણ એ વપરાય છે.

છેક કુમાઉથી માંડી કેરાળા સુધી જામફળી જેવડાં એનાં નાનાં વૃક્ષ ઊગે છે. ઘરઆંગણે રોજિંદા વપરાશ માટે એ સરળતાથી ઉછેરી શકાય છે.

મીઠા લીમડાનાં પાન કંઈક તુરાશવાળાં કડવાં, તીખાં, શીતળ, લઘુ અને રુચિકર છે. દાહ, અર્શ, શૂળ, કૃમિ, સંતાપ, સોજો. કોઢ, ભૂતબાધા અને વિષનો એ નાશ કરે છે. આધુનિક વૈદક પણ એને આમાશય માટે પૌષ્ટિક ગણે છે. એમાંથી ઉડ્ડયનશીલ તેલ અને ગ્લુકોસાઈડ મળે છે.

મીઠા લીમડાનાં પાનનો ઉકાળો કરી પીવાથી ઊલટી મટે છે. પાનને પાણી સાથે વાટી, તેમાં થોડું વધુ પાણી ઉમેરી ગાળીને પીવાથી લોહીની ઊલટી, લોહીવાળા ઝાડા તથા દૂઝતા મસા રક્તાર્શમાં ફાયદો થાય છે. આ પાન ચાવીને ખાવાથી મરડો મટે છે. વિષજન્ય વેદના અને સોજા પર મીઠા લીમડાને પીસીને લેપ કરવાથી કે તેની પોટીસ કરી બાંધવાથી રાહત થાય છે.

મીઠા લીમડાની છાલ અને મૂળ ઉત્તેજક, મૃદુ ને રેચક છે. ઝેરી જંતુના ડંખ પર એ ચોપડાય છે. એના મૂળના બે તોલા રસમાં અથવા પાનના ચાર તોલા રસમાં એક માસો એલચીદાણાનું ચૂર્ણ નાખીને પીવાથી મૂત્રાવરોધ દૂર થઈ પેશાબ સાફ આવે છે. **માધવ મો. ચૌધરી**

ચં. ચી. મહેતા] જુગલબંધી-૮ [સુનીલ કોઠારી

લંડનથી ન્યૂ યૉર્ક

સામે કાંઠે તો કોયલ ટહુકી અને આપણે હેતને હુલાસે ન્યૂ યૉર્ક જવાનાં સપનાં પણ દેખતા થયા. પણ રહો, એમ કાંઈ ત્યાં પ્રવેશ કરવાનું સહેલું નથી તો! નાજી, વિસા કઢાવવા પડે, ને તે ય જે દેશમાંથી ઊપડ્યા હો ત્યાંથી. એક સવારે ગ્રોવનર સ્ક્વેરમાં આવેલી અમેરિકાની મસ્સ મોટી એમ્બૅસીમાં ગયો ત્યારે મારાં બધાં કાગળિયાં–સ્પૉન્સર શિપલેટર, નિમંત્રણો બધું છતાં કાઉન્ટર પરની બાઈ કહે: 'નો મિસ્ટર! આ નહિ ચાલે. ઇન્ડિયાથી નીકળ્યા ત્યારે વિસા કેમ નહિ કઢાવેલો?' અમે કહ્યું (સ્વગત): 'બાઈ! અમારી મરજી!' (પ્રકટ): 'નિમંત્રણ પાછળથી મળ્યું. આ રહી રીટર્ન ટિકિટ ને તમારી બધી જરૂરીઆતો અનુસારની અરજી. વિસા આપો તો મોટો પાડ!' પણ પેલી કંઈક ચમરબંધીઓને સીધા કરી ચૂકેલી, તે હું તે કઈ મોટી વિસાત! થોડી વાર બેસાડ્યો પછી પાછો બોલાવ્યો: 'તમે પ્રોફેસર તે ખરું; પણ પાર્ટ-ટાઈમર છો! તમારો પર્મેનન્ટ વ્યવસાય શો?' મનમાં તો જે ખીજ ચડી! પણ કહેવાય ઓછું કે નાચ-નખરાંને છંદે ચડેલા છીએ? અમારું ચાર્ટર્ડ ઍકાઉન્ટન્ટનું બધું કહ્યું. પણ મારી વહાલી મચક જ ન આપે. અંતે કહે: 'વારુ, તમે ચાર્ટર્ડ ઍકાઉન્ટન્ટ હો તો તેનું સર્ટિફિકેટ લ.વો પછી વાત!'

છે ને તાલ? મિસિસ ફ્રેઝર કહે: 'એમ હતાશ થયે શું વળે! આ લે ફોન. મુંબાઈ ભાઈને વાત કર, ને બધું મંગાવી લે. હજી તો જવા આડા છ દિવસ છે.' એટલે ચકરડું ફેરવ્યું. અરધા કલાકમાં 'હં! કોણ?' સામે કાંઠે રમાકાન્તભાઈ પૂછે: 'શું દાટયું છે ન્યૂ યૉર્કમાં? ને બધા કાગળ તરત કેમ મળશે?' પછી એર ઇન્ડિયામાં અમારી એક સખી પૂર્ણિમા દિક્ષિત (પૂર્વે મઝુમદાર); તે નૃત્યાંગના અને રૂપરૂપનો અંબાર; સેઈલ્સ ડિપાર્ટમેન્ટમાં કામ કરે. આશાની પણ તે મિત્ર. તેની મારફત બે દા'ડામાં લંડન એર ઇન્ડિયાની કો'ક એર હૉસ્ટેસ જોડે બધાં ચીંથરાં–કાગળિયાં આવે તેવો તાલ ગોઠવી, હું ઊપડ્યો પારી(સ). ત્યાં લક્ષ્મી વિશ્વનાથન્‌નો કાર્યક્રમ, અને મારું લેક્ચર. લંડનથી વિસા મળતાં મુશ્કેલી પડી તેથી પારી(સ) મેં માદામ માર્કિસ દ પોતેસ્તાદને ફોન કર્યો. નામ મોટું તેમ તેની લાગવગ પણ ખાસ્સી. ભારત આવેલી અને તે, રામ-ગોપાલ, હું, ફિલ્મ ડાયરેક્ટર માદામ કલૅાડ લા મોરીસ બધાં કેરળ કલા મંડલમ્‌માં સાથે રહેલાં. કૉપનહેગન જતાં પારી(સ)માં તેને ત્યાં હું ત્રણ દા'ડા રહેલો. ત્યારે તેણે કૉન્સ્યુલેટમાં પોતાની કંઈ ઓળખાણ હોવાની વાત કાઢેલી. એણે ઘણી મદદ કરી.

આ ફેરા પારી(સ) હોવરક્રાફ્ટમાં ગયો. પાણી પર ઊડે. તેમાં વિમાનની જેમ જ હોસ્ટેસ, બેસવા કરવાનું વગેરે. મઝા પડી. પણ મનમાં ચિંતા કે વિસાનું થશે કે કેમ? પારી(સ)માં સ્ટેશન ગાર્દ દુ નોર્દ ઊતર્યો ને જોઉં તો પારાવારની ભીડ! હૈયે હૈયું દળાય તેવો માનવ-મહેરામણ. નીચે મેટ્રોમાં અંડરગ્રાઉન્ડ ટ્રેનમાં જવા કરું ને જોઉં તો દરવાજા, જાળીઓ બધું બંધ ને મસ્સ મોટાં તાળાં! હડતાલ! બહાર આવીને કલાક લગી ટૅક્સીની લાંબી કતારમાં ઊભો, પણ સમયસર થીએટર પર પહોંચવાની આશા નહિ; એટલે ટેલિફોન કર્યો. લક્ષ્મી કહે: 'તારા સ્લાઈડ શો લેક્ચર વિના ચલાવવું પડશે. તું રાત લગીમાં હોટેલ પર પહોંચે તો યે નસીબ.' ભારેની હડતાલ. રસ્તો ઓળગી ભીડમાં બસ શોધું ત્યાં એક રંગબેરંગી ટોળું જતું જોયું. તેમાં ભારતીય સાડી-માં બે સ્ત્રીઓ જતી જોઈ. કુતૂહલથી નજર લંબાવી તો એ ટોળામાં અમારા જિગરજાન મિત્ર હરિદાસ પટેલ!

તે બધાં લંડનમાં ચાર દિ'થી મને શોધે, ને પછી આશા મૂકી દીધી. અહીં પારી(સ)માં આમ ભેટી જતાં હરખ માય નહિ. પાસેની હોટેલ-માં જ બધાં ઊતરેલાં અને મેટ્રોની હડતાલ એટલે પારી(સ) પગતળે કરતાં હતાં. ઓહો! પછી તો જે રંગ જામ્યો છે! મુંબાઈમાં અમે પરદેશમાં મળવાના પ્લાન કરતા હતા તે ફળ્યા એટલે હું ને હરિદાસ તો ઊપડ્યા પીગાલ અને રંગીન પારી(સ)માં રખડવા. રાતે આપણા 'ટાઈમ્સ ઑવ ઇન્ડિયા'ના પ્રતિનિધિ-ખબરપત્રી દિલીપ પડગાંવકરને ત્યાં. ને પછી તો રોલાં બાર્થોસ અને લૂઈ માલ, ત્રુફો ને ગોદાર એમ કંઈકંઈ લેખક–ફિલ્મ-ડિરેક્ટરોની વાતોનો ભંડાર દિલીપે ખોલ્યો. થોડો ફ્રેન્ચ વાઈન, ને લતિકા-એ બનાવેલી ખીચડી આરોગી રાતે પાછા ભટકવા ઊપડ્યા. 'મુલાં રૂજ' 'મોંમાર્ત', 'સેક્ર કર' ને 'પીગાલ'માં ભટકી ભટકી મોડી રાતે છૂટા પડ્યા. હરિદાસ બીજે દા'ડે જીનીવા જવાનો એટલે પાછા મુંબાઈ મળવાનું કહી, દેખાય ત્યાં લગી ટૅક્સીમાંથી હાથ કરી હું માદામ પોતેસ્તાદને ત્યાં ઊપડ્યો. તેમનું પહેલું નામ એલિસ. કહે: 'બ્યાં વીત, બ્યાં વીત; બ્યાં વન્યુ, બ્યાં વન્યુ – આવ્યો તે ઠીક કર્યું. કાલે સવારે દસ મિનિટમાં તારો વિસા હાજર, હાલ તો શું લઈશ? વ્હિસ્કી, બીઅર, વાઈન?'

ભલી એલિસે બીજે દહાડે કૉન્સ્યુલેટમાં જઈ સૌથી વડી અધિકારી બાઈના કાનમાં શો ય મંતર ફૂંક્યો તે પેલી જ જાણે! મોટા ક્રિટિક ક્રિટિક અને ઑથર અને ડાન્સ ઑથૉરિટી અને એવું બધું; ને ટેડશૉનના જન્મ-દિવસના જલસામાં ભારતના પ્રતિનિધિ! એમ બધો ખેલ પત્યો, પાસપોર્ટમાં છાપ પડી અને અમે રૂ સાં ઓનોરમાં આપણી હૅન્ડીક્રાફ્ટ-ની દુકાન 'સોના'માં ગયાં. ત્યાંથી ન્યૂ યૉર્કની તેની જ શાખામાં કામ કરતા, બાળકો માટે પુસ્તક લખતા મેહલી ગોભાઈ પર કાગળ લઈ વે સાઈડ કાફેમાં જઈ મોટો 'ગાતો' કેક મગાવી બેય જણે 'હાશ' કર્યું. સાંજે સિલ્વર ઍરો લાઈનમાં પારી(સ) છોડી, બંદરેથી વિમાનમાં, વળી ડોવર પરથી ટ્રેનમાં, ને રાત્રે ઘેર. બે દહાડાનો ખેલ ને બંદાનો હરખ માય નહિ; હવે આવી જાવ બેટમજી! અહીં નહિ તો ત્યાંથી વિસા લીધો!

મેં ચાર્ટર્ડ ફ્લાઈટની સસ્તી રીટર્ન ટિકિટ લીધેલી. એટલે તે જો ચૂક્યા તો પૈસા પાછા ય ન મળે, ને તમે રહો હાથ ઘસતા! વહેલી સવારની ફ્લાઈટ એટલે રાત્રે મિની-કૅબ માટે ફોન કરી ટૅક્સી બાંધી રાખી. સવારે બધાંને સૂતાં મૂકી બૅગ લઈ ગુપચુપ નીકળ્યો ને ટૅક્સી ઊપડી વિક્ટો-રિયા સ્ટેશન તરફ. કોઈ બંગાળી ભાઈ ડ્રાઈવર તરીકે 'એક્સ્ટ્રા ઈન્કમ' માટે આવા ભળભાંખળા સમયની ટૅક્સી ચલાવતા. થોડેક દૂર ગયા ને પુલ વટાવતાં ભચ્ચ દઇને અવાજ થતાં ગાડીમાં પંક્ચર! લંડનની વહેલી સવારના પાંચે મને પરસેવો વળી ગયો! ટૅક્સીમાં વાયરલેસ મશીન હોય છે તે દ્વારા અમે વારંવાર મિની સર્વિસ પર સંદેશો આપ્યો કે અમારા રામ અહીં ખોટકાયા છે. સામાન મૂકી મુખ્ય રસ્તા પર આવી હું આવતાં-જતાં વાહનોને લિફ્ટ માટે રોકવા ઊભો. પણ સવારે પાંચે તે ક્યા ભગાભાઈ તમને લિફ્ટ આપવા નવરા હોય? છની મારી ટ્રેન, ગેટવીક એરપોર્ટ પહોંચવાનું ને જો તાલ! અરધો કલાક વીતી ગયો. ન કોઈ ટૅક્સી-વાળા રોકાય કે ન કોઈ લિફ્ટ આપે. આખરે એક પોલીસવાન જતી હતી તેને રોકી મેં બધી હકીકત સમજાવી. અફસર ભલો તે મને વાનમાં ટૅક્સી સ્ટૅન્ડ લઈ ગયો ને બીજી ટૅક્સી લઈ હું અમારી ખોટકાએલી મિની કૅબ પાસે આવ્યો. સામાન મૂકી અમે જે મારી મૂકી છે તે લગભગ દોડતી ગાડીએ બેગ નાખી હું વિક્ટોરિયા સ્ટેશનેથી ગેટવીક એરપોર્ટ પર જવા ટ્રેનમાં ચડ્યો. મારો શ્વાસ માય નહિ. બીજા ઉતારુઓ પણ જોયા કરે!

પણ હજી આટલેથી પતે તો જોઈતું'તું શું? એરપોર્ટ પહોંચી લગેજ રજિસ્ટર કરાવી હાશ ભણી કાફેમાં જઈ બ્રેકફાસ્ટ કરી એનાઉન્સમેન્ટની રાહ જોતો એક ઈરાની પૅસેન્જર બાઈ જોડે વાતો કરતો બેઠો હતો. ને

એનાઉન્સમેન્ટ આ મુજબ : 'અમે દિલગીર છીએ. ટેકનિકલ ખામીને લીધે આ ફ્લાઈટ અહીંથી નહિ પણ માંચેસ્ટરથી ઊપડશે. બધા ઉતારુઓ ફલાણા નંબરની માંચેસ્ટર જતી એરલાઈનની બસમાં બેસે!' અમારાં મોં તો જોવા જેવાં! પેલી ઈરાની બાઈ અરધું અંગ્રેજી બોલે અરધું ફ્રાંસિયા. કહે : 'મને મદદ કરો. ન્યૂ યૉર્કમાં મારી દીકરીઓ મારા મોડા પહોંચવાના સમાચારે અરધી થઈ જશે ને ગભરાઈ મરશે. વળી મારી બૅગ જીનીવાથી આવી નથી.' 'આપણે ન્યૂ યૉર્ક કૉલ કરીએ.' મેં કહ્યું : 'મારે આશાને પણ ખબર આપવા છે. હવે આપણે એક દિવસ મોડાં પહોંચવાનાં.' અમે કૉલ કરી ત્યાં બધું જણાવી, બસમાં જઈ બેઠાં.

થોડા ગુજરાતી ભાઈઓ પણ હતા, એટલે ઘરમેળો જામ્યો. એક જતા હતા કૅનેડા ને બીજા સાનફ્રાન્સિસ્કો. ચાંદામામાએ સાનફ્રાન્સિસ્કો તરફ વસેલા સૂરત બાજુના ગુજરાતીઓ વિષે 'કુમાર'માં લખેલું છે તેમાંના જ એક પટેલ ભાઈ હતા. એક વિદ્યાર્થી ન્યૂ યૉર્ક જતા હતા એટલે જામી. માંચેસ્ટરને આખે રસ્તે આંતર પ્રદેશની વનશ્રી, ઢાળઢોળાવ, તળાવ, લીલા ઘાસનાં મેદાન, બધું જોતાંજોતાં, મ્હાલતાંમ્હાલતાં માંચેસ્ટર. ત્યાંની એક મોટી હોટેલમાં એરલાઈન કંપનીએ અમને ઉતારો આપ્યો. અમે ગુજરાતીઓએ ટોળે વળી ચાર પાંચ રૂમો વહેંચી લીધી. રાજભાઈ પટેલનાં પત્ની લતા ભાભીએ બધાંને ઢેબરાં, સુખડી, અથાણાં વગેરે ખવડાવ્યું ને રાત્રે હોટેલના 'ફ્લોર' પર ભાતભાતનાં વિદેશી સમૂહ-નૃત્યો જોઈ, તેમાં ભાગ લઈ, વાતો કરી, હસીમજા કરી બિસ્તરે આડા પડ્યા કે વહેલી પડે સવાર!

અને અંતે ન્યૂ યૉર્ક! હું ભોળો ભટાક તે કૅનેડી એરપોર્ટ પર ઉતરાણ થાય તે પહેલાં હવામાં અધ્ધર તરતાંતરતાં પેલા 'સ્ટૅચ્યુ ઑવ લિબર્ટી'ને કે પછી ક્યાંકથી મૅનહટ્ટન ટાપુ પરની વિખ્યાત સ્કાઈ-લાઈન દેખાય તો તે જોવા કરું. પણ અમે તે કશું જોઈ શક્યા નહિ. બધી સૂચનાઓ આશાએ ફોન પર ઘાંટાઘાંટ કરી આપેલી, એટલે સિટી એર ટર્મિનલ પહોંચી, લબાચા લઈ, બે બ્લૉક ક્રૉસ કરી, ઈસ્ટ ૩૬મી સ્ટ્રીટમાં ૧૨૦ નંબરના મકાને લિફ્ટમાં ચડી, પેન્ટહાઉસ એપાર્ટમેન્ટમાં પહોંચી ડોરબેલ વગાડી, આશાના ઘરમાં પ્રવેશ કર્યો. બંને હેતથી ભેટ્યાં. અને ઓહો – આ રૂપની પૂતળીમાં કશો જ ફરક નહિ! એવી જ અલ્લડ; નાચ ને નખરાં; મુક્ત હાસ્ય અને પારદર્શક નિષ્ઠા; સ્નેહ અને ભાવ! સાથે રહેતો જીન આયર નામે જુવાન ફિલ્મ-ડાયરેક્ટર અમારા બેના બડબડાટને બાઘો થઈ જોઈ રહ્યો! કહે : 'માળાં સાવ ગાંડાં! તમે બે બોલકાં ભેગાં થાવ તો બીજું કોઈ અસ્તિત્વ ધરાવે છે તેવું લાગે જ નહિ. હવે ઊઠો, ખાશો-પીશો કે નહિ? કે પછી તમારી સાહેલીઓ ને દોસ્તોની વાતોથી જ પેટ ભરશો?'

રસોડામાં જઈ તેણે અમારે માટે ખાવાનું બનાવ્યું. હું 'કૅશ બૉક્સ', 'રેકોર્ડ વર્લ્ડ' ને 'ગ્રીનિચ વીલેજ'નાં ચોપાનિયાંમાં આવેલાં, આશાનાં મોંફાટ વખાણવાળાં પ્રેસ કટિંગ્સ, તેની આલ્બમો બધું જોવામાંથી ઊંચો આવું ત્યારેને? આ જ આશા બે વરસ પર ભાવિની કશી સ્પષ્ટ રેખા વિના આ નિર્દય ક્રૂર નગરીમાં આવેલી, તેને ડંકો વગાડતી જોઈ મારી આંખમાં ઝળઝળિયાં આવી ગયાં. આશા, પોતે કંઈ કરી શકી છે અને અમે સૌએ તેનામાં મૂકેલી શ્રદ્ધા ફળીભૂત થઈ છે તે માટે કૃતકૃત્યતા અનુભવતી મૂંગીમૂંગી મારો આનંદનો ભાવ જોઈ રહી. પછી તો એ વંટોળ જેમ ઊપડી. ટેલિફોનનાં ચકરડાં ફેરવી કંઈ કેટલીય ઍપૉઈન્ટમેન્ટ્સ લઈ રાખેલી ત્યાં બધે વાતો કરી મારા ત્રણ દિવસના ભરચક કાર્યક્રમની કડીબંધ વિગતો આપી દીધી. ન્યૂ યૉર્ક સિટી સેન્ટર બાલેના રૉબર્ટ જ્યૉફ્રે, આધુનિક નૃત્યશૈલીનાં ઉપાસક માર્થા ગ્રૅહામની પટ્ટશિષ્યા પર્લ લૅંગની મુલાકાતો, બાલીમાં કમ્બોડિયન રામાયણના શોની ટિકિટો અને જમીને તરત મ્યૂઝિયમ ઑવ મૉડર્ન આર્ટ તરફ જવાનું બધું તરખડ ચાલ્યું. હું બંકો થઈ સાંભળ્યા કરું, ત્યાં ફોન!

પ્રોવિડન્સ પહોંચતાં પહેલાં ચાંદામામા ને મીનળે ભાળ કાઢી કે અંતે હું પહોંચ્યો છું કે નહિ. બંને સાથે વાતો કરી અને મારે ગ્રેહાઉન્ડ બસમાં કેમ પ્રોવિડન્સ પહોંચવું જ પહોંચવું તે બધું પાકું કરી, ૫૫મી સ્ટ્રીટ તરફ અમે હંકારી ગયાં. દિવાળીના દિવસો હતા એટલે 'સોના' શૉપમાં રંગોળી પુરાતી હતી. એક પુરોહિતની શોધમાં મેહલી ગોભાઈ, નીલાંજના ધાર (આપણા ગગનવિહારીભાઈનાં પુત્રી), 'શેક્સપીઅર-વાલા' ફિલ્મમાં નામના રળી ચૂકેલી માધુર જાફ્રી—બધાં વ્યસ્ત હતાં ત્યાં અમે પહોંચ્યાં. ને મારે માથે શ્લોકો રટવાનું આવ્યું! 'સોના' શૉપમાં જઈએ એટલે લાગે કે ભારતમાં ભૂલા પડ્યા. બહાર પચાસ મજલા ઊંચી ઇમારતો ન જોઈએ તો ન્યૂ યૉર્કમાં છીએ તેમ ન લાગે. ફિફ્થઍવેન્યુ, મૅડિસન ઍવેન્યુ—આ બધું જોવાનાં સ્વપ્નાં સેવેલાં તે અમારી પ્રિય આશા જોડે જોતાં ફળ્યાં અને ધન્યતા અનુભવી.

સાત કલાકની નૉનસ્ટૉપ ફ્લાઈટ અને ઉજાગરો; પણ એક્સાઈટમેન્ટમાં તેનો કશો ત્રાસ વરતાયો નહિ. મ્યૂઝિયમ ઑવ મૉડર્ન આર્ટમાં આશાના પતિને મળ્યા. ને રાત્રે સ્ટ્રેટન આઇલૅન્ડ પર બી. બી. કિંગને ગાતા સાંભળવા-જોવાનો કાર્યક્રમ પાકો કર્યો. ઘરે આવીને આશાએ કંઈ કેટલાય બીજા ફોન કર્યા. ત્યાં, નરેન્દ્ર પટેલનો ફોન આવ્યો : (વડોદરાથી કથકમાં એમ. એ. કરી તે ન્યૂ યૉર્ક યુનિવર્સિટીમાં કથક પર પીએચ. ડી. કરવા આવેલા. ક્વીન્સમાં રહે.) 'કેમ સુનીલભાઈ! ક્યારે આવ્યા? ઓળખાણ પડે છે કે ભૂલી ગયા?'—અને પાંચ વાગ્યે સાંજે હાજર! લોબસેન્ટરમાં ન્યૂ યૉર્ક યુનિવર્સિટીમાં વૉશિંગ્ટન સ્ક્વેર પાસે મારાં લેક્ચર્સ ગોઠવ્યાં હતાં તે બધી વિગતો અંકે કરી. હું પ્રોવિડન્સથી મીનળ જોડે પાછો ફરું એટલે ક્યાં ક્યાં બાલે કયે કયે સ્થળે જોવાં, કોને કોને મળવું તે બધો કાર્યક્રમ વિચારી રાખ્યો.

ઓહો હો! આ તે ન્યૂ યૉર્ક! અહીં રાત તો પડે જ નહિ. દીવાની ઝાકમઝોળ, ને ફ્રૉમ વન એક્સાઈટમેન્ટ ટુ અનધર, બસ ચોવીસે કલાક ધમાલ ધમાલ ને ધમાલ! હું આશાની ગૅલેરીમાંથી દેખાતું એમ્પાયર સ્ટેટ બિલ્ડિંગ, લાઈફ-ટાઈમ બિલ્ડિંગ ને બીજી ગગનચુંબી ઈમારતો જોયા કરું! ક્યાંથી ક્યાં આવી પડ્યો! એવી સ્થિતિમાં થોડી બાઘાઈ અનુભવી રહ્યો ત્યાં તો હો હો કરતું આશાના મિત્રોનું ટોળું આવ્યું અને આશા કહે: 'ચલો, માતાજીનાં દર્શન કરવા!' (ક્રમશઃ)

ઈ. ૧૯૭૩માં પ્રકટ થનાર શ્રેષ્ઠ એકાંકી માટે

યશવંત પંડ્યા પારિતોષિક

રૂ. ૧૦૧

ગુજરાતી સાહિત્યમાં પોતાની એકાંકી નાટિકાઓ વડે આગવી ભાત પાડી જનાર સ્વ. યશવંત પંડ્યાની સ્મૃતિમાં તેમના પુત્ર શ્રી કપિલરાય પંડ્યા તરફથી, ઈ. ૧૯૭૩ દરમિયાન 'કુમાર'માં પ્રકટ થતી એકાંકી નાટિકાઓ પૈકી શ્રેષ્ઠ નીવડનારને રૂા. ૧૦૧નું પારિતોષિક અપાશે. નિર્ણાયકો શ્રી અનંતરાય રાવળ, યશવંત શુક્લ અને 'કુમાર'ના તંત્રી રહેશે. લેખકોને ભાગ લેવા નિમત્રણ છે.

હરિઃ ૐ આશ્રમ તરફનું ડિસેમ્બર અંક માટેનું રૂ. ૫૦નું

જીવનચરિત્ર પારિતોષિક

'ત્રૈલોકચનાથ ચક્રવર્તી'ના લેખક શ્રી બિહારીલાલ ટાંકને મળે છે.

વહેમ

અમારા મામાને જો તમે કહો કે એમની તબિયત બહુ સારી દેખાય છે, તો પછી થઈ રહ્યુ. બીજી જ પળે એ ફિક્કા પડી જાય અને એકદમ નરમ અવાજે એ પોતાની તબિયત અંગે અનેક ફરિયાદો કરવા લાગી જાય. આફ્રિકા કે મલયેશિયા જેવા દૂરના દેશોમાં જ જાણીતાં હોય એવાં દર્દો એમને અહીં ભારતમાં લાગુ પડતાં! હજી શોધાયા પણ નહિ હોય એવા વાઈરસોએ એમના શરીર પર હુમલો કર્યો હોવાનું એ ચોક્કસપણે માનતા! દાક્તરોએ અનેક વાર કહ્યુ હતું કે એમનું સ્વાસ્થ્ય તદ્દન સારું છે, પણ દાક્તર કરતાં મામાનું જ્ઞાન વધુ વિશાળ હતું!

પણ આ સિવાય મામા ખરેખર બહુ અચ્છા આદમી હતા. પપ્પાનો અને તેમનો સંબંધ સાળા-બનેવી કરતાં મિત્ર સમ વધુ હતો. અમારા પ્રત્યે પણ મામાને બહુ ભાવ હતો. ટૂંકમાં રૂપેગુણે રૂડા મામામાં બીજી કંઈ મણા નહોતી. બાના એ એકના એક ભાઈ હતા. કુટુંબમાં એમને બા સિવાય કોઈ વડીલ હતું નહિ. કમાતા-ધમાતા યે સારું, એટલે એમને પરણાવી દેવાની બાને બહુ હોંશ હતી. બા તો કહેતી યે ખરી કે, 'એક વાર એને પરણી જવા દો, એટલે પછી ભાઇને પોતાની બીમારીઓનો વિચાર કરવાની પણ ફુરસદ નહિ મળે.'

પપ્પા પણ બાના એ કથનમાં સૂર પુરાવતા. પણ ન જાણે કેમ, બાને ત્યારે એમ જ લાગતું કે એ એમની મજાક કરે છે.

ભાઈને પરણાવવાની બાની યોજના અનુસાર, હમેશના નિયમ મુજબ, દર રવિવારે બપોરે મામા અમારી સૌની સાથે જમવા આવતા ત્યારે, ઘણી વાર બા કોઈ કન્યાને એમની નજરે પાડવા ભોજન માટે નોતરતી. અને એની યે પહેલાં એની આગળ મામાનાં એ એવાં તો વખાણ કરી રાખતી કે પેલી કન્યા પણ મામાને જોવા ઉત્સુક બની જતી.

અને બાનાં વખાણ કંઈ ખોટાં તો નહોતાં. પરંતુ જે એક બાબત એ કન્યા પાસે ન ઉચ્ચારતી તે મામાની બીમારીઓની.

અમે સૌ સાથે જમવા બેસતાં. મામાને ત્રાંસી આંખે જોઈ લેતી કન્યાની નજરને પકડી પાડવામાં અમને પણ મઝા આવતી. જમવાનું પિરસાઈ જતાં મામા હળવેથી ખિસ્સામાંથી ડબ્બી કાઢતા અને હવે પછીના ખેલનો એ રીતે આરંભ થતો.

પહેલો કોળિયો લેતાં પહેલાં મામા ડબ્બીમાંથી એકાદ ગોળી કાઢીને પાણી સાથે ગળી જતા. પછી ભાત પિરસાય ત્યારે વળી એની સાથે કંઈ ચૂર્ણ ભેળવીને ખાતા. જમ્યા પછી 'રેનીની બે ગોળીઓ' પણ ખરી, ને છેવટે છાશ હોય તો એની સાથે વળી કંઈ પડીકાં પણ લે. ચા કે કૉફી લેવાની હોય તો એની આગળ કે પાછળ પણ કોઈ ગોળી યા કૅપ્સ્યુલ ખરી. અને આ દવાઓ તથા ભોજનની વાનગી સાથે એના ગુણ-અવગુણ વિષેના મામાના માહિતીપ્રચુર વક્તવ્યનો લાભ પણ અમને તથા મહેમાન કન્યાને મળતો.

'જુઓ'—મામા જમતાંજમતાં જ પોતાનો ચહેરો બતાવી પેલી મહેમાન કન્યાને કહે: 'આ મારા ગાલ પર જે રતાશ દેખાય છે ને, એ તમને તંદુરસ્તીની નિશાની લાગતી હશે, પણ હકીકતે એ મારા બ્લડ-પ્રેશરનું પરિણામ છે.'

બા તુરત વચ્ચે બચાવ કરે: 'ભાઈ, એ બધો તારા મનનો વહેમ છે. તે દિવસે ડૉ. શર્માએ પણ નહોતું કહ્યું કે તને હાર્ટની કોઈ તકલીફ નથી?'

'ડૉ. શર્મા!' મામા તુરત બોલી ઊઠે: 'છટ્, અરે એ શું જાણે? મારી તબિયતની એને વધુ ખબર પડે કે મને?'

પણ એમની તબિયતની આવી વર્ણનમાળા દરમિયાન પેલી મહેમાન બાઈ તો મામાની બીમારીઓ સાંભળીને આભી જ બની જાય, ને કદાચ મામા હવે એમની માંદગીઓ વિષે વધુ કહેશે તો પોતે બેભાન જ થઈ જશે એવો યે એને ડર લાગતો હશે એવું અમને એના ચહેરા પરથી લાગતું. જો એ જિગરવાળી હોય તો તો જમ્યા પછી થોડું રોકાવાની હિંમત કરે, પણ ઢીલીપોચી હોય તો આ બીમાર મૂરતિયો જોઈ, જમીને તુરત પોબારા જ ગણી જાય.

અને એ ચાલી જાય ત્યારે મામા બાને કહે પણ ખરા: 'લોકો સાથે હળીમળીને વાત કરવાની એને ફાવટ નથી લાગતી, ખરું ને?'

બા ત્યારે મામાને ટોકે યે ખરી, પણ એની ખાસ અસર ન પડે.

પછી તો મામાની દવાઓનો વપરાશ અને સમય વધતાં ગયાં તેમ બાને કન્યાની ય તાણ પડવા લાગી. પણ એક દિવસ 'મિસ રેની' ('રેની'ની બે ગોળીઓ પરથી આ અમે ખાનગીમાં પાડેલું નામ છે)ને જમવા નોતરી.

એ એક ખાનગી હૉસ્પિટાલમાં નોકરી કરતી હતી. દાક્તરની સેક્રેટરી કે એવું કંઈક હતી. દેખાવે બહુ ઠાવકી ને મઝાની યુવતી લાગી. સમય થતાં સૌ જમવા બેઠાં. ખાવાનું પિરસાયું ને રાબેતા મુજબ મામાએ ખિસ્સામાંથી ડબ્બી કાઢી... પણ એના પર નજર પડતાં જ પેલી બોલી ઊઠી: 'શાની ગોળી છે?......ની? સારું થયું. હું પણ જમતાં પહેલાં એ જ લઉં છું, પણ અહીં સાથે લાવવાનું વિસરી ગઈ. વધારે હોય તો મને યે બે ગોળી આપોને. આજે તો અહીં પાકું ભાણું જમવાનું છે.' અમે આશ્ચર્યથી જોઇ રહ્યા, પણ મામા તો અવાક્ જ થઇ ગયા! અને પછી તો સાહેબ, ચાલ્યું! ભોજન દરમિયાન એ બનેએ રોગો અને ઔષધો અંગેની પોતાની જાણકારીનો અમને લાભ આપવા માંડયો. મામા દવાનું એક નામ લે ત્યાં પેલી એના ક્લિનિકમાંની એ જ પ્રકારની પણ વધુ પાવરફુલ બીજી કોઇ નવી જ દવાનું નામ આપે, ને એ રીતે મામાના ઔષધના જ્ઞાનકોશમાં પૂર્તિ કરતી જાય. પોતાના હૉસ્પિટાલના અનુભવ વડે એણે મામાના જ્ઞાનમાં આમ અનેકગણો વધારો કરી દીધો!

જમ્યા પછી અમે સૌ ઘણી વાર બેઠાં. છેવટ પેલી જવા ઊઠી ત્યારે પોતાને પણ કંઇ કામ અંગે જવાનું હોઇ, સાથોસાથે પેલીને એના ઘર સુધી મૂકતા જવા માટે મામા પણ એની સાથે જ ઊપડયા.

અને એ બંને પરણ્યાં ત્યારે પપ્પાએ કહ્યું યે ખરું કે હનીમૂન માટે જો તેઓ બંને ઇચ્છે તો પોતે કોઇ હૉસ્પિટલના સ્પેશ્યલ રૂમની વ્યવસ્થા કરાવી આપી શકશે!

થોડો સમય વીત્યો. રવિવારના જમણમાં હવે મામા આવતા નહોતા. પણ એક રવિવારે મામામામી આવી ચડયાં. પ્રથમથી જ નક્કી હતું એટલે બાએ કોઇ ચોપડીમાં વાંચેલી કંઇક નવી જ વાનગી બનાવી હતી.

એ જોતાં જ મામી બોલી ઊઠયાં: 'ઓહ, આ તો કંઈ નવતર વાનગી લાગે છે; શાની બનાવેલી છે? હું મારી ગોળીઓ લાવી હોત તો સારું થાત; પેટ ભરીને આ ખાઈ શકાત. પણ...'

પણ ત્યાં તો એમને વચ્ચેથી અટકાવતાં મામાએ અધિકૃત સ્વરમાં કહ્યું: 'એ બધો તારા મનનો વહેમ છે. ખરેખર તો તારે કોઈ ગોળી ખાવાની જરૂર નથી. તું નાહકની વહેમાય છે!' (અંગ્રેજી ઉપરથી)

શતરંજમાં આક્રમણ અને બચાવની રસાકસી

શતરંજના વિશ્વવિજેતાઓ–૪

સ્ટૅનિટ્ઝની એક આક્રમક રમત જોયા પછી હવે આપણે એન્ડરસન સામેની વિશ્વવિજેતા-પદ માટેની સ્પર્ધાની એક રમત જોઇએ. આ રમત બહુ સારી નથી, પણ એમાં આક્રમણ અને બચાવની રસાકસી જોવા મળે છે. સ્ટૅનિટ્ઝની આ રમતમાંથી એ ગૅમ ને તેને પરિણામે વિશ્વવિજેતાપદ જીતી જતાં આ રમતમાં બચાવની જીત થઈ એમ ગણાય. આનાથી શતરંજની રમતની શૈલીમાં ફેર પડયો.

અહીં એન્ડરસન સફેદ અને સ્ટેનિટ્ઝ કાળાં મહોરાંથી રમે છે. 'ઈવાન્સ ગૅમ્બિટ' એ રમતનો આરંભ (ઓપનિંગ) છે.

1 P–K4, P–K4; 2N–KB3, N–QB3; 3 B–B4, B–B4; 4P–QN4. આમ, એ સમયના ખેલાડીઓનું માનીતું ઓપનિંગ–'ઈવાન્સ ગૅમ્બિટ' થયું.

4..., B×P; 5P–B3, B–B4; 6 P–Q4, P×P;

7 O–O, P–Q3; 8 P×P, B–N3; સફેદ મહોરાંનો ઠીક એવો વિકાસ થયો. એનાં પ્યાદાં મધ્યનો કાબૂ ધરાવે છે, ને એણે કિલ્લેબંધી (કૅસલિંગ) કરી લીધી છે. પોતે ગુમાવેલા પ્યાદાના બદલામાં આ વળતર પૂરતું છે.

9 P–Q5, N–R4; 10 B–N2, N–K2; 11 B–Q3, O–O. કિલ્લેબંધી કરીને કાળા–સ્ટૅનિટ્ઝે પણ પોતાની રમત વિકસાવવાનો આરંભ કર્યો.

12N–B3, P–QB3; 13Q–Q2, P–KB4. જોયું? કાળાએ પહેલાં સફેદને મધ્યનો કાબૂ મેળવવા દીધો અને હવે એ મધ્યના પ્યાદા ઉપર હુમલો કરી તેને તોડવા પ્રયત્ન કરે છે. આ સિદ્ધાંતથી રમાતી અદ્યતન શૈલી એ કાળે શોધાઈ નહોતી. અહીં છેલ્લી બે ચાલમાં તેનો આરંભ દેખાય છે.

14 QR–K1, P×KP; 15 N×P, N×P. એન્ડરસને અહીં બીજા પ્યાદાનો ભોગ આપ્યો અને હવે એ રાજા તરફના આક્રમણ માટે તૈયાર છે.

16 N(4)–N5, P–KR3; 17 N–K6, B×N; 18 R×B, Q–Q2.

અહીં 18..., N–KB5 રમે તો 19 R×QP! (હાથીને મારી શકાય તેમ નથી) 19..., Q×R?; 20 B–R7ch, અને 21 Q×Q7 અને સફેદની સ્થિતિ સધ્ધર બને છે.

19 R–N6, N–KB5. હવે 20 Q×RPથી વધુ સબળ બનતા આક્રમણને ખાળવા બીજો ઉપાય નથી.

20R×Pch, Q×R; 21B×Q, K×B. સફેદને ભોગ આપેલ તેનું વળતર મળી ગયું અને તેનું આક્રમણ ચાલુ છે.

22 N–R4? અહીં સફેદે 22 B–N1થી ઊંટનો બચાવ કરવાની જરૂર હતી.

22..., N×B; 23 Q×N, R–B3; 24N–B5ch, K–B1; 25Q–KR3? અહીં સફેદે 25R–K1થી હાથીને બહાર લાવવાની જરૂર હતી. હવે સ્ટૅનિટ્ઝ પોતાના હાથીને તે પંક્તિ પર લાવીને આ નબળી ચાલનો લાભ ઉઠાવે છે.

25..., R–K1; 26 Q–N4, R(1)–K3; 27 Q–N7ch, K–K1; 28 P–N4, P–Q4; 29 K–N2, N–B5; 30 Q×NP, R–K7; 31 Q–N7, R(B)–K3; સ્ટૅનિટ્ઝે છેલ્લી થોડી ચાલમાં પોતાના QNPનો ભોગ આપીને પોતાનાં મહોરાંને સારી રીતે ગોઠવી દીધાં છે. બે હાથી એક હરોળ પર હતા તેમાં એક પંક્તિ ઉપર, અને એમાં યે એક હાથી તો સાતમી હરોળે પહોંચી ગયો છે.

32 P–KR4; P–Q5; 33 Q–N8ch, K–Q2; 34 Q–B7ch, K–B1; 35 N–N7, N–K6ch; 36 K–N1.

અહીં પણ 36 K–B3, 37 N×R પછી કદાચ એન્ડરસન જીતી શકત.

36..., R×K5!; 37 P–B3. અહીં 37 P×N પછી 37..., R×NPch; 38 K–R1, R×RPch; અને કાયમી શેહ વડે સ્ટૅનિટ્ઝને ડ્રૉ મળે છે. સ્ટૅનિટ્ઝની બચાવશક્તિથી અપરિચિત એન્ડરસન હજી જીતવાની આશા સેવે છે. પણ સ્ટૅનિટ્ઝ હવે સારી સ્થિતિમાં આવે છે અને હાથીનો ભોગ આપીને સુંદર આક્રમણ કરે છે.

37..., P–Q6!, 38 P×R, N×P dis.ch, 39 R–B2. 39 K–R1?? પછી 39..., R–R7 mate છે.

39..., B×Rch; 40 K–R1, આના કરતાં 40 K–N2થી કદાચ લાભ થાત. દા.ત. 40 K–N2, B–K8 dis.ch; 41 K–R3, N–Bch; 42 K–N3, N–R8 dbl.ch; 43 K–N4, R–N7ch; 44 K–R5, હવે કાળા પાસે કોઈ શેહ નથી. તે કદાચ 44..., R–R9 રમે તો પછી સફેદ 45Q–K8થી ઉપરાઉપરી શેહ આપે. કાળાના ઊંટ ને હાથી ટેકા વગરના છે તેથી શેહના જવાબ આપતાં બહુ ધ્યાન રાખવું પડે. નહિ તો વજીરના ફૉર્કમાં જો કોઈ મહોરું જાય તો એ હારે.

40..., R–K8ch; 41 K–N2, R–N8ch; 42 K–B3.

42 K–B3? પછી 42..., R–N6 mate છે.

42..., N–K4ch; 43 K×B, N×Q; 44 K×R, P–Q7; 45 Resings.

પ્યાદાને વજીર થતું અટકાવી શકાય તેમ નથી.

સુરેશ મોદી

અનુસંધાન] **અંગ્રેજી સાહિત્યનું આચમન** [પૃ. ૨૪થી
વેચનારની પત્નીનાં અને પીઠામાં ચાલતા વહેવારોનાં જીવંત વર્ણનો છે; તો 'ગાર્લૅન્ડ ઑવ લૉરેલ' (Garland of Laurel) નામની આત્મપ્રશંસા માટે–સહેતુક–રચેલી તેની કૃતિમાં વિવિધ કુળની દેવીઓ તેની ગુણવત્તાની ચર્ચા કરે છે; અને ચૉસર, ગાવર તથા લીડગેટ તેને વધાવે છે, સન્નારી તેના રાજ્યાભિષેક માટે હાર ગૂંથે છે.

'મૅગ્નિફિસન્સ' (Magnificence) નામે તેની બોધપ્રધાન નાટિકા (morality play), 'ભવ્યતા' એ 'અવનતિ' અને બીજાં દુર્ગુણી પાત્રોથી કેમ પરાજિત થાય છે તથા 'શુભાશા' અને 'સતત કર્તવ્યપાલન' દ્વારા તે શી રીતે પોતાનું સ્થાન પ્રાપ્ત કરે છે તે વિષેનું રૂપક છે. કૃતિનું પ્રયોજન, વિદ્વાનોએ નોંધ્યું છે તેમ, ધર્મગુરુ વૂલ્ઝી પર પ્રહાર કરવાનું હોવા છતાં, એ પ્રયોજન વિના પણ કૃતિ નભી શકે તેમ છે.

સમગ્રપણે જોતાં સ્કેલ્ટનના કટાક્ષનું ક્ષેત્ર વિશાળ છે. તેણે ધર્મગુરુઓના મિથ્યાચાર પર, કોર્ટની જીવનશૈલી પર, નવા વાદ અથવા વિચારની ફૅશનો પર અંગત શત્રુ પર અને સમકાલીન સમાજમાં જે કંઈ તેને ખટકયું તેના પર નિષ્ઠુર પ્રહાર ચલાવ્યા છે. રેનેસાં–નવજાગ્રતિ–ને કારણે કોર્ટની જીવનરીતિમાં જે પરિવર્તન આવવા માંડયું, હ્યુમૅનિસ્ટ (Humanist) આંદોલનનાં જે પરિણામો પ્રગટવા માંડયાં તેનાથી સમાજનો રૂઢિચુસ્ત વર્ગ ખૂબ અકળાયો અને તીખા કટાક્ષ તરફ વળ્યો. હ્યુમૅનિસ્ટ લેખકોએ સમાજની જડતા અને મૂર્ખાઇને કટાક્ષનાં નિશાન બનાવ્યાં તો રૂઢિચુસ્ત વર્ગના લેખકોએ હ્યુમૅનિસ્ટોની પ્રવૃત્તિ પર તેમજ નવતર સુધારણા પર પ્રહાર કરવા માંડયા. ડેવિડ ડેચીઝ આ સંદર્ભમાં નોંધે છે તેમ એરિસ્ટોફેનેસથી માંડીને સ્વિફ્ટ સુધી ઉત્તમ કટાક્ષ સાહિત્ય રોષે ભરાએલા રૂઢિચુસ્તોને આભારી છે. બર્કલે અને સ્કેલ્ટન સમર્થ કટાક્ષકાર ભલે ન હતા, છતાં વર્તમાન યુગનો માનવ પોતાની જાતને કેવી વિકૃત કરી રહ્યો છે તે જોઇને મહાન કટાક્ષકારોએ જે પ્રકોપવૃત્તિ પ્રગટ કરી તેમાં તેમનો પણ હિસ્સો છે. સ્કેલ્ટનમાં ખાસ સૌંદર્યની છટા નથી (એ તો આવે છે નવજાગ્રતિ કાળમાં), છતાં તેણે પરંપરાથી જુદા ચાતરીને સાહિત્યનાં નવાં સ્વરૂપ ખીલવ્યાં, અને એ રીતે અંગ્રેજી સાહિત્યના વિકાસમાં તે સ્મરણીય છે. (ચાલુ)

ક્રિકેટનાં વિવિધ પાસાંની સવિગત સમજણ

ચાલો ક્રિકેટની કૉમેન્ટરી સાંભળીએ



લેખક • ભરત ના. ભટ્ટ

નેક્સ્ટ બૉલ, ઑન ધ લેગ-સ્ટમ્પ ટુ ડેનેસ. બૅટ્સમૅન પુશીઝ ઈટ ટુ વાઈડિશ મિડ ઑન, વ્હેર બેદી કમ્સ ઈન, પિક્સ ઈટ અપ ઍન્ડ રીટર્ન્સ ટુ ધ બૉલર, બટ નૉટ બિફોર ધ બૅટ્સમૅન ગેટ્સ વન રન. વૂડ ઈઝ બૅકિંગ અપ વેરી વેલ ઇન્ડિડ'. બૅકિંગ અપ એટલે ઝડપથી રન કરવા માટે અગાઉથી તૈયાર નૉન સ્ટ્રાઈકર, બૉલરના હાથમાંથી બૉલ છૂટે કે તુરત બે-ત્રણ ડગલાં દોડી જાય તે ક્રિયા. ટૂંકા અને ઝડપી રન લેવા માટે આ બહુ મહત્ત્વનું છે. જો બૉલરના હાથમાંથી બૉલ છૂટે તે પહેલાં નૉનસ્ટ્રાઈકર ક્રીઝ છોડે તો તેને બૉલર રન-આઉટ કરી શકે. ૧૯૪૭-'૪૮ની ઑસ્ટ્રેલિયા-ભારત વચ્ચેની રમતમાં આવું બનેલું. સીડની ખાતે બીજી ટેસ્ટ રમાઈ રહી હતી. ઑસ્ટ્રેલિયાનો દાવ આરંભવા બ્રાઉન અને મોરિસ મેદાને પડયા. મોરિસની સામે માંકડ બૉલિંગ કરી રહ્યા હતા. માંકડ એક બૉલ નાખવા આવ્યા અને બૉલને હજી હાથમાંથી છોડે એ પહેલાં તો નૉન-સ્ટ્રાઈકર બ્રાઉને બૅકિંગ-અપ માટે ક્રીઝ છોડી. માંકડે આ જોયું ને બૉલ ફેંકવાને બદલે પાસેની વિકેટનાં ચકલાં ઉડાડી બ્રાઉન સામે રન-આઉટની અપીલ કરી ને અમ્પાયરે ખરેખર બ્રાઉનને રન-આઉટ જાહેર કર્યા. આ નિયમસર જ થયું હતું. બૅકિંગ-અપમાં બીજી પણ એક કાળજી રાખવી પડે છે જે નીચેના કિસ્સાથી સમજાશે.

આ કિસ્સો ૧૯૭૧ની ભારત-ઇંગ્લૅન્ડ વચ્ચેની રમતમાં બનેલો. એમાં ત્રીજી અને છેલ્લી ટેસ્ટ ઓવલ ખાતે ચાલી રહી હતી. ઇંગ્લૅન્ડનો બીજો દાવ શરૂ થયો. જૅમ્સન અને લકહર્સ્ટ મેદાને પડયા. વૉક્સહૉલ એન્ડ તરફથી ચંદ્રશેખરે બૉલિંગ સંભાળી. શેખરના એક બૉલને લકહર્સ્ટે બૉલર પાસેથી પસાર થાય તેમ સીધો જોરથી ફટકાર્યો. શેખરે યુક્તિ વાપરી. તેણે બૉલને અટકાવ્યો નહિ, પણ તે બૉલરની વિકેટ સાથે અફળાય તેમ 'ડીફ્લેક્ટ' કર્યો અને જૅમ્સન, કે જે બૅકિંગ-અપ માટે ક્રીઝ છોડી ચૂક્યા હતા તે રનઆઉટ થયા!

ચાલો પાછા મેચ વચ્ચે. 'અનધર વન ફ્રૉમ શેખર. એ લિટલ ફાસ્ટર ગુગલી ધીસ ટાઈમ ટુ વૂડ. ઓહ! હી ઈઝ ક્લીન બોલ્ડ.' એક બૅટ્સમૅન આઉટ થાય એટલે બીજા બૅટ્સમૅને વધુમાં વધુ બે મિનિટમાં ક્રીઝ પર આવી જવું જોઇએ. 'યસ, ન્યૂ બૅટ્સમૅન ઈઝ કમિંગ ઈન. હી ઈઝ એમીસ. એમ આઈ રાઈટ માય ક્લીગ?' આમ તો કૉમેન્ટેટરો બધાને બરાબર ઓળખતા હોય ને તેમની પાસે દૂરબીન પણ હોય, છતાં કોઇને ન ઓળખે તો બાજુમાં પૂછી લે. એમીસ અમ્પાયર પાસેથી માર્ગદર્શન લેશે ને રમત આગળ ચાલશે.*

હવે લંચ પડવાને બહુ વાર નથી. 'ઇંગ્લૅન્ડ 80 ફોર 2, ઍન્ડ સ્ટીલ 10 મિનિટ્સ ટુ ગો ફોર લંચ. લાસ્ટ મૅન આઉટ વોઝ ડેનેસ, હુ વોઝ કોટ બાય સોલ્કર ઑવ રાઘવન ફોર 29.'

લંચ પછીની કૉમેન્ટરી આપણે ત્યાં મોટે ભાગે એકાદ કલાક મોડી શરૂ થાય છે. 'ગુડ નૂન લીસનર્સ! ઍટ લંચ ઇંગ્લૅન્ડ વેર 85 ફોર 2. નાઉ ઍન અવર્સ પ્લે આફ્ટર લંચ, ઇંગ્લૅન્ડ આર 150 ફોર 4.' અને પછી કૉમેન્ટેટર એ એક કલાકમાં બનેલી નોંધપાત્ર ઘટનાઓનો ખયાલ આપવાની સાથેસાથ આપણને ચાલુ રમતમાં પણ જોડી દેશે.

'ઈન કમ્સ બેદી, મુન્ઝ અપ ઍન્ડ બોલ્સ ટુ ગ્રેગ. એ ગુડ બૉલ... યસ, હી ઈઝ બોલ્ડ. સો ગ્રેગ ઈઝ આઉટ ફોર 0.૧૦ બેદી, એ લેફ્ટ આર્મ સ્પિનર ઈઝ બૉલિંગ વેરી વેલ આફ્ટર લંચ. હી ઓલ્સો ગોટ ધ વેલ્યુએબલ વિકેટ ઑવ ફ્લેચર વ્હેન ધ બૅટ્સમૅન વોઝ કોટ ઍટ ધ વિકેટ૧૧ ફોર 56. ઍટ ધ ફૉલ ઑવ ગ્રેગ્સ વિકેટ, ઇંગ્લૅન્ડ આર નાઉ 150 ફોર 5.' બેદી ડાબોડી સ્પિનર છે. ડાબોડી સ્પિનરનું ટીમમાં ખાસ મહત્ત્વ હોય છે. જમણેરી સ્પિનરને લેગબ્રેક નાખવા કઠિન છે, કારણ તેમને તે માટે કાંડાને અકુદરતી મરોડ આપવો પડે છે. ડાબોડી સ્પિનર ડાબે હાથે બૉલિંગ કરતો હોવાથી તે લેગબ્રેક બૉલ કાંડાના સહજ સ્વાભાવિક મરોડથી પણ નાખી શકે છે. અલબત્ત, આથી તેના લેગબ્રેક બૉલ ઓછા ખતરનાક હશે, પણ જે એક્યુરસી જમણેરી બૉલર ઑફ સ્પિનમાં રાખી જાળવી શકે છે તે જ એક્યુરસી ડાબોડી બૉલર લેગસ્પિનમાં જાળવી શકે. હવે સામાન્ય રીતે બૅટ્સમૅનને ઑફસ્પિન કરતાં લેગસ્પિન બૉલિંગ રમવી વધુ કઠિન છે. વળી, તે જમણેરી બૉલર સામે જ રમવા માટે વિશેષ તો ટેવાયો હોય છે.૧૨ આથી ડાબોડી તેને માટે એક નવીનતા તો હોય જ ને તેમાં એક્યુરસી ભળે એટલે સ્પિનરને યારી આપતી પિચમાં ડાબોડી સ્પિનર ભારે પડવાનો. આલ્ફ્રેડ વૅલેન્ટાઈન, ટૉની લૉક, અન્ડરવૂડ, દુરાની, નાડકર્ણી, બેદી બધા ડાબોડી હોવાથી વધુ સફળ

સ્વીપ (આ. ૧૫)▷ ટૂંકી પિચના બૉલને પાસેથી જ આ રીતે ફટકારવામાં આવે તેને 'સ્વીપ' કહે છે. તેમાં ડાબો પગ લગભગ બૉલની લાઈનમાં આગળ લાવી, તેના પર જ શરીરનું વજન રાખી, જમણા પગનો ઢીંચણ લગભગ જમીન સુધી પહોંચે તેટલો મૂકીને બૅટને જમીનની સમાંતર-આડું ઘુમાવીને બૉલને ફટકો મારવામાં આવે છે.

---

* ગયા અંકમાં આ માટે 'ટેઇકિંગ ગાર્ડ્ઝ ફ્રૉમ ધી અમ્પાયર' એમ કહેલું છે. ખરું 'ટેઇકિંગ ગાર્ડ...' છે.

૧૦ એક પણ રન કર્યા વિના બૅટ્સમૅન આઉટ થાય ત્યારે તેને માટે ઘણા પર્યાય વપરાય છે. 'આઉટ ફૉર ઝીરો (ZERO)', આઉટ ફૉર ડક(DUCK)', 'આઉટ ફૉર નોટ (NAUGHT),' 'આઉટ વિધાઉટ સ્કૉરિંગ', 'આઉટ વિધાઉટ ઓપનિંગ હિઝ એકાઉન્ટ' વગેરે. ભૂતપૂર્વ કૉમેન્ટેટર સ્વ. વિઝી (મહારાજા ઑવ વિજયનગરમ્) 'આઉટ ફૉર બ્લૉબ' એવો શબ્દપ્રયોગ પણ કરતા. જે બૅટ્સમૅન બંને દાવમાં એક પણ રન ન કરી શકે તેને 'પે'અર (PAIR) મેળવી' કહેવાય.

૧૧ કોઈ બૅટ્સમૅન વિકેટકીપરના હાથમાં ઝિલાય ત્યારે 'કૉટ બીહાઈન્ડ ધ વિકેટ', કોટ ઍટ ધ વિકેટ', 'કોટ બાય ધ વિકેટકીપર' એવા શબ્દપ્રયોગો થાય છે.

૧૨ રમતની દુનિયામાં ડાબોડીઓ પોતે ડાબોડી હોવાનો ફાયદો ધરાવતા હોય છે. ભલે તે બૉલર હોય, બૅટ્સમૅન હોય, ટેનિસ પ્લેયર હોય, ટેબલટેનિસ પ્લેયર હોય, વૉલીબૉલનો ખેલાડી હોય કે ગમે તે હોય. ક્રિકેટ અને લૉન ટેનિસની દુનિયાનો તો મને પરિચય છે. તેમાં ડાબોડીઓ આવ્યા છે તો થોડા પણ લગભગ બધા જ પ્રતિભાવાન. દા. ત. ક્રિકેટમાં ક્લેમહિલ, નેઈલ હાર્વે, ગેરી સૉબર્સ, ગ્રીમ પોલૉક, ઍલન ડેવિડસન, ટૉની લૉક, આલ્ફ્રેડ વૅલેન્ટાઈન વગેરે બધા જ ડાબોડી ખેલાડીઓ શ્રેષ્ઠ કક્ષાના હતા. લૉન ટેનિસમાં પણ રૉડ લેવર ડાબોડી છે ને જગતના સર્વકાલીન શ્રેષ્ઠમાં તેમની ગણના થાય છે. આ ઉપરાંત, ટૉની રોશ, ટૉમસ કૉક, રોજર ટેઈલર વગેરે પણ ડાબોડી ખેલાડી જ છે. ટૂંકમાં, ડાબોડી ખેલાડી હોવું એ પોતે જ એક 'એડવાન્ટેજ' છે.



◁ સ્ક્વેર કટ (આ. ૧૬)...અને...(આ. ૧૭) લેઈટ કટ ▷



'સ્ક્વેર કટ' એ બૅટ્સમૅનની ઑફ સાઈડમાં લગભગ કાટખૂણે જતો ફટકો છે. ઑફ સ્ટમ્પની બહારના દડાને ફટકારવાનો આ શૉટ છે. એમાં જમણા પગને જરૂર પ્રમાણે ઑફ સ્ટમ્પની બહાર લઈ બૅટને એવી રીતે આડું ઘુમાવાય છે કે પિચ પડ્યા પછી બૉલ તેની આખરી ઊંચાઇએ (ઍટ ધ ટૉપ ઑવ ધ બાઉન્સ) બૅટ્સમૅનની સીધમાં આવે ત્યારે બૅટને જરા જમીન તરફ નમતું રાખી ફટકારાય છે. 'લેઈટ કટ' પણ ઑફ સ્ટમ્પની બહારના બૉલનો ફટકો છે. ફર્ક એટલો કે સ્ક્વેર કટમાં બૉલ બૅટ્સમૅનની સીધમાં આવે ત્યારે ફટકારાય છે જ્યારે આમ લેઈટ કટમાં બૉલ બૅટ્સમૅન પાસે પસાર થઈ જાય ત્યારે ફટકારાય છે. આમાં ડાબા પગને યથાવત્ રાખી જમણો પગ થર્ડ સ્લિપની દિશામાં ઑફ સ્ટમ્પની બહાર લઇ જઇને ઝડપથી બાઉન્સ થઈને જતા બૉલને, જમીન તરફ નમેલું બૅટ એવી રીતે મારેવામાં આવે કે એથી બૉલની દિશા બહુ ન બદલાય અને તે સ્લિપ ફિલ્ડર પાસેથી બાઉન્ડ્રી પર જાય. આ બંને ફટકામાં બૉલની પોતાની ઝડપી ગતિનો જ લાભ લેવાનો હોય છે.

થયા છે. નાડકર્ણી મેઈડન ઓવર નાખવા માટે ખૂબ જાણીતા હતા તેનું રહસ્ય એટલું જ કે સ્પિન કરવા ઉપરાંત તેઓ લગભગ બધા જ બૉલ સ્ટમ્પ પર જ નાખતા, આથી બૉલ મિસ ન થાય એ રીતે બૅટ્સમૅનને કાળજીથી અને ડિફેન્સિવ જ રમવું પડે.

ચાલો કૉમેન્ટરી સાંભળીએ. 'ઈન કમ્સ બેદી, મુવ્ઝ અપ ઍન્ડ બોલ્સ ટુ નોટ, લિટલ આઉટ સાઈડ ધ લેગ-સ્ટમ્પ નૉટ ક્વિકલી કેઈમ ડાઉન ઑન હિઝ ની, ઍન્ડ સ્વિપ્ડ ઈટ પાસ ધ લેગ અમ્પાયર ફોર 4. ઈંગ્લૅંડસ ટોટલ મુવ્ઝ અપ ટુ 195 ફોર 6.' સ્વિપ, એ લેગ સાઈડના બૉલને મારવા માટેનો ફટકો છે. બૅટ્સમૅન ડાબો પગ આગળ લઈ, જમણા પગનો ગોઠણ લગભગ જમીનને અડે એટલો નમી, બૅટને આડું ઘુમાવે છે ને બૉલ મિડ વિકેટ બાઉન્ડ્રી કે એ બાજુ જાય છે. આ ફટકાને બરાબર સમજવા માટે આકૃતિ નં. ૧૫ જુઓ.

સામાન્ય રીતે ૭૫ ઓવર પછી કે ૨૦૦ રન બાદ ફીલ્ડિંગ સાઈડનો સુકાની નવો બૉલ લઈ શકે. ભારત પાસે સ્પિનરોનું જોર એટલે તેનો સુકાની નવો બૉલ લેવા બહુ આતુર ન હોય, છતાં દિવસ પૂરો થવા આવ્યો છે ને ઇંગ્લૅન્ડની ૮ વિકેટ પડી ગઈ છે એટલે નવો બૉલ લેવો હિતાવહ છે. આથી વાડેકર નવો બૉલ લેશે. 'નાઉ ધ સેકન્ડ ન્યૂ બૉલ ઈઝ ટેકન બાય વાડેકર ઍન્ડ ઈટ વિલ બી આબિદઅલી હુ ઈઝ ગોઈંગ ટુ બોલ હિઝ સેકન્ડ સ્પેલ ઑવ ધ મેચ વિથ ધ ન્યૂ બૉલ.' કોઈ બોલર એક વાર બોલિંગ કરવી શરૂ કરે પછી જ્યાં સુધી તે સતત બોલિંગનું કાર્ય ચાલુ રાખે તે ગાળાને એક 'સ્પેલ' કહેવાય. વચ્ચે આરામ લઇને તે જ્યારે ફરીવાર બોલિંગ કરવાનું હાથમાં લે ત્યારે તે બીજો (અનધર) સ્પેલ ગણાય.

ચાલો આબિદ બૉલ નાખે છે. 'ઈન કમ્સ આબિદ, મુવ્ઝ અપ ઍન્ડ બોલ્સ ટુ નોટ. એ લિટલ આઉટ સાઈડ ધ ઑફ સ્ટમ્પ ઍન્ડ બ્યુટીફૂલી લેઈટ કટ બાય નોટ પાસ ધ સેકન્ડ સ્લિપ. બીકોઝ ધેર ઈઝ નો થર્ડ મૅન ધિસ ટાઈમ, ઈટ ક્રૉસ્ડ બાઉન્ડ્રી ફોર 4.' આ રીતે નોટે 'કટ' મારીને ચાર રન લીધા.

આ 'કટ' એ ઑફ સ્ટમ્પની બહારના દડા માટેના શૉટ છે. 'કટ' મુખ્યત્વે બે પ્રકારના છે: 'સ્ક્વેર કટ' અને 'લેઈટ કટ'. આ બંને પ્રકારના કટને આ. ૧૬ અને ૧૭માં દર્શાવ્યા છે. એ પણ ખયાલમાં રાખવું કે 'કવરડ્રાઈવ' પણ ઘણી વાર 'ફૉરવર્ડ કટ'ના નામે ઓળખાય છે.

આગળ ચાલીએ. 'ઈન કમ્સ આબિદઅલી. ધીસ ટાઈમ ટુ આર્નોલ્ડ. બૉલ ઈઝ આઉટ સાઈડ ધ લેગસ્ટમ્પ. આર્નોલ્ડ ટ્રાઈઝ ટુ સ્વીપ ઈટ ટોવર્ડ્ઝ લેગ, મિસીઝ ઈટ ઍન્ડ વિ. કી. એન્જિનીઅર ઓલ્સો મિસીઝ ઈટ ટુ કલેક્ટ, સો બૉલ ગોઝ બીહાઈન્ડ હિમ, વ્હેર લૅાંગલેગ કમ્સ ઈન, પિક્સ ઈટ અપ, ઍન્ડ થ્રોઝ ઈન ટુ ધ વિ. કી.. મિનટાઈમ બૅટ્સમૅન ક્રૉસ્ડ ઓવર (બે વિકેટ વચ્ચે સામસામા દોડી ગયા) ફૉર વન બાય!' આમ વધારાના 'બાય'નો એક રન મળ્યો.[13]

પ્રથમ દિવસની રમત હવે પૂરી થવા આવી છે: 'ધી અમ્પાયર ઈઝ વૉચિંગ હિઝ રિસ્ટવોચ ટુ ડિસાઈડ વેધર ધેર ઇઝ ટાઇમ ફૉર વન મોર ઓવર ઓર નૉટ. ઇટ ઇઝ ફાઇવ પાસ્ટ ફાઇવ પી. એમ., ઍન્ડ સો અમ્પાયર કૉલ્ડ ઇટ એ ડે. ઈંગ્લૅન્ડ આર 242 ફૉર 9.' સમય પૂરો થતાં રમત તે દિવસ માટે બંધ થશે. દિવસની રમત પૂરી થતી હોય તેને માટે 'કોલ ઇટ એ ડે', 'ધેટ ઇઝ સ્ટમ્પ્સ', 'એન્ડ ઑફ ડેઝ પ્લે', 'ક્લોઝ ઑવ પ્લે' વગેરે પ્રયોગો વપરાય છે. (ચાલુ)

---

૧૩ વધારાના (એક્સ્ટ્રા) રન ચાર રીતે મળતા હોય છે: ૧. બાય – બૅટ્સમૅન બૉલને ફટકારવો ચૂકી જાય અને વિકેટકીપર પણ પકડવો ચૂકી જતાં બૉલ દૂર જાય ત્યારે બૅટ્સમૅન રન દોડે તે 'બાય'ના રન. ૨. લેગબાય બૅટ્સમૅન બૉલને ફટકારવો ચૂકી જાય અને તેના પૅડ સાથે અથડાઇ બૉલ દૂર ચાલ્યો જાય ને બૅટ્સમૅન જે રન દોડે તે લેગ બાયના રન કહેવાય. ૩. નો બૉલ – બોલર બોલિંગ કરતી વખતે હાથને થડકો આપીને બૉલ નાખે ત્યારે, તેમજ ક્રીઝની બંને બાજુ પગ રાખીને બૉલ નાખવાનો હોય તેમાં કોઇ ભૂલ થાય ત્યારે અમ્પાયર તેને 'નો બૉલ' જાહેર કરે છે. આ બૉલને બૅટ્સમૅન ફટકારી શકે ને વધુ રન લઇ શકે, નહિતર તેનો એક રન મળે. જે બૉલ નો-બૉલ તરીકે જાહેર થયો હોય તેમાં બૅટ્સમૅન બોલ્ડ કે કૅચ-આઉટ ન થાય. ૪ વાઇડ બૉલ – સ્ટમ્પથી ઠીકઠીક દૂર કે ઊંચો ફેંકાયેલો બૉલ 'વાઇડ બૉલ' ગણાય અને તેનો એક રન વધારાનો મળે. વધારાના રનને 'સનરીઝ' પણ કહે છે.

એ ખયાલમાં રહે કે જેમ બૅટ્સમૅન રન આઉટ થાય તો તેનો યશ કોઇ બોલરને નથી મળતો તેમ વધારાના રન પણ બોલરે આપેલા રનમાં નથી ગણાતા.

'ગયા અંકમાં પૃ. ૪૭૬ પર જણાવ્યા મુજબ નહિ, પણ પ્રથમ અમ્પાયર્સ, ફીલ્ડિંગ ટીમ અને તે પછી ઓપનિંગ બૅટ્સમૅન મેદાન પર આવે છે. આકૃતિ ૧૦ 'ઑક ડ્રાઇવ'ની નહિ પણ 'ઑન ડ્રાઈવ'ની છે અને પૃ. ૪૭૯ના પહેલા કૉલમની ફૂટનોટ ઉપરની લીટીઓમાં ભારત દાવ 'લેતું' હોય નહિ, પણ ભારત દાવ 'આપતું' હોય એમ જોઇએ.—અશોક વૈષ્ણવ (કાલીઆવાડી)

અંગ્રેજી સાહિત્યનું આચમન

ડૉ. મધુસૂદન પારેખ

૧ ચૉસરથી નવજાગ્રતિ સુધી

પંદરમી સદીનું પ્રભાત હજુ ઊગે ત્યાં તો ચૉસરે વિદાય લીધી. એના પછી લગભગ બે સૈકા સુધી અંગ્રેજી સાહિત્યની ક્ષિતિજ પર કોઈ પ્રતિભાસંપન્ન કવિ ઝળક્યો નથી. એના મૃત્યુ પછીનાં કેટલાં યે વર્ષો સાહિત્યના સુકવણાનો કાળ છે. ફ્રાન્સ સાથે કટકેકટકે લગભગ સો વર્ષ સુધી ચાલેલા વિગ્રહમાં, અને તે પછી ઇંગ્લૅંડમાં જ વારસાહક માટે રિચર્ડ ત્રીજા અને **સમરસેટ**ના ઉમરાવ વચ્ચે ચાલેલા ગુલાબ વિગ્રહને (૧૪૫૪–૧૪૮૩) કારણે ઇંગ્લૅંડનું પ્રજાજીવન ચૂંથાઈ ગયું હતું. હેન્રી છઠ્ઠાના દીર્ઘ રાજ્યઅમલ દરમ્યાન સામાજિક અજંપો અને નીતિમૂલ્યોનો હ્રાસ વ્યાપક બનવા માંડ્યા હતા. નૉર્મન રાજાઓના સમયમાં સ્થપાએલી ફ્યૂડલ પદ્ધતિનો અસ્ત થવા માંડ્યો હતો અને એક નવો ધનિક વર્ગ ધીરે ધીરે અસ્તિત્વમાં આવી રહ્યો હતો. ધર્માચાર્યો હજી કૂપમંડુકની મનોદશામાં જ રાચતા હતા. વિક્લીફ જેવા ધર્મસુધારકોના પ્રહાર પણ તેમની જડતાને ખંખેરી શક્યા ન હતા. ઈંગ્લૅંડના રાજાઓએ પણ ધર્મસત્તાનું સમર્થન કરી પ્રજાની ચેતનાને રૂંધી રાખવામાં પોતાનો સ્વાર્થ જોયો હતો. એવા આ યુગમાં માત્ર બોધપ્રધાન, નીતિલક્ષી ને ધાર્મિક સાહિત્યનો પ્રવાહ જ મંદ ગતિએ વહેતો રહ્યો જણાય છે. કોઈ યુગપ્રવર્તક કૃતિ જણાતી નથી. પુનરુત્થાન(રેનેસાં)ના પરોઢ પહેલાંના આ ગાઢ અંધકારમાં ઇંગ્લૅન્ડની સ્થિતિ નીચેની બે પંક્તિઓમાં પ્રગટ થઈ છે :

Between two worlds, one dead,
The other powerless to be born.

(એક મૃત ને બીજી જન્મવા માટે અશક્ત, એવી બે સૃષ્ટિ વચ્ચે ઈંગ્લૅંડ હતું)

સાહિત્યમાં સુકવણાનો યુગ

ચૉસરના મૃત્યુ પછી લાંબા સમય સુધી પ્રજાની સૌંદર્યકળા વિષેની ભાવના જ જાણે કુંઠિત બની રહી. ફ્રાન્સ પરના અપ્રતિમ વિજયે પણ ઈંગ્લૅંડના કવિઓની ચેતનાને ઉત્સાહિત કરી નહિ. ચૉસરે પોતાની પ્રજા સાથે ફ્રાન્સ અને ઈટાલીનાં કળા-સાહિત્યનો કરાવેલો સંપર્ક ન જાણે ક્યાં વિલીન થઈ ગયો; હા, તેના કેટલાક અનુગામી કવિઓએ માત્ર એ પ્રવાહને વહેતો રાખવાની સેવા બજાવી ખરી. એ કવિઓમાં ટૉમસ ઑકલીવ, જ્હૉન લીડગેટ અને સ્ટીફન હૉઝ કંઈક ધ્યાન ખેંચે છે.

ટૉમસ ઑકલીવ (Thomas Occleve ૧૩૬૮–૧૪૫૦) તો ચૉસરનો ભક્ત અને અનુયાયી હતો. 'ધ લેટર ઑવ ક્યુપિડ' એની સામાન્ય અનુદિત કૃતિ છે. એની બીજી કૃતિ 'મેઈલ રીગલ' (Male Regle)માં એના યૌવનકાળનાં અપલક્ષણોનો એકરાર છે. તેમાંનાં લંડન શહેરનાં વર્ણનો ઇતિહાસદૃષ્ટિએ રસપ્રદ ગણાય. એની મુખ્ય કૃતિ 'રેજિમેન્ટ ઑવ પ્રિન્સીસ' (Regement of Princes) ઈ. ૧૪૧૧–૧૨માં રચાએલી. વેલ્સના રાજકુમાર (પાછળથી હેન્રી પાંચમા)ને સદાચાર-વહેવારનું શિક્ષણ આપવા માટે તેણે આ રચના કરેલી, જેમાં ઐતિહાસિક દૃષ્ટાંતો, વાર્તાઓ વગેરે ગૂંથીને એણે એક પાઠ-માળા રચેલી. તેની કેટલીક પંક્તિઓમાં તેનો ચૉસર માટેનો અહોભાવ તેણે ગૂંથી લીધો છે :

O mayster deer and fadir reverent

એક સ્થળે ચૉસરને તે અંગ્રેજી ભાષાના આદ્ય સ્થાપક તરીકે ગણાવે છે :

The firste foundere of oure faire langage

તેની લખાવટમાં વિવેચકોને બૌદ્ધિક સજ્જતા અને કલાત્મકતાનો અભાવ જણાયો છે. એની કૃતિઓની નીરસતાથી ત્રાસીને વિવેચક રિકેટ તો કહી નાખે છે કે 'There is on duller dog in literature.'

જ્હૉન લીડગેઇટ (John Lydgate ૧૩૭૦–૧૪૫૧) પણ ઑકલીવની જેમ જ ચૉસરનો પ્રશંસક અને અનુયાયી હતો. વ્યવસાયે તે ધર્મગુરુ હતો અને તેનું વાચન વિશાળ હતું. તેમ છતાં એના અનુભવનો કે એની વિદ્વત્તાનો પ્રકાશ તેની કૃતિઓમાં પથરાયો નથી એવી સાહિત્યવિવેચકોની ફરિયાદ છે. નીરસતામાં ઑકલીવથી તે જરા યે ઊતરતો નથી. તેણે કેટલીક ધર્મલક્ષી, થોડીક ધર્મેતર વિષયોની અને ફ્રેંચમાંથી અનુદિત રચનાઓ કરી છે. તેમાં 'ફૉલ્સ ઑવ પ્રિન્સીસ' (Falls of Princes) એ (મૂળ બૉકેશિયોની) ફ્રેન્ચ કૃતિ પરથી ઉતારી છે. શેક્સ્પીઅરની રિચર્ડ ત્રીજા સુધીની ટ્રૅજેડીઓના તણખા પહેલી વાર આ કરુણાંત કથાસંગ્રહમાં વિવેચકોએ જોયા છે. તેની 'ડૅન્સ મેકેબર' (Dance Macabre)માંના મૃત્યુનો પંજો રાજા, અમીર-ઉમરાવ, ધર્મગુરુ, ખેડૂત સર્વ પર સરખો ફરી વળે છે. એ વિચારબીજે મધ્યકાળની કેટલી યે કવિતાઓ માટે વિષયસામગ્રી પૂરી પાડી છે.

લીડગેઈટની મનાતી 'લંડન લૅકપેની' (London Lackpenny)માં નિરૂપાએલાં લંડનની શેરીઓનાં અને ગરીબ પ્રજાજનની દુર્દશાનાં ચિત્રો સાહિત્યરસિકોને રોચક લાગ્યાં છે. તેની કાવ્યશક્તિનો કંઈક ચમકાર તેની આ ટૂંકી રચનાઓમાં છે. તેની 'ધ ચર્લ ઍન્ડ ધ બર્ડ' (The Churl and the bird) ફ્રેંચમાંથી ઉતારેલી પણ રોચક રચના છે. એક ગામડિયાએ પંખીને પીંજરામાં પૂર્યું છે તેને ઉદ્દેશીને પંખી કહે છે : 'પીંજર સોનાનું હોય તેથી શું? જેણે સ્વતંત્રતા ગુમાવી તેણે સર્વસ્વ ગુમાવ્યું. (who lesith bis fredome in faith he lesith al) પીંજરનો પંખીના મુક્ત ગીત સાથે મેળ કેમ બેસે? ગીત આનંદમાંથી સ્ફુરે, કારાગાર તેના મૃત્યુને નોતરે.'

સ્ટીફન હૉઝ (Stephen Hawes ૧૪૭૫–૧૫૩૦)ની કૃતિઓ પણ ખાસ કોઈ ઊંચું સ્તર દર્શાવતી નથી. તેમ છતાં તે નવજાગ્રતિની આગાહી કરે છે એ રીતે તેનું થોડુંક મહત્ત્વ છે. ગુલાબ-વિગ્રહ દરમ્યાન અંગ્રેજી શૌર્ય અને સ્ત્રીદાક્ષિણ્ય (Chivalry)નો અસ્ત થઇ ચૂક્યો હતો. એ પ્રકારની કવિતા સ્વપ્નવત્ બની ગઈ હતી. એને ફરી સજીવન કરવાના પ્રયત્નો નિષ્ફળ ગયા. સ્ટીફન હૉઝે જૂના રોમાન્સનું વાતાવરણ ખડું કરવાનો પ્રયાસ કર્યો. એના યુગમાં એણે એકલાએ જ સાચી અંગ્રેજી કવિતા ખેડી હોવાનો તેનો દાવો છે. અને છતાં કેવી દુર્ભાગ્યની વાત કે હેન્રી સાતમાએ પ્રણાલી બદલીને અંગ્રેજી કવિતાની ઉપેક્ષા કરી એક ફ્રેંચ કવિ બર્નાર્ડ આન્દ્ર (Bernard Andre)ને રાજકવિ પદે સ્થાપ્યો!

સ્ટીફને રોઝ રોમાન્સ (મૂળ ફ્રેંચ)ની પરંપરાને અનુસરીને પોતાની એ પ્રકારની કૃતિઓ રચી. તેમ છતાં તેણે શૌર્ય, પ્રેમ, શિક્ષણ ઇત્યાદિ તત્ત્વોની ગૂંથણી કરી રોમાન્સને સંકુલ બનાવ્યા. તેની કૃતિઓમાં તેજસ્વી શિક્ષણ અને ઉચ્ચ શિસ્ત દ્વારા આત્મવિકાસ સાધતો નાયક એ મુખ્ય વિષય છે, અને એ રીતે સ્ટીફન, કવિ સ્પેન્સરનો વૈતાલિક બની રહે છે. તેની એક રૂપક કૃતિ 'એક્ઝામ્પલ ઑવ વર્ચ્યું' (Example of Virtue ઈ. ૧૫૦૩–૦૪)માં એક યુવાન બુદ્ધિ(Reason)ની દોરવણી હેઠળ પ્રેમના રાજા (king of Love)ની કુંવરી નિર્મળા (Purita)ને પરણે છે. તેની યાત્રાનો પથ સુદીર્ઘ છે, અવરોધ અનેક છે અને કેટલા યે દુષ્ટ અસુરો તેનો સંહાર કરવા ધસે છે, છતાં તે વિજેતા થઈને છેક સાઠ વર્ષે પોતાનો આદર્શ સિદ્ધ કરે છે અને પછી તેને નાયિકા સાથે સીધા સ્વર્ગમાં જવાનું જ બાકી રહે છે.

એની મુખ્ય કૃતિ 'ધ પૅસ્ટાઇમ ઑવ પ્લેઝર' (The Pastime of Pleasure)માં પણ આ પ્રકારનું જ આયોજન છે. સ્ટીફન હૉઝનું પ્રયોજન ઉમદા શિક્ષણ અને ઉચ્ચ વિવેકબુદ્ધિ દ્વારા મનુષ્ય કેવો સિદ્ધ બની શકે તેનું ઉદાહરણ રજૂ કરવાનું છે. આ રોમાન્સનો નાયક ગ્રાન્ડ ઍમોર(Graunde Amour)આત્મકથા વર્ણવે છે. સ્વપ્નમાં એ સન્નારી કીર્તિદા (Fame)ને જુએ છે. તે નાયકના ચિત્તમાં રાજકુમારી લા બેલ પુસેલ (La Belle Pucel) વિષે રસ જાગ્રત કરે છે. એ રાજકન્યા સંગીતના જાદુઈ ટાવરમાં વસે છે; પરંતુ માર્ગમાં અનેક રાક્ષસોની ચોકી છે. કાવ્ય-નાયક ઍમોર વ્યાકરણ, ન્યાય, વાગ્મિતા તેમ જ ગણિત, સંગીત, ભૂમિતિ, જ્યોતિષ વગેરેનું દિવ્ય શિક્ષણ પ્રાપ્ત કરી, સુસજ્જ થઈ પોતાની વિવેક નામની તલવારથી અસુરોનો નાશ કરી કુંવરીને પરણે છે અને સુખી દીર્ઘ જીવન ભોગવે છે, કાળ એની કબર પર આલેખ કોતરે છે, અને સ્ટીફન હૉઝની સૌથી વિશેષ સ્મરણીય પંક્તિઓ વિવેચકોને તેમાં જણાઈ છે. દિવસ પછી જેમ અંધારી રાત, તેમ જીવન પછી મૃત્યુનો ઘંટારવ નિશ્ચિત છે :

After the day there cometh the derke night,
For though the daye be never so longe,
At last the belle ringth to evensonge,

આ કૃતિના નાયકમાં સાહસ અને સુવિદ્યાનું અપૂર્વ મિશ્રણ છે અને તે એને વિશિષ્ટતા અર્પે છે. સ્પેન્સરની 'ફેઈરી ક્વીન'(FaerieQueene)ની તે આગાહી રૂપ બની રહે છે.

લૅટિનનો વિદ્વાન, રૂઢિચુસ્ત અને નીતિવાદી **ઍલેક્ઝાન્ડર બર્કલે** (Alexander Barclay ઈ. ૧૪૭૪–૧૫૨૨) માત્ર અનુવાદક છે, પરંતુ અનુવાદમાં તેનાં પોતાનાં ઉમેરણો રસપ્રદ બની રહે છે. તેની એક મહત્ત્વની કૃતિ 'ધ શિપ ઑવ ફૂલ્સ' (ઇ. ૧૫૦૯) સ્ટ્રૅસબર્ગના કવિ સેબૅસ્ટીઅન બ્રાન્ટ (Sebastian Brant)ના પુસ્તકનો, સીધો નહિ પરંતુ ફ્રેંચ અને લૅટિન અનુવાદો પરથી કરેલો, અનુવાદ છે. તેમાં એક વહાણમાં મૂર્ખાઓની જમાત ભેગી થઇ છે અને કૃતિનો સાચો રસ લેખક વિવિધ પ્રકારની માનવમૂર્ખતાનાં ચિત્રો આપે છે તેમાં છે. બર્કલે પોતાના તરફથી મૂર્ખાઈના નવા પ્રકાર ઉમેરવાની તક ચૂકતો નથી. આ પ્રકારના નવીન વિષયે ઇંગ્લૅંડમાં તથા બીજા યુરોપીય દેશોમાં સારો એવો રસ જગાડયો હતો. અંગ્રેજી કટાક્ષસાહિત્ય માટે આ અનુવાદ એક અનોખું રૂપક પૂરું પાડે છે, એમ વિવેચક ડેચીઝે નોંધ્યું છે. કટાક્ષસાહિત્ય મધ્યકાળમાં અજાણ્યું તો નહોતું જ. પ્રાણીકથાઓ કટાક્ષના જ નમૂના છે. ચૉસર અને લૅન્ગલૅન્ડ જેવા કવિઓએ પોતપોતાની આગવી રીતે કટાક્ષ સિદ્ધ કર્યો છે જ. તેમ છતાં જગતના સર્વ મૂર્ખ—એમાં દરબારી, ધર્મગુરુ, વિદ્વાન, વેપારી બધા જ સમાઈ જાય—એક જ વહાણમાં ભેગા મળે એ વિચાર સાહિત્યવિવેચકોને એ યુગમાં સમગ્ર વસ્તુવિષયની નવીનતાવાળો ને તાજગીભર્યો લાગે છે. મધ્ય યુગના કવિઓ સાત ભયંકર પાપને મૂર્ત રૂપ આપી ભેગાં કરતા હતા તે મૂળ વિચારનો આ વિલક્ષણ વિકાસ છે. પાપ જેવા નૈતિક અનિષ્ટને સ્થાને હવે બૌદ્ધિક મૂર્ખામી આવે છે. આ કૃતિ પછી આવા વિષયનું સવિશેષ કલાત્મક નિરૂપણ કરનારી કૃતિ તરીકે વિદ્વાનો ઈરાઝમસ (Erasmus)ની 'પ્રેઈઝ ઑવ ફૉલી'ને ગણે છે.

બર્કલેની કૃતિમાં સમકાલીન સમાજની રસપ્રદ ટીકા મળે છે. અત્યાર સુધી માત્ર ધર્મગુરુઓ કટાક્ષનાં નિશાન બનતા હતા; હવે કટાક્ષનું ક્ષેત્ર વિસ્તરીને સામાજિક અનિષ્ટો—દરબારી દબદબા, બુદ્ધિજીવીઓની ફેશનો વગેરે—સુધી વિસ્તરે છે. આમ બર્કલેની કૃતિ અંગ્રેજી સાહિત્યના વિકાસનું એક સોપાન છે. વળી બર્કલેએ થોડાંક ગ્રામજીવનનાં ગીતો (બાધક કટાક્ષમાં) પણ રચ્યાં છે. તેમાં નગરજન ને ગ્રામજન વચ્ચેનો વાર્તાલાપ, કંગાળ કવિ અને શ્રીમંત કંજૂસ જેવાં કેટલાંક રસપ્રદ છે.

પણ બર્કલેમાં પ્રગટતી કટાક્ષધારાનો વિસ્તાર અને તેનું ઊંડાણ તો સિદ્ધ થાય છે **જૉહાન સ્કેલ્ટન**માં (John Skelton, ૧૪૬૦ ?–૧૫૨૯). એની 'ધ બાઉજ ઑવ ધ કૉર્ટ' (The Bowge of the Court), 'ધ બુક ઑવ કોલિન કલાઉટ' (The Book of Colin Clout)અને 'વ્હાઈ કમ યી નૉટ ટુ ધ કોર્ટ'(Why Come ye not to the Court) જેવી કૃતિઓમાં રાજદરબારની રીતરસમો, બુદ્ધિજીવીઓની ફૅશનો અને સામાજિક દૂષણો પર કટાક્ષ છે.

સ્કેલ્ટન ઑક્સ્ફર્ડના એક કવિ અને વૈયાકરણી ઈરાઝમસની પ્રશંસા પામેલો વિદ્વાન હતો. થોડા સમય માટે તે રાજા હેન્રી આઠમાનો શિક્ષક પણ હતો. આમ એનો વ્યવસાય ગંભીર હતો, છતાં એની કવિતામાં ઘણી વાર વિદૂષકવેડા દેખાય છે એવી વિવેચક લગવીની ટીકા છે. એ કટાક્ષમય રૂપકો રચે છે; પ્રાસ, લય ઇત્યાદિની તેને ખાસ તમા નથી; સીધા સખત પ્રહાર કરવાનું જ તેનું ધ્યેય છે અને એ તેણે પ્રગટ કર્યું છે. નીરસ પુનરાવર્તનના એ યુગમાં સ્કેલ્ટનની રુક્ષતા અને ઉદ્ધતાઈ પણ તેની કવિતામાં વિવેચકોને આસ્વાદ્ય લાગી છે.

એની 'ધ બાઉજ ઑવ ધ કોર્ટ' કૃતિ બર્કલેના 'ધ શિપ ઑવ ફૂલ્સ'નું સ્મરણ કરાવે છે. એક ભવ્ય જહાજમાં કવિ પ્રવાસ ખેડે છે. તેને લૅન્ડ ઑવ ફેવર–કૃપાભૂમિ તરફ જવાનું છે. પરંતુ પ્રવાસ દરમ્યાન દુષ્ટ ભાગ્યના ભેરુ જેવા, ખુશામત વહેમ ને મિજાજ સમા શત્રુઓ તેને મારી નાખવાનો પ્રપંચ ઘડે છે. તેમનાથી ઊગરવા તે વહાણ પરથી કૂદી પડવામાં જ છે ત્યાં તેની આંખ ખૂલી જાય છે. સ્વપ્નનો એ જ જૂનવાણી પ્રકાર તેણે પસંદ કર્યો છે, એ જ જૂનાં રૂપકો યોજ્યાં છે, તો પણ આ કાવ્યમાં વર્ષો પછી પહેલી વાર પાત્રો સજીવ થઈ ને ખીલી ઊઠતાં જણાય છે. આ કૃતિમાં કૉર્ટના દંભાચાર પર કટાક્ષ છે.

એની બીજી એક કટાક્ષકૃતિ 'સ્પીક, પૅરટ' (Speak, Parrot)માં કવિએ પક્ષીમુખે ક્યારેક કઠોર, વળી વિદૂષકિયા ઉદ્ગાર પ્રગટ કર્યા છે. પણ તેની બે નોંધપાત્ર મનાએલી કૃતિ 'કોલિન ક્લૉટ' અને 'વ્હાઈ કમ યી નૉટ ટુ ધ કોર્ટ'માં તેની સમર્થ મૌલિક કટાક્ષધારા પ્રગટે છે. 'કોલિન ક્લૉટ (ઈ. ૧૫૦૯) પીઅર્સ પ્લાઉમૅનનું સ્મરણ કરાવતો એક ખેડૂત છે. તેના દ્વારા ધર્મસંસ્થાના સડા પર એમાં પ્રહાર છે. એ કટાક્ષ અણઘડ રીતે થયા હોવા છતાં તેમાં રહેલી ઉદ્દંડતા અને જોસ્સાને કારણે ધ્યાન ખેંચે છે. બીજી કૃતિમાં હેન્રી આઠમાના સર્વસત્તાધીશ કાર્ડિનલ વૂલ્ઝી પર લેખકની કટાક્ષધારા મનભર વરસી છે. એની કૃતિઓમાં તોછડા પ્રહાર અને સાવ સ્થૂલ હાસ્ય એકસાથે પ્રકટે છે. સપ્રયોજન સ્વૈરવિહાર અને વાણીની રુક્ષતા એ પણ તેની લાક્ષણિકતા છે. દેવળોમાં થતા ધાર્મિકવિધિનાં અથવા પાદરીઓની વાણીનાં ચાંદુડિયાં પાડતી સંખ્યાબંધ લૅટિન પંક્તિઓ તેણે આ કૃતિમાં વેરી મૂકી છે. આવી જોમયુક્ત, અનિયંત્રિત ગતિવાળી, ધૃષ્ટ, આકરી ને જીવંત વાણી અંગ્રેજી સાહિત્યમાં એની કૃતિઓમાં પહેલી વાર પ્રગટ થાય છે એવો વિવેચક ડેવિડ ડેચીઝનો અભિપ્રાય છે. સ્કેલ્ટનના કટાક્ષમાં શિષ્ટતા કે વિવેક નથી, તેમ છતાં ક્યારેક તેની ઊર્મિનું લલિત કોમળ ભાષામાં મનહર આલેખન 'ધ બુક ઑવ ફિલિપ સ્પૅરો' (The Boke of Phillip Cparowe ઈ. ૧૫૦૩–૦૭)માં મહોરી ઊઠે છે. જેઈન સ્ક્રૂપ (Jane Scroupe) નામની એક કન્યાના પંખીના મૃત્યુ વિષેની એ કરુણ પ્રશસ્તિ છે. છોકરીના વિલાપભર્યા ઉદ્ગારોમાં સ્કેલ્ટનની ભાષા લલિત લાગે છે. જોકે કેટલીક સુકુમાર ભાવને પ્રગટ કરતી પંક્તિઓને તેણે હાસ્યાસ્પદ પણ કરી મૂકી છે. આ કૃતિમાં પણ તેણે મૃતાત્માઓની કચેરી અને દેવળના ધાર્મિક આચારોની ક્રૂર મજાક નિઃસંકોચ કરી છે.

તેની બીજી એક જાણીતી કૃતિ 'ધ ટનિંગ ઑવ એલીનૉર રમિંગ' (The Tunning of Elinor Rumming)માં દારૂ (અનુ. પૃ. ૨૦)

વિશિષ્ટ હસ્તવિનિયોગ

લેખક
સુનીલ કોઠારી



'નિઋતી'
ફોટો · સુબોધચન્દ્ર

ભરતનાટ્યમમાં અસંયુક્ત અને સંયુક્ત હસ્ત-પ્રકારોના વિનિયોગ ઉપરાંત કેટલાક વિશિષ્ટ હસ્તોનો ઉપયોગ પણ થાય છે. અભિનયદર્પણ એ અન્ય પ્રકારના હસ્તોનો ઉલ્લેખ કરે છે તેમાં દેવતાહસ્ત, નવગ્રહહસ્ત, દશાવતારહસ્ત, ચારવર્ણના હસ્ત, બાંધવ અથવા કુટુંબ હસ્તોનો સમાવેશ કરે છે. અભિનય-દર્પણની ૧૯૧૩ની આનંદ કુમારસ્વામી સંપાદિત આવૃત્તિમાં ઉપર્યુક્ત હસ્ત ઉપરાંત પ્રસિદ્ધ રાજવીઓના, સાત સમુદ્રના, વિખ્યાત નદીઓના; સ્વર્ગ અને પાતાલ દર્શાવવાના; વૃક્ષો દર્શાવવાના; પશુઓના; ઊડતાં પંખીઓ-ખેચરના, પાણીમાં તરતા જીવો વગેરેના પણ વિવિધ હસ્તો નોંધાયા છે. આમ, સમગ્ર સૃષ્ટિનું નિરૂપણ હસ્ત દ્વારા કરી શકાય છે. એવી કેટલીક હસ્ત મુદ્રાઓની સમજ આ સાથે અલગ આપી છે.

यतो हस्तस्ततो दृष्टिर्यतो दृष्टिस्ततो मनः ।
यतो मनस्ततो भावो यतो भावस्ततो रसः ॥

હસ્ત-મુદ્રાઓનો વ્યાપાર અભિનયની અપેક્ષા રાખે છે.

અભિનય અને તેના નિરૂપણથી રસનિષ્પત્તિનો ઉલ્લેખ અભિનય-દર્પણમાં છે. જ્યાં હાથની ગતિ ત્યાં દૃષ્ટિ અનુસરવી જોઈએ, જ્યાં દૃષ્ટિ ત્યાં મન, જ્યાં મન ત્યાં ભાવ અને જ્યાં ભાવ ત્યાં રસ તેવું કથન અભિનયદર્પણકારે યોજ્યું છે. અભિનય-નિરૂપણમાં નૃત્યાંગના આ નિયમને બહુધા અનુસરે છે. ઉપરાંત, ૩૫ ને ૩૬મા શ્લોકોમાં પૂર્વરંગવિધિ પછી

एवं कृत्वा पूर्वरङ्ग नृत्यंकार्यं ततः परम् ।
नृत्यं गीताभिनय भावतालयुतं भवेत ॥

આમ, નૃત્ય ગીત અભિનયયુક્ત તેમજ ભાવતાલયુક્ત હોય તેવું કહી

आस्येनालम्बयेद्गीतं हस्तेनार्थं प्रदर्शयेत् ।
चक्षुर्भ्यां दर्शयेद्भावं पादाभ्यां तालमाधिशेत् ॥

કંઠ-મુખ દ્વારા ગીત ગાવું, હસ્ત વડે અર્થ પ્રદર્શિત કરવો, દૃષ્ટિ વડે ભાવ અને પદથી તાલ સાચવવો તેવો આદેશ પણ છે. અહીં હસ્તમુદ્રા દ્વારા અર્થ-નિરૂપણ વિષે સૂચના છે.

અસંયુક્ત અને સંયુક્ત હસ્ત ઉપરાંત કેટલાક વિશિષ્ટ હસ્ત-વિનિયોગ પણ છે. તેમાંના દેવતા-હસ્તના પ્રકારોમાંનો એક: નિઋતી-એટલે કે નૈઋર્ત્ય દિશાના અધિષ્ઠાતા દેવતાનું જાણીતાં નૃત્યાંગના વૈજયંતિમાલા દ્વારા નિદર્શન આ રીતે 'ખટવા' હસ્ત દ્વારા નિશ્ચિત છે.

અભિનયની જે સમગ્ર પ્રક્રિયા છે તેમાં આ રીતે હસ્ત મહત્ત્વની ભૂમિકા ભજવે છે. અલબત્ત, ભરતનાટ્યમમાં અભિનય મુખ્યત્વે મુખાભિનય બની રહે છે. ચહેરા પરની વિવિધ ભાવછટા દ્વારા ગીતના વ્યંગ્યાર્થને નૃત્યાંગના લક્ષિત કરે છે. પરંતુ સાથેસાથે મુખ્ય ભાવાર્થ, શબ્દસમૂહ વગેરે માટે હસ્તમુદ્રાઓના વિનિયોગથી મુખભાવને પુષ્ટિ મળે છે. એટલે ચહેરા પરની ભાવછટા અને હસ્તમુદ્રાનું સહજ સ્ફુરણ અભિનયમાં વિવક્ષિત છે. એ બન્ને ક્રિયાઓ સમાંતર એકવાક્યતા સાચવે છે.

ઘણી વાર મુદ્રાઓ કાવ્યાત્મક ભાવનો જાણે પદચ્છેદ પણ કરતી હોય છે. 'મૃગાક્ષી' કહેલું હોય ત્યારે મૃગશિર્ષ હસ્ત નયન સમક્ષ રાખી કર્તરી

દેવતા-હસ્ત: અનુક્રમે: (૧) પાર્વતી-ડાબા-જમણા બંને હાથે પતાક મુદ્રા; (૨) સરસ્વતી-જમણા હાથે સૂચિ અને ડાબા હાથે કપિત્થ મુદ્રા; (૩) વિનાયક-બંને હાથે કપિત્થ મુદ્રા મોં પાસેથી લઈ વક્ષ:સંમુખ દંતૂશળનું સૂચન; (૪) શિવ-જમણા હાથે ત્રિપતાક અને ડાબે હાથે સિંહમુખ (૫) ષણ્મુખ (કાર્તિકેય)-જમણા હાથે ત્રિશૂલ અને ડાબા હાથે શિખર મુદ્રા; (૬) વિષ્ણુ-બંને હાથે ત્રિપતાક મુદ્રા. મુદ્રાના વિનિયોગ સાથે હસ્તની સ્થિતિ અને અંગભંગ પણ જુઓ. નૃત્યમાં દેહનું પ્રત્યેક હલનચલન અને અંગભંગિ કલામય જ હોવાં અતિ આવશ્યક છે.



પાર્વતી સરસ્વતી વિનાયક શિવ કાર્તિકેય વિષ્ણુ



બ્રહ્મા ઇંદ્ર અગ્નિ યમ વાયુ

દેવતા-હસ્ત (અનુક્રમે): (૧) બ્રહ્મા–જમણા હાથે હંસાસ્ય અને ડાબા હાથે ચતુર મુદ્રા; (૨) ઇન્દ્ર–બંને હાથે ત્રિપતાક મુદ્રા; (૩) અગ્નિ–જમણા હાથે ત્રિપતાક, ડાબા હાથે કાંગુલ મુદ્રા;(૪) યમ–જમણા હાથે સૂચિ, ડાબા હાથે પાશ-તામ્રચૂડ મુદ્રા; (૫) વાયુ–જમણા હાથે અરાલ, ડાબા હાથે અર્ધ પતાક મુદ્રા. આ ઉપરાંત મન્મથને જમણા હાથે કટકામુખ અને ડાબા હાથે શિખર મુદ્રા વડે, વરુણને જમણા હાથે પતાક તથા ડાબા હાથે શિખર મુદ્રા વડે અને કુબેરને જમણા હાથે મુષ્ટિ તથા ડાબા હાથે અલપદ્મ મુદ્રા વડે દર્શાવાય છે. ઇન્દ્ર, અગ્નિ, યમ, નિઋતી, વરુણ, વાયુ, કુબેર વગેરે દિશાઓના અધિષ્ઠાતા દેવોની મુદ્રાઓનો વિનિયોગ નવસંધિ-વિધિ નૃત્યોમાં કરવામાં આવે છે.

અન્ય હસ્ત-વિનિયોગ (દેવતાનાં નામ પછી દર્શાવેલા હસ્તમાં પ્રથમ જમણા હાથની અને બીજી ડાબા હાથની મુદ્રા બતાવી છે.)

નવગ્રહ હસ્ત: સૂર્ય : કપિત્થ–અલપદ્મ, ચંદ્ર : પતાક-અલપદ્મ, મંગળ (કુંજ) : મુષ્ટિ-સૂચિ, બુધ : પતાક-મુષ્ટિ, ગુરુ : પતાક-શિખર, શુક્ર : મુષ્ટિ-મુષ્ટિ, શનિ : ત્રિશૂલ-શિખર, રાહુ : સૂચિ-સર્પશીર્ષ, કેતુ : પતાક-સૂચિ. **¶ દશાવતાર હસ્ત:** મત્સ્ય : મત્સ્ય-મત્સ્ય, કૂર્મ : કૂર્મ-કૂર્મ, વરાહ : વરાહ-વરાહ, નૃસિંહ : ત્રિપતાક-સિંહમુખ, વામન : મુષ્ટિ-મુષ્ટિ, પરશુરામ : અર્ધપતાક-અર્ધચંદ્ર, રામ : કપિત્થ-શિખર, બલરામ : પતાક-મુષ્ટિ, કૃષ્ણ : મૃગશીર્ષ-મૃગશીર્ષ અને કલ્કી : પતાક-ત્રિપતાક. **¶ ચાર વર્ણના હસ્ત:** બ્રાહ્મણ : શિખર-શિખર, (બંને હાથે જનોઈ દર્શાવીને), ક્ષત્રિય : પતાક-શિખર, વૈશ્ય : કટકામુખ–હંસાસ્ય અને શુદ્ર: મૃગશીર્ષ-શિખર. **¶ બાંધવ અથવા કુટુંબ હસ્ત** : દંપતી : મૃગશીર્ષ-શિખર, ભ્રાતૃ : સર્પશીર્ષ-અર્ધચંદ્ર કે અલપદ્મ, પિતૃ : શિખર-અલપદ્મ, યુવતી : મૃગશીર્ષ-તામ્રચૂડ, સાસુ : હંસાસ્યથી ગળે અડકીને પછી મૃગશીર્ષ-અલપદ્મ, શ્વશુર : હંસાસ્યથી ગળે અડકીને પછી શિખર-અલપદ્મ, દિયર : કર્તરીમુખ-શિખર, નણંદ : કર્તરીમુખ-શિખર, પુત્ર : નીચો હાથ રાખી શિખર–પેટ પાસે અલપદ્મ, પુત્રી : નીચો હાથ રાખી મૃગશીર્ષ–પેટ પાસે અલપદ્મ, નાના કે મોટા ભાઈ : મયૂર–પરસ્પર એક નીચે એક ઉપર મયૂર, સપત્ની : મૃગશીર્ષ–પાશ, પતિ : શિખર–બંને હાથે હંસાસ્યથી ગળામાં મંગલસૂત્રનો નિર્દેશ, પત્ની : મૃગશીર્ષ–બંને હાથે હંસાસ્યથી ગળામાં મંગલસૂત્રનો નિર્દેશ. આમ, સંયુક્ત હસ્તોનાં નિશ્ચિત સ્થાનો વડે સમગ્ર વિશ્વ, માનવસંબંધો, કુટુંબ ઇત્યાદિ દર્શાવાય છે. આ પરિભાષા વારંવાર નૃત્ય પ્રયોગો જોવાથી સમજી શકાય છે.

મુદ્રાથી મૃગ જેવા નયનવાળી; અને 'મીનાક્ષી' કહેતી વેળા મત્સ્ય મુદ્રા દર્શાવી પછી નેત્રો પાસે કર્તરી મુદ્રા કરી મત્સ્ય જેવી 'તરલ ગતિવાળાં નયનોવાળી નાયિકા' એવા ભાવનું નિરૂપણ કરવામાં આવે છે. તેવી જ રીતે કમલાક્ષી, કમલવદની, બિંબોષ્ઠી, ચંદ્રમુખી વગેરે ઉપમાઓ દર્શાવી શકાય. અહીં કાવ્યમાં જે ઈંગિત છે તેને મુદ્રા દ્વારા સ્પષ્ટ કરી બતાવાય છે. આનો વિપુલ વ્યાપાર કથકલીમાં વિશેષ જોવા મળે છે.

પણ હસ્તની આ ભાષા કાવ્ય કોટિની હોય છે અને અગાઉ જેમ નોંધ્યું તેમ બે આંગળીઓ વચ્ચે સમયના ગાળાને સંગોપી શકાય છે, પોયણી અને ચંદ્ર વચ્ચેનું અંતર સાધી શકાય છે, મહેલોની અટારીઓ, ચંદ્રશાળાઓ, વૃક્ષો પર ઊડતાં પંખીગણ, ડાળે ફૂટતાં ફૂલ, વન, પવનની લહરી, નદીનો તટ વગેરેનું નિર્માણ સૂચનાત્મક મુદ્રાઓના પ્રયોજનથી કરી શકાય છે. માટે જ આપણાં નાટયોમાં સન્નિવેશ, કે પાછળ ચીતરેલા પરદા કે ઝાઝાં ઉપસ્કરો જોવા મળતાં નથી. મુદ્રાના વિનિયોગથી સ્વર્ગ, પૃથ્વી, સાતે સમુદ્ર અને ગંધર્વલોક દેવલોક કે પાતાળને પણ કલ્પી શકાય છે અને તે ભાષા સમજનાર પ્રેક્ષકોને તેનો જે અર્થ હૃદ-ગત છે, તેમાંથી નૃત્યનું કાવ્ય પ્રગટે છે. (ચાલુ)

ફોટોગ્રાફી હરીફાઈના નિયમો : (૧) આ હરીફાઈ હવેથી દર બે માસે, એટલે કે વર્ષમાં છ વખત યોજાશે. (૨) હરીફાઈ માટેનાં ચિત્રોનો વિષય અગાઉથી જાહેર કરવામાં આવશે. અને એ વિષયનાં (૩) નાનામાં નાના ૮×૧૦ સે.મી. તથા મોટામાં મોટા ૧૫×૨૦ સે.મી.ના કદનાં, બ્લૅક ઍન્ડ વ્હાઈટ, માઉન્ટ કર્યા વિનાનાં અને માત્ર ગ્લૉસી પ્રિન્ટ જ મોકલવાના રહેશે. (૪) બેથી વધુ ચિત્રો મોકલી શકાશે નહિ. (૫) દરેક ફોટો પાછળ મોકલનારનું પૂરું નામ–સરનામું લખેલું હોવું જરૂરી છે. (૬) એક હરીફને એક જ ઈનામ અપાશે. (૭) પહેલું ઈનામ ૧૦ રૂ., બીજું ૭ રૂ. અને ત્રીજું ૫ રૂ.નું રહેશે. (યોગ્ય જણાશે ત્યારે ઉત્તેજના ઈનામ પણ અપાશે.) (૯) **આ દ્વિમાસિક હરીફાઈમાં જે ચિત્રો જે કક્ષામાં ઈનામ પામ્યાં હશે તે તે કક્ષામાં એ ચિત્રોને વર્ષને અંતે વાર્ષિક હરીફાઈ માટે લેવામાં આવશે અને તેમાં પ્રથમ ઈનામ રૂ. ૫૦, બીજું રૂ. ૩૦ અને ત્રીજું રૂ. ૨૦નું અપાશે.** (૧૦) ઇનામને પાત્ર ઠરેલા ફોટો પ્રિન્ટની માલિકી 'કુમાર'ની ગણાશે (ચિત્રના કૉપીરાઈટ ફોટોગ્રાફરના જ રહેશે. 'કુમારે' પોતાને માટે બનાવેલા બ્લૉકોનો ઉપયોગ કરવાની 'કુમાર'ને છૂટ રહેશે.) અને (૧૧) એ સિવાયના પ્રિન્ટ, પૂરતું પોસ્ટેજ ચોડીને પોતાનું નામ-સરનામું લખેલું યોગ્ય કદનું કવર મોકલ્યું હશે તો જ તેમને પાછા મોકલી અપાશે. તે સિવાય બાકી રહેતા પ્રિન્ટની કોઈ જવાબદારી 'કુમાર'ની રહેશે નહિ.

આગામી હરીફાઈનો ચિત્રવિષય : ગામની શેરી * ફોટો મોકલવાની છેલ્લી તારીખ : ૨૮ ફેબ્રુઆરી ૧૯૭૩

કલાવાર્તા

શ્રીમતી પ્રફુલ્લા દહાણુકર



બાન્ડોરા (ગોવા)માં જન્મી, મુંબાઈની કલા-શાળા—જે. જે. સ્કૂલ ઑાવ આર્ટ્સમાં અભ્યાસ કરી ઈ. ૧૯૫૫માં કલાશાળાના ચિત્ર-પ્રદર્શનમાં સુવર્ણ-ચંદ્રક અને 'બૉમ્બે આર્ટ સોસાએટી'-ના પોર્ટ્રેઈટ-પ્રદર્શ-નમાં રૌપ્યચંદ્રક મેળવી શ્રીમતી પ્રફુલ્લા (જોષી) દહાણુકરે પોતાની કલાકારકિર્દીનો આરંભ કર્યો ને થોડા સમયમાં જ સ્ત્રી-ચિત્રકાર તરીકે સારી એવી પ્રસિદ્ધિ મેળવી લીધી હતી. ૧૯૬૧માં ફ્રેન્ચ સરકારની શિષ્યવૃત્તિ મેળવી તેમણે પારી(સ)માં કલા-ભ્યાસ વધારીને ત્યાં પોતાનાં ચિત્રો પ્રદર્શિત પણ કરેલાં. હંગેરી, સ્વિટ્ઝર્લૅન્ડ, જર્મની, ઑાસ્ટ્રેલિયા અને જાપાનમાં પણ પોતાની કૃતિઓ એમણે રજૂ કરી છે. નવી દિલ્હીના 'મ્યૂઝિયમ ઑાવ મૉડર્ન આર્ટ', મુંબાઈના 'પ્રિન્સ ઑાવ વેલ્સ મ્યૂઝિયમ' અને નાગપુરના 'સેન્ટ્રલ મ્યૂઝિયમ' ઉપરાંત અનેક કલાસંગ્રહો-માં એમની કૃતિઓ સંઘરાઈ છે.

મુંબાઈના જાણીતા ઉદ્યોગપતિ શ્રી દહાણુ-કરના પુત્ર શ્રી દિલીપ સાથેના લગ્ન પછી પણ એમણે પોતાની કલાસાધના જારી રાખી છે ને બૉમ્બે આર્ટ સોસાએટી તથા જહાંગીર આર્ટ ગૅલેરીની કાર્યવાહક સમિતિમાં પણ યોગ્ય સેવા આપતાં રહ્યાં છે.




જન્મજાત સંગીતપ્રેમથી પ્રેરાઈ રાગરાગિ-ણીઓને ચિત્રોમાં ઉતાર્યા બાદ એમણે પુષ્પો પર પણ એક ચિત્રમાળા સરજી ને પછી મ્યૂરલ જેવા મોટા ચિત્રપ્રકાર પર હાથ અજમાવ્યો. આજે વરલીમાં 'શિવસાગર એસ્ટેટ'ના મકાનને શોભાવતું એમનું મ્યૂરલ કદાચ મુંબાઈભરમાં એ પ્રકારનું મોટામાં મોટું કલાસર્જન બની રહ્યું છે. તસ્વીર-ચિત્રણામાં તો તેઓ નિષ્ણાત છે જ, ઉપરાંત, સેરામિક્સ, કાચ અને કાષ્ઠ વગેરે જેવાં માધ્યમોમાં પણ એમણે સુંદર સર્જનો કર્યાં છે. દર વર્ષે પોતાની જન્મભૂમિ—ગોવા પહોંચી જઈ ત્યાંના લોકજીવનને પણ કલામાં ઉતારવાનો એક શિરસ્તો એમણે વર્ષોથી જારી રાખ્યો છે.

—જયંત સિદ્ધપુરા



◁ શ્રીમતી પ્રફુલ્લાની બે કલાકૃતિઓ. પહેલી-માં કાષ્ટ અને કાચના વિવિધ કકડા વડે કરેલું સમભાર સંયોજન છે. એમાં કોઈ અર્થ અપે-ક્ષિત નથી, માત્ર પોત, ભાત ને રંગ-ચમકની આગવી મનોરંજકતા છે. બીજી કૃતિ 'ઑાટોમે-શન' સેરામિક્સના અનેકવિધ આકારના ટુકડા જોડીને કરેલી યંત્રસમ રચના છે, જે ચિત્રવસ્તુ-ને કલામય રીતે રજૂ કરે છે. એમની એક અન્ય ચિત્રકૃતિ આ અંકના મુખચિત્ર નીચે આપી છે.





કીરી—એ અવનવા પોત, રંગ, ભાત ને જાડાઈ-વાળા કાગળોને વિવિધ આકારે કાપી-ચોડીને બનાવેલાં આવાં ચિત્રોને 'કીરી-એ' કહે છે. છએક વર્ષથી જાપાનમાં તેનો પ્રચાર વધ્યો છે. પહેલી નજરે એ ભલે બાળકનો ખેલ લાગે, પણ હજારો નાનામોટા ટુકડા ચોડીને જાપાની કલા-કારોએ સર્જેલાં કીરી-એ જોઈએ ત્યારે તેમાં રહેલી કલા ને કૌશલનો ખરો ખ્યાલ આવે. આજે જાપાનમાં છએક જેટલા કલાકારો આ ક્ષેત્રે વિખ્યાત છે. આમ તો ચીન અને પોલૅન્ડમાં પણ કાગળ-કટાઈની કલા પ્રચલિત અને ખ્યાત છે, પણ જાપાનનું કૌશલ આગવું જ છે. તે આ બે નમૂના પરથી જણાશે.

સંગીત-સમજ—૨૩

રાગ ઝિંઝોટી

સાધુરામ ન્યા. ચોધ

'પિયા બિન નાહિ આવત ચૈન'. ખૂબ જ વિખ્યાત ઠુમરીની આ પંક્તિ છે, મહૂઁમ ઉસ્તાદ અબ્દુલ કરીમખાંએ ઝિંઝોટી જેવા ક્ષુદ્ર રાગમાં પણ એની અજબ હવા જમાવી છે, તો 'ન્યૂ થીએટર્સ'ની 'દેવદાસ' ફિલ્મમાં સ્વ. સાયગલે પોતાના મધુર અવાજે એમાં અંતરનું દર્દ ઠાલવ્યું છે. ઉસ્તાદ વિલાયતહુસેને પણ 'આજ બ્રિજમેં હોરી ખેલી નંદલાલ' એ ચીજને ધમ્મારમાં અપૂર્વ રંગતથી ગાઈને આ રાગને બહેલાવ્યો છે. ઝિંઝોટી રાગ ખયાલ વગેરે જેવા ગંભીર ગાનસ્વરૂપમાં બહુ જામતો નથી, પણ ગઝલ, ઠુમરી, દાદરા, ગીત, ભજન વગેરે જેવા ગાયનના સુગમ પ્રકારો માટે આ એક બહુ અનુકૂળ રાગ છે.

ઝિંઝોટી એ ખમાજ થાટનો આશ્રય રાગ છે. સ્વ. ભાતખંડેજીએ અપનાવેલી પદ્ધતિમાં દસે થાટના દસ આશ્રય રાગો છે. આ આશ્રય રાગ જે તે થાટના સ્વર સમુદાયનો ઉત્તમ નમૂનો આપે છે અને તે થાટના સ્વરોના આરોહાવરોહ સરળ રૂપમાં રજૂ કરે છે. અલબત્ત, એમાં યે અપવાદ પણ છે જ. યમન, બિલાવલ, ભૈરવ વગેરે થાટના આશ્રય રાગનું નામ પણ એ થાટના નામ પ્રમાણે જ છે, પરંતુ ખમાજ થાટનો આશ્રય રાગ ખમાજ નહિ પણ ઝિંઝોટી છે, એ કદાચ એટલા માટે કે ઝિંઝોટીનો આરોહ-અવરોહ સંપૂર્ણ અને સરળ છે.

ખમાજ રાગના આરોહમાં ઋષભ (રે) સ્વર વર્જ્ય છે. જ્યારે ઝિંઝોટીમાં બધા સ્વરો લેવાય છે. ખમાજ ષાડવ-સંપૂર્ણ રાગ છે, તો ઝિંઝોટી સંપૂર્ણ. ઝિંઝોટીનું રાગ-સ્વરૂપ ઘણે અંશે ખમાજને મળતું હોઈ એવું પણ મનાય છે કે ખમાજના સ્વરૂપમાં જ નજીવો ફેરફાર કરીને ઝિંઝોટીની રચના થઈ છે. ઝિંઝોટી અંગેના ગ્રંથાધાર મળતા નથી.

ઝિંઝોટીમાં ગાંધાર (ગ) વાદી અને નિષાદ (નિ) સંવાદી સ્વર છે. મંદ્ર ને મધ્ય સપ્તકમાં એનો રાગવિસ્તાર થાય છે. 'ધ઼ સા રે મ ગ' એ ઝિંઝોટીની લાક્ષણિક પકડ છે. તેમાં જો કે 'સા રે ગ રે ગ' એ સ્વરો લઈ શકાય છે, પણ વારંવાર એમ કરવાથી 'યમન' રાગનો ભાસ થવાનો સંભવ હોઈ ગાયકો ઝિંઝોટીના આરોહમાં 'ધ઼ સા રે મ ગ પમગ રેસા નિ઼ ધ઼ પ઼ ધ઼ સા' એ સ્વરો લઈ યમનને ટાળે છે, વળી આરોહમાં 'રે મ પ ધ સં' જેવા સ્વરો વડે નિષાદ વિનાની તાન લઈને ગાયકો ઝિંઝોટીને ખમાજથી અલગ પાડી બતાવે છે. કારણ કે ખમાજમાં આરોહમાં 'ગ મ પ નિ સા' સ્વરો ખાસ લેવાય છે. પણ આ રાગમાં સંખ્યાબંધ ઠુમરી મશહૂર થઈ છે. □

રાગ ઝિંઝોટી

કોમલ મની ઝિંઝુટી હૈ ચઢત ન લગે નિખાદ
કહું કોમલ ગંધાર હૈ ધ ગ સંવાદી વાદ,

ઝિંઝોટી એ ખમાજ થાટમાંથી નિપજેલો સંપૂર્ણ જાતિનો રાગ હોઈ તેનો આરોહ-અવરોહ તદ્દન સરળ છે ને એથી એ ખમાજ થાટનો આશ્રય રાગ ગણાય છે. ઝિંઝોટીના આરોહમાં ઋષભ (રે) લેવાતો હોઈ એ ખમાજ રાગથી અલગ પડી જાય છે. એનું સ્વરૂપ પણ ખમાજ કરતાં વધુ સરળ છે. ઝિંઝોટીમાં વાદી સ્વર ગાંધાર (ગ) અને સંવાદી નિષાદ (નિ) છે. 'ધ઼ સા, રે, મ ગ' સ્વરો વડે ઝિંઝોટી તુરત ઓળખાય છે. મુખ્યત્વે મંદ્ર ને મધ્ય સપ્તકમાં ચલન ધરાવતો આ ક્ષુદ્ર ગીતાર્હ રાગ ગઝલ, ઠુમરી, દાદરા વગેરે જેવા સુગમ ગાનમાં વધુ શોભે છે. ઝિંઝોટી રાત્રિના બીજા પ્રહરમાં ગવાય છે.

આરોહ-અવરોહ

સા રે ગ મ પ ધ નિ સં સં નિ ધ પ મ ગ રે સા

ઉઠાવ

ધ઼ સા, રે મ, ગ, પ મ ગ રે સા નિ઼ ધ઼ પ઼


ચલન

ધ઼ સા[illegible] મ ગ, પ, મ ગ, રે સા, નિ઼ ધ઼ પ, ધ઼ સા, રે મ ગ, ગ મ પ મ ગ, ધ પ મ ગ, સા રે ગ, સા, નિ઼ ધ઼ પ઼, ધ઼ સા, રે મ ગ.

ઝિંઝોટીની આ રેકૉર્ડ્સ સાંભળવા જેવી છે.

'પિયા બિન નાહિ આવત ચૈન'(BEX259)ઉ.અબ્દુલ કરીમખાં

ઝિંઝોટી તરાના (L. P.) ઉસ્તાદ નિસારહુસેનખાં



ચીમનલાલ પેપર કંપનીની પ્રશંસનીય કલાપ્રયોજના

અવનવા પોત અને રંગવૈવિધ્યવાળા કાગળ, મુદ્રણ અને બાઇન્ડિંગની નવી રીતોની સુવિધા હવે અલભ્ય નથી, એટલે રોજિંદા વપરાશની સ્ટેશનરી, ડાયરી વગેરેમાં ઉત્પાદકો અનેકવિધ સર્જનો વડે કલામય રજૂઆત તથા વ્યાવસાયિક દૃષ્ટિએ પોતાની આગવી સૂઝ દાખવે છે. મુંબાઈની 'ચીમનલાલ પેપર કંપની'એ પણ છેલ્લાં વર્ષોમાં આ ક્ષેત્રે ઘણી સારી દેણગી કરી છે. કાગળની જાત, રંગ, રચના ને વિષય વગેરેમાં કેવળ ભારતીય કલા-સ્પર્શવાળી એમની રજૂઆત અનોખી ભાત પાડી રહી છે.

દર વર્ષે નવાંનવાં તૈયાર થતાં અભિનંદન-પત્રો વગેરેમાં પ્રાચીન ભારતીય કલાનો જે સુંદર ઉપયોગ તેઓએ કરી બતાવ્યો છે એ તો પ્રશંસનીય છે જ, પણ છેલ્લાં વર્ષોમાં વિવિધ સ્ટેશનરી વગેરેનાં એમનાં સારો આવકાર પામેલાં સર્જનો સાથે એમની ડાયરી પણ સુંદર કલાસૂઝ પ્રકટ કરતી રહી છે. આ વખતની–ઈ. ૧૯૭૩ની એમની ડાયરીનો કેન્દ્રવર્તી વિષય છે 'સૂર્ય'. પૂઠાંથી આરંભી થોડાંથોડાં પાનાંને અંતરે વિવિધરંગી કાગળો પર સૌરાષ્ટ્રની લોકકળા, રાજપૂત પતાકા, બંગાળાની બીબાંછાપ, પરંપરાગત જન્મકુંડલીના આલેખ, તાંત્રિક કલ્પના, આભૂષણ, અમૃતસરના સુવર્ણમંદિરના ઘુમ્મટ, ભારહુતનાં શિલ્પ, જ્યોતિષનાં પ્રાચીન ટીપણાં તથા લાકડાનાં મહોરાંમાં વ્યક્ત થએલાં સૂર્યનાં વિવિધ સ્વરૂપોને ઘણી સુંદર રીતે રજૂ કર્યાં છે. એમાંનું એક આ સાથે આપ્યું છે. દૈનિક નોંધ માટેનાં પાનાં પર પણ તારીખ વગેરે દર્શાવવાની એમણે પસંદ કરેલી રીતમાં ભારતીય સ્પર્શ સ્પષ્ટ ઊપસી આવે છે.

કેન્દ્રસરકારના 'ટૂરિઝમ ડેવેલપમેન્ટ કૉર્પોરેશન' માટે પણ એમણે એવી જ સુંદર એક બીજી ડાયરી પણ બનાવી છે, જેમાં એક-દોઢ સદી પહેલાંના ભારતનું દર્શન કરાવતાં, એ સમયમાં આવેલા વિદેશી કલાકારોએ કરેલાં ૨૫ ચિત્રોનો સમાવેશ કર્યો છે. દસ્તાવેજી મૂલ્ય ધરાવતાં એ ચિત્રોમાં રજૂ થએલાં સ્થળો ને પાત્રો, આજના પલટાએલા ભારતના એ જ સ્થળોના વિકાસ વગેરેની એક રસપ્રદ તુલના કરવા પ્રેરે છે. વિદેશી પ્રવાસીઓને ભારતનો ખરો ખયાલ આપવામાં સહાયરૂપ બનવા સાથે એક આગવું મનોરમ સર્જન છે. આ ડાયરી એ ખાતાએ જાહેર વેચાણમાં પણ મૂકી હોત તો દેશના અન્ય કલારસિક લોકો એનો બહોળો લાભ લેવા જરૂર પ્રેરાત.





△ ઈ. ૧૫૪૨માં શેરશાહ સૂરીએ બહાર પાડેલા રૂપિયાના ડાબી તરફ દર્શાવેલા બે સિક્કા પછીની હિંદનું મુખ્ય રૂપાનાણું સિલસિલાબંધ ચાલ્યું આવે છે. જમણી બાજુ છેડે હિંદી ચલણમાં સૌથી લાંબો કાળ ચાલુ રહેલો, મહારાણી વિક્ટોરિયાની છાપવાળો, જનતામાં જાણીતો 'રાણીછાપનો રૂપિયો'.

આજે તો ચલણમાં રૂપિયો હવે બહુધા નોટ રૂપે જ રહ્યો છે; પણ એક વખત તે, તેના નામ પ્રમાણે, શુદ્ધ રૂપાનો જ બનતો. એમાં ફેરફાર થઇને તેમાં નિકલ ધાતુ ઉમેરાઈ ત્યારે આજથી પચ્ચીસ વર્ષ પહેલાંના અંકમાં એ રૂપિયાની કથા અનેક ચિત્રો સાથે આપેલી તે આસ્વાદ્ય થશે : 'જગતના ઇતિહાસમાં સૌ પહેલા સિક્કા હિંદુસ્તાનની આર્ય જાતિએ પાડેલા. વેદકાળમાં, રામાયણ-મહાભારત કાળમાં ત્યાર પછી પણ લાંબો વખત આપણે ત્યાં સોનાના સિક્કાઓ જ પ્રચલિત હતા, અને તે 'નષ્ક' અને 'સુવર્ણ'ને નામે ઓળખાતા. ચાંદીના સિક્કા ઈ. સ. પૂર્વે છઠ્ઠા સૈકામાં શરૂ થયા. તે 'રૂપ્ય' ને નામે ઓળખાતા એમ પાણિનીના ગ્રંથમાં માહિતી મળે છે. તે વખતે ઘણુંખરું ચોરસ આકારના સિક્કાઓ પાડવામાં આવતા અને તેના પર જુદીજુદી વસ્તુઓના સંકેતો. પ્રતીકો કોતરવામાં આવતા. ત્યાર બાદ હાથી, બળદ ઈત્યાદિની આકૃતિઓ સિક્કા પર આવવા લાગી, અને ઈ. સ. પૂર્વે બીજા સૈકામાં તો બ્રાહ્મી લિપિના શબ્દો પણ સિક્કા પર જણાવા શરૂ થયા. સિકંદરના હિંદમાં આગમનથી તેના સિક્કાની અસર હિંદી સિક્કાઓ પર પડી ને શકોએ હિંદુ દેવદેવીઓની આકૃતિ સિક્કા પર ઉતરાવી. મૌર્ય કાળના કોઈ ખાસ સિક્કા મળી આવતા નથી. કુશાનોએ ૧૨૮ ગ્રેનના 'દીનાર' નામના સોનાના સિક્કા પાડ્યા હતા. તેમના સોના-ચાંદીના સિક્કા પર શિવ, બુદ્ધ આદિ દેવદેવીઓની આકૃતિઓ જણાઈ આવે છે. પણ ગુપ્તોના કાળમાં તો સિક્કાઓની કળા શ્રેષ્ઠતાએ પહોંચી. તેમાં એક બાજુ ઘણુંખરું સમ્રાટની આકૃતિ તથા તેનું બિરુદ અને પાછળના ભાગમાં લક્ષ્મીની સુંદર આકૃતિ છપાતી.

મુસલમાનોના હિંદમાં આગમન સાથે સિક્કાઓના ઇતિહાસમાં એક નવું જ પ્રકરણ શરૂ થયું. તેમણે ઇસ્લામી સંસ્કૃતિને અનુસરીને, થોડાક અપવાદો સિવાય, કોઇ પણ વ્યક્તિની આકૃતિને બદલે ઉર્દૂ લિપિમાં કુરાનના કલમાઓ, બાદશાહનાં નામ તથા બિરુદ, હિજરી સાલ ને કયે સ્થાને પાડવામાં આવ્યો તેનો ઉલ્લેખ, એટલી હકીકત સિક્કાની બે બાજુ પર આવતી. ૧૩મી સદીમાં ઘોરી રાજાઓએ ૧૭૮ ગ્રેનના સોના તથા રૂપાના, 'તનકા' નામના સિક્કા ચાલુ કર્યા હતા. પોતાની નાણાની તંગી નિવારવા મહંમદ તઘલખે હલકી ધાતુની ભેળવાળા સિક્કાઓ પાડયાથી ચલણમાં ખૂબ અંધાધૂંધી વ્યાપી ગઈ. એ અવ્યવસ્થાને દૂર કરી નાણાંને ફરી સ્થિર પાયા પર મૂકવાનું માન બાદશાહ શેરશાહ સૂરીને ફાળે જાય છે. તેણે વિનિમયના સાધન તરીકે રૂપાનાણું સ્વીકારીને સૌ પહેલો ૧૭૮ ગ્રેનનો ચાંદીનો સિક્કો ચાલુ કર્યો. તે જ આપણો રૂપિયો. ઈ. ૧૫૪૨ની સાલમાં તે પહેલવહેલો બહાર પડયો અને ત્યારથી આજસુધી તો એકધારો એ જ નામે ઓળખાતો આવ્યો છે. શેરશાહે રૂપિયાની બાબતમાં બે મહત્ત્વનાં પગલાં લીધાં. એક તો તેણે રૂપિયાને બે, ચાર, આઠ અને સોળ ભાગમાં વહેંચીને તેટલી કિંમતનું તાંબાનાણું ચાલુ કર્યું, જે આ સદી સુધી ચાલુ રહ્યું; ને બીજું તેણે ઠેરઠેર ટંકશાળો ઊભી કરીને ખૂબ મોટા પ્રમાણમાં રૂપિયા લોકોમાં ફરતા કર્યા.

શેરશાહને હરાવીને જ્યારે મુઘલો સત્તા ઉપર આવ્યા ત્યારે તેમણે યે સુધારાઓ કર્યા, અકબરે દશાંશ ભાગવાળા પોતાના નવા સિક્કા શરૂ કર્યા હતા, પણ પ્રજામાં તે લોકપ્રિય નહોતા નીવડયા. જહાંગીરે પણ સિક્કામાં થોડાક સુધારા કર્યા હતા. તે દર મહિને વારાફરતી રૂપિયાનો આકાર ગોળ અને ચોરસ પડાવતો. વળી તેણે રૂપિયામાં કલાતત્ત્વ પણ દાખલ કર્યું હતું. ઔરંગઝેબે રૂપિયા પર સાલ આલેખવાની શરૂઆત કરેલી. આવા નાના સુધારાઓ બાદ કરતાં દેશની ૭૬ ટંકશાળોમાંથી એકીવખતે બહાર પડતા રૂપિયાઓમાં હમેશાં બીજું બધું એકધારાપણું જ જળવાઈ રહેલું.

મુઘલ સત્તા પડી ભાંગી ત્યારે હિંદના ચલણમાં ભારે અંધાધૂંધી ઉત્પન્ન થઈ. જુદાં જુદાં રાજ્યોએ પોતાના અલગ સિક્કાઓ શરૂ કર્યા. એ કાળ દરમ્યાન દેશમાં સોનાચાંદીના મળીને ૯૯૪ પ્રકારના સિક્કાઓ પ્રચલિત હતા, જેમાં ૫૮૦ પ્રકારના એકલા ચાંદીના રૂપિયા જ હતા! અંગ્રેજોએ શરૂઆતમાં તો હિંદમાં જે પ્રચલિત સિક્કાઓ હતા તે જ તેમણે ચાલુ રાખ્યા. ઈ. ૧૭૪૨માં તેમણે મહમદ પાસેથી સિક્કા પાડવાની સનદ મેળવીને મુઘલ બાદશાહની છાપનો રૂપિયો ટંકશાળામાં પાડવો શરૂ કર્યો. ધીમે ધીમે જેમ જેમ તેઓ વધુ ને વધુ પ્રદેશ કબજે કરતા ગયા તેમ તેમ દેશની તમામ ટંકશાળો પર તેમનો કાબૂ આવ્યો. પછી તો રૂપિયાની અનેક જાતોને લીધે વેપારમાં અડચણ ઉત્પન્ન થાય છે એવું બહાનું બતાવી તેમણે ઈ. સ. ૧૮૩૫ની સાલમાં પોતાના રૂપિયા સિવાય






સાતમા એડવર્ડ, પાંચમા જ્યૉર્જ અને છઠ્ઠા જ્યૉર્જનાં મહોરાંવાળા રૂપાના આ હિંદી રૂપિયાઓની પાછલી બાજુ પર વિવિધ વર્તુલાકારી કમળવેલ જ હમેશાં આવતી; તેને બદલે નવા નિકલના રૂપિયાના પાછળના ભાગમાં સિંહનું આલેખન આવતું થયું જેની છાપ ડાબી બાજુ આપી છે.





જગતભરના ઇતિહાસમાં સિક્કાઓ સૌ પહેલાં હિંદમાં પાડવામાં આવેલા. આજથી ૩૦૦૦ વર્ષ પહેલાં પતરાના કટકા પર વિવિધ સંજ્ઞાઓના 'પંચ' મારીને સિક્કાઓ પાડવામાં આવતા. ત્યાર બાદ ઢાળામાં ઢાળીને સિક્કાઓ પાડવાની સાથે હાથી બળદ આદિ આકૃતિઓ પણ આલેખાવા લાગી. (જુઓ ચિત્ર પહેલું ઉપર: ચંદ્ર અને ચૈત્યની સંજ્ઞાઓ; નીચે: હાથી). તે પછી ગરમ ધાતુ પર જ સીલની માફક ડાઈ વડે ઊંડી છાપ પાડીને સિક્કા પાડવાની શરૂઆત થઈ. (ચિત્ર બીજું: એક બાજુ કમળ પર લક્ષ્મી અને બીજી બાજુ બ્રાહ્મી લિપિમાં લખાણ). પણ પછી ગ્રીકોએ હિંદ પર સવારી કરતાં તેમના સિક્કાની અસર આપણા સિક્કા પર પડી અને સિક્કાની એક બાજુ રાજાનો ચહેરો અને બીજી બાજુ કોઈ ચિહ્ન આલેખવાની પ્રથા શરૂ થઈ. ત્રીજું ચિત્ર એ વખતે થઈ ગએલા સૌભૂતિ નામના હિંદુ રાજાના એવા સિક્કાનું છે. તેની એક બાજુએ રાજાનું મહોરું છે, અને પાછળ કૂકડાનું ચિત્ર. પડખે ગ્રીક ઢબનો રાજદંડ અને ગ્રીક લિપિમાં રાજાનું નામ છે. ત્યાર બાદ શકોના સમયમાં એક બાજુ રાજાનું મહોરું એને બીજી બાજુ સૂર્ય, ચન્દ્ર આદિ આકૃતિઓ આવવા લાગી. અને કુશાનોના સમયમાં એક તરફ રાજાનું ચિત્ર ને બીજી બાજુએ શિવ, બુદ્ધ, ચન્દ્ર આદિ આકૃતિઓ આલેખાવા લાગી. ઉપર કુશાન સમયના સિક્કાના એવા ચોથા ચિત્રમાં એક બાજુ રાજા કનિષ્કનું ચિત્ર ને બીજી બાજુએ ચન્દ્રદેવનું આલેખન છે. પણ સિક્કાઓની સાચી કળા શ્રેષ્ઠતાએ તો પહોંચી ગુપ્ત કાળમાં; તે સિક્કાઓ પર દેવદેવીઓ તથા સમ્રાટની આકર્ષક આકૃતિઓ આલેખાવા લાગી. નીચે પહેલા સિક્કામાં એક બાજુ રાજદંપતીની છાપ અને બીજી બાજુ સિંહ પર બેઠેલી દેવીનું ચિત્ર છે. ત્યાર બાદ હિંદમાં મુસલમાનો આવ્યા. તેમણે સિક્કામાં જબ્બર ક્રાંતિ આણી. ઈસ્લામના આદેશ અનુસાર કોઈ પણ સજીવ આકૃતિનું આલેખન થઈ ન શકે; પણ શરૂઆતમાં તો તેઓ ભારતીય સિક્કાથી પ્રભાવિત થઈ સિક્કા પર ઘોડો બળદ આદિ આકૃતિઓ આલેખતા અને નાગરી લિપિનો ઉપયોગ કરતા. શાહબુદ્દીન ઘોરીના કાળનો નીચેનો બીજો સિક્કો તેનું ઉદાહરણ છે. પણ ત્યાર બાદ ઈસ્લામી સંસ્કૃતિને અનુસરીને વ્યક્તિની આકૃતિ કે મુદ્રા અંકિત કરવાનું બંધ કરી દઈ માત્ર ઉર્દૂ લિપિમાં જ લખાણ લખવાનો શિરસ્તો એમણે શરૂ કર્યો. તેના ઉદાહરણરૂપ નીચેનું ત્રીજું ચિત્ર કુત્બુદ્દીનના ચોરસ સિક્કાનું છે. તે પછી મહમદ તઘલખે હલકી ધાતુના સિક્કાઓ ચાલુ કરીને મોટી અંધાધૂંધી ઊભી કરેલી. છેલ્લું ચિત્ર તેના એવા પિત્તળના સિક્કાનું છે. તે અંધાધૂંધી દૂર કરીને રૂપિયાને પહેલવહેલો વ્યવસ્થિતરૂપે શરૂ કરવાનું માન અફઘાન બાદશાહ શેરશાહ સૂરીને ફાળે જાય છે. આ વિભાગના મથાળે વિક્ટોરિયા રાણીની છાપવાળા રૂપિયાની બાજુમાં તેનું ચિત્ર આપ્યું છે, જેને આપણા જાણીતા રૂપિયાના વડદાદો કહી શકાય.





બાકીના તમામ રૂપિયા પાછા ખેંચી લીધા અને આમ, રૂપિયા ઉપરની પોતાની જીત તેમણે સંપૂર્ણ કરી. એમણે પોતાનો પહેલો સ્વતંત્ર રૂપિયો વિલિયમ ચોથાની છાપવાળો પાડ્યો હતો. એ રૂપિયાનું વજન તેમણે ૧૮૦ ગ્રેન રાખ્યું જેમાં ૧૬૫ ગ્રેન શુદ્ધ ચાંદી હતી. ૧૮૦ ગ્રેન આપણા એક તોલા જેટલું વજન હોવાથી આપણાં વજન જોખવામાં પણ તેથી સુલભતા આવી. તે વખતથી હમણાં સુધી રૂપિયાનું વજન જો કે ૧૮૦ ગ્રેન કાયમ રહ્યું, પણ તેની અંદરની ચાંદી ધીમે ધીમે ઓછી થતી ગઈ છે અને આપણા છેલ્લા રૂપિયામાં તો ચાંદી અત્યંત જૂજ હતી. પણ હવે તો એટલી યે ચાંદી પાછી ખેંચાઈ જઈ સંપૂર્ણરીતે નિકલનો રૂપિયો આપણા હાથમાં આવ્યો છે.'

પ્રથમ નાથાલાલ દેસાઇ સ્મારક દોડ-સ્પર્ધા

હરિ ૐ આશ્રમ (રાંદેર) પ્રેરિત અને ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ યોજિત આ પ્રથમ દોડ-સ્પર્ધા આ વર્ષે ૪થી ફેબ્રુઆરીએ 'એમેટર ઍથ્લેટિક ફેડરેશને' લાંબી દોડ માટે નક્કી કરેલા નિયમાનુસાર યોજાઈ છે. તેમાં ભાગ લેનાર ભાઇઓએ બાવળાથી અમદાવાદનું ૩૫ કિ. મી. (૨૨ મા.)નું અંતર ૪ કલાકમાં અને બહેનોએ સરખેજથી અમદાવાદનું ૮ કિ.મી. (૫ મા.)નું અંતર ૧ કલાકમાં કાપવાનું છે. પ્રથમ ત્રણ વિજેતાઓને ચંદ્રકો અને પારિતોષિકો તથા પ્રમાણપત્ર અને પછીના યોગ્ય હરીફોને આશ્વાસક ઈનામો અપાશે. સૌથી વધુ ગુણ મેળવી ચૅમ્પીઅન બનનાર જિલ્લાને કપ અપાશે. ૧૫ માઈલ દોડવાના સતત મહાવરાવાળા ભાઇઓએ તથા સતત ૩ માઈલ દોડી શકનાર બહેનોએ આ માટેની શારીરિક ક્ષમતાના દાક્તરી પ્રમાણપત્ર સાથે સ્થાનિક શિક્ષણ સંસ્થા કે વ્યાયામ મંડળ યા પંચાયત દ્વારા ૨૫મી જાન્યુઆરી સુધીમાં પોતાનું પ્રવેશપત્ર ભરી મોકલવાનું રહેશે. પ્રવેશપત્ર તથા વિગત માટે: વ્યવસ્થાપક શ્રી, નાથાલાલ દેસાઈ સ્મારક દોડ સ્પર્ધા, ગુજરાત વ્યાયામ પ્રચારક મંડળ-રાજપીપળા (જિ. ભરૂચ).

સાહિત્યસંપર્ક

શબ્દકથા : 'પણિ', 'વાણિયો', 'વણજારો'

વેપારવણજનાં અનેક પાસાં—ખરીદવું, વેચવું, સાટું કરવું, સંઘરવું, એક ઠેકાણેથી બીજે ઠેકાણે લઇ જવું, ધીરધાર કરવી વગેરે. તદનુસાર સમયેસમયે વેપારી માટે પણ વિવિધ શબ્દો પ્રચારમાં આવે અને પ્રચારમાંથી નીકળી જાય એ સ્વાભાવિક છે. સંસ્કૃતમાં 'પણ્' એટલે 'હોડમાં મૂકવું' અથવા 'સાટું કરવું'. તે પરથી બનેલો 'પણિ' શબ્દ ઋગ્વેદમાં 'કૃપણ' એવા અર્થમાં રૂઢ છે. પ્રાચીન ફિનિશનો વેપારી હોઇને વૈદિક 'પણિ' તેમની સાથે જોડવાનો તરંગ કેટલાકે લડાવેલો, પણ તે માટે નથી ઇતિહાસનો ટેકો, તેમ નથી ભાષાશાસ્ત્રનો ટેકો. વેપારી માટે વૈદિક શબ્દ 'વણિજ્' છે, અને તે ઉપરથી 'વણિક' અત્યારે પણ આપણે વાપરીએ છીએ.

'વણિજ્' ઉપરથી પ્રાકૃતમાં 'વણિજ્જ' ક્રિયાપદ બને છે: 'વણિજ્જઇ' એટલે 'વેપાર કરે છે'. તે પરથી આપણને 'વણજ' શબ્દ મળ્યો. જેમ કે 'વેપારવણજ'.

'વણજ' કરે તે 'વણજારો'. મધ્યકાલીન કથાસાહિત્યમાં વણજારા તેમની પોઠ—'વણજાર' સાથે જાણીતા છે. લાખો વણજારો આપણી અનેક વાર્તાઓમાં નાયક તરીકે કે ખલનાયક તરીકે કામ કરે છે. પછીથી 'વણજારા' જ્ઞાતિનામ બને છે. 'વણજારી', 'બનજારી', 'લખાણી', 'લભાણી' કે 'લંબાડી' જ્ઞાતિના લોકો રાજસ્થાનમાંથી સ્થળાંતર કરી આંધ્ર પ્રદેશ, મહારાષ્ટ્ર વગેરેમાં સ્થિર થએલા છે; તેમની ભાષા પણ તે નામે જાણીતી છે, અને ગુજરાતી સાથે તે કેટલાંક સામ્ય ધરાવે છે.

સંસ્કૃતમાં વણજારા માટે 'સાર્થવાહ' શબ્દ છે: પણ તે અર્વાચીન ભાષાઓમાં, સિંહલી 'સતવા' (=વેપારી)ને બાદ કરતાં, ઊતરી આવ્યો નથી. તેનું સ્થાન 'વણજારા'એ લઈ લીધું.

'વણિજ્' ઉપરથી સંસ્કૃતમાં સધાએલા 'વાણિજક' શબ્દ મારફત આપણને 'વાણિયો' શબ્દ મળ્યો છે. મૂળે એ શબ્દ વ્યવસાયવાચક, પણ કાળક્રમે 'વણજારા'ની જેમ તે જ્ઞાતિવાચક બની ગયો છે. પંજાબીમાં 'બાનિઆ', બંગાળીમાં 'બાનિયા' અને મરાઠીમાં 'વાણી' છે. હિન્દી, નેપાળી ને બિહારી 'બનિયા' અને સિંધી 'વણ્યો' એ રૂપોનાં મૂળમાં સંસ્કૃત 'વાણિજક' છે.

વાણિયાનો દીકરો શરૂઆત ગુમાસ્તા તરીકે કરે—એટલે 'વણિજપુત્ર' ઉપરથી 'વાણિઉત્ત' દ્વારા બનેલ 'વાણોતર' શબ્દ શેઠના વિરોધમાં ગુમાસ્તાનો અર્થ ધરાવતો થયો છે.

વાણિયાને માટે આદરસૂચક 'વૈશ્ય' શબ્દ વપરાય છે. પણ 'વૈશ્ય' મૂળમાં વર્ણવાચક છે. ચાતુર્વર્ણ્યમાંનો ત્રીજો વર્ણ તે 'વૈશ્ય'. વ્યવસાયવાચી 'વાણિજક' જ્ઞાતિવાચી બનતાં તેને 'વૈશ્ય' સંજ્ઞા પણ લાગુ પડી છે.

હરિવલ્લભ ભાયાણી

શૃણ્વન્તુ

પોતાની આગવી દૃષ્ટિએ વિવેચન-પ્રવૃત્તિ કરી રહેલા શ્રી સુરેશ હ. જોષીનો આ લેખ-સંગ્રહ ત્રણ ખંડમાં વહેંચાએલો છે. પ્રથમ ખંડમાં પાંચ, બીજામાં આઠ અને ત્રીજામાં ત્રણ એમ કુલ ૧૬ અહીં સંઘરાએલા લેખો મુખ્યત્વે વર્તમાન સાહિત્યપ્રવૃત્તિને અનુલક્ષીને લખાયા છે. એમાં એમણે છેલ્લા દાયકા-દોઢ દાયકાની વિવેચનપ્રવૃત્તિ, નવલકથાસર્જન, નવલિકાનિર્માણ, કાવ્યપ્રવૃત્તિ આદિ પર નિર્ભીકતાથી પોતાનાં દૃષ્ટિબિંદુઓ રજૂ કર્યાં છે. પ્રવર્તમાન આ બધી પ્રવૃત્તિથી એમને સંતોષ નથી, એટલે નિરાશાના સૂરો એમાં સંભળાય તે સ્વાભાવિક છે, પરંતુ સાથેસાથે સારા ભાવિની આશાના સૂરો પણ એમણે કાઢ્યા છે. એમનાં આ લખાણોમાં વિષયની પૂરતી સૂઝ, અભિવ્યક્તિની સચોટતા, સ્વતંત્ર દૃષ્ટિસંપન્ન અભિનિવેશ અને તાર્કિક અસંદિગ્ધતા સ્પષ્ટપણે આગળ તરી આવે છે. વળી, વિવિધ ક્ષેત્રની તેમજ દેશપરદેશના વિવિધ સાહિત્યની દૃષ્ટાંતબાજી એમની બહુશ્રુતતા પણ પ્રતીત કરાવી આપે છે. જોકે કેટલેક સ્થળે પ્રગટ-અપ્રગટપણે અમુકતમુક વ્યક્તિ કે વાદ વિષેનો એમનો રોષ ઊકળ્યા વગર રહ્યો નથી. ત્યારે સગ્રહના પ્રથમ જ લેખના પ્રથમ પાને 'સ્વસ્થ, ગંભીર પર્યેષણા'ની જે વાત એમણે કરી તેમાંની અહીં ગંભીરતા ખરી પણ સ્વસ્થતાનું શું એ પ્રશ્ન મૂંઝાવ્યા વગર રહેશે નહિ.

સમગ્ર લખાણોમાંથી એમનું સ્પષ્ટવક્તાપણું એમના વિવેચક વ્યક્તિત્વને ઊપસાવી આપે છે. કાવ્ય અને વિવેચનાની ચર્ચા કરતા લેખોમાં એઓ સુપેરે વ્યક્ત થયા છે. એમ તો બીજા ખણ્ડના 'અધ્યાપનની દરિદ્રતા' જેવા લેખમાં સાંપ્રત અધ્યાપકનાં ગજા-નિષ્ઠા વિષેની એમની જે નિરાશા સરોષ વ્યક્ત થઈ છે તે ય સમુચિત લાગ્યા વગર રહેતી નથી. જુદાજુદા સમયે અપાએલાં આ વ્યાખ્યાનો અને લખાએલા લેખો સમસામયિક સાહિત્યિક પ્રશ્નોની ચર્ચા કરે છે; એટલે પોતે જે એક જોખમી પ્રવૃત્તિ ખેડી છે એમાં પણ એમણે સાચો વિવેચકધર્મ બજાવ્યો છે. વળી, આ જુદાજુદા સમયે અપાએલાં વ્યાખ્યાનો હોવાથી, લેખકે પ્રાક્કથનમાં જણાવ્યું છે તેમ, 'કેટલીક પુનરુક્તિઓ અનિવાર્યતયા આવી' ગઈ છે તેથી તે 'ક્ષમ્ય ગણવી' જ રહી.

સન્નિષ્ઠાપ્રેરિત લેખોનો આ સંગ્રહ સાહિત્યના પ્રશ્નોમાં રસ ધરાવનાર સહુને ઉપયોગી અને મનનીય મંતવ્યો પૂરાં પાડી, એ દિશામાં વધુ જાગતિકતાથી વિચારતા કરશે તો આ શ્રમ વિફલ ગયો નહિ ગણાય અને 'શણ્વન્તુ' કહ્યા પછી કાનથી આગળની વ્યંજના એળે નહિ જાય. (પ્રકા. બુટાલા ઍન્ડ કં., વડોદરા; કાચું પૂઠું; પૃ. ૩૦૪; રૂા. ૧૦.) —ધીરુ પરીખ

નવાં પ્રકાશનો

ગાંધીજીનો અક્ષરદેહ–૨૩: પ્રસ્તુત પુસ્તકમાં મહાત્મા ગાંધીજીએ ઈ. ૧૯૨૨ના માર્ચની ચોથીથી મે ૧૯૨૪ સુધીના ગાળાનાં બે વર્ષો યરવડા જેલમાં ગાળ્યાં તેનો ચિતાર આપતાં ગાંધીજીનાં લખાણોનો સર્વસંગ્રહ છે. એ દરમિયાન એમણે કરેલુ ચિંતન-મનન, 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ' પુસ્તકનું લેખન, એમના પર થએલો ઍપેન્ડિસાઇટિસનો હુમલો વગેરે આમાં જોઈ શકાય છે, જે પરથી તે સમયની ગાંધીજીની મનસ્થિતિનો હૂબહૂ ચિતાર આવે છે અને તે વાચકને એ સમયના વાતાવરણમાં લઈ જઈ એક ઐતિહાસિક સંદર્ભ રચી આપે છે. (પ્ર. નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ- ૧૪; પાકું પૂઠું; પૃ. ૫૪૬, રૂ. ૧૬–૫૦).

કામવિજય: હમણાં હમણાંથી પ્રજાનું ધ્યાન ભોગવિલાસ તરફ વધુ જતું જે જણાય છે તે સામે આ પુસ્તક મહત્ત્વનો ઉપચાર બની રહે તેમ છે. માનવજીવનમાં કામનું સ્થાન કેટલું, બ્રહ્મચર્યનું કેટલું વગેરે બાબતોનો અમેરિકાના વિદ્વાન લેખક સી. જે. વાનબિટે પોતાના પુસ્તક 'કૉંકવેસ્ટ ઑવ ધ સર્પન્ટ'માં જે ઝીણવટપૂર્વક વિચાર કર્યો છે, એ અતિ ઉપયોગી પુસ્તકનો સર્વશ્રી રઘુનાથજી હ. નાયક ને અશ્વિનભાઈ દુ. પટેલે આ સરળ ગુજરાતી અનુવાદ કર્યો છે. આજની યુવાન ને ઊછરતી પેઢીને આ પુસ્તક જીવનઘડતરમાં મહત્ત્વનું બની રહે તેવું હોઈ અવશ્ય વાંચી જવા જેવું છે. કામના નકારની નહિ, પણ કામ પર વિજયની વાત કરતા આ પુસ્તકને પૂર્વગ્રહથી મુક્ત રહીને જોવા જેવું છે. (પ્ર. ઉપર મુજબ કાચું પૂઠું; પૃ. ૧૭૧; રૂ. ૩–૫૦)

કવિશ્રી બોટાદકર શતાબ્દી અધ્યયન ગ્રંથ: કવિશ્રી દામોદર ખુ. બોટાદકરની જન્મશતાબ્દી ઊજવાઇ તે નિમિત્તેનું આ એક સન્નિષ્ઠ તર્પણકાર્ય છે. ગ્રંથ નાનામોટા સાત

ઊર્મિની ઓળખ

નામી-અનામી ગુજરાતી ગઝલકારોનાં જીવન-કવનનો પરિચય

[૩૯]

કરાવનાર · જલન માતરી



નાઝિર દેખૈયા

મજનૂને કોઈએ કહ્યું: 'તારી લયલા હમણાંજ જંગલ તરફ ગઈ'. સાંભળીને બહાવરો શો મજનૂ દોડયો જંગલ તરફ; એવો મગ્ન થઇને કે આજુબાજુનું પણ એને ભાન ન હતું; પરિણામે ત્યાં નમાઝ પઢી રહેલા મૌલવી સાહેબના મુસલ્લા ઉપરથી તે પસાર થઈ ગયો. ઈસ્લામી માન્યતા મુજબ નમાઝ પઢનારની આગળથી પસાર ન થવાય, કારણ નમાજ તૂટી જાય. મૌલવી સાહેબની નમાઝ તૂટી એટલે ગુસ્સાથી રાતાપીળા થઈ મજનૂની રાહ જોતા બેઠા. મજનૂની તો કરનારે માત્ર મજાક કરી હતી. એટલે તે હતાશ થઈને પાછો ફર્યો. જેવો એ આવ્યો કે તરત જ મૌલવી સાહેબ એનો હાથ પકડી લઈ ગુસ્સામાં કહેવા લાગ્યા: 'નાપાક! મારી નમાઝમાં વિઘ્ન નાખીને મારા મુસલ્લા ઉપરથી પસાર થતાં તને શરમ ન આવી?' મજનૂએ આશ્ચર્યચકિત થઈને સવાલ કર્યો: 'આપ અલ્લાહની ખરેખર ઈબાદત કરતા હતા?' મૌલવીસાહેબે હા કહી. મજનૂએ ફરી કહ્યું: 'એક સ્ત્રી પાછળ પાગલ બનીને મેં આપને જોયા નહિ, અને અલ્લાહની ઈબાદત કરતાં કરતાં આપે મને જોઈ લીધો?' મતલબ સ્પષ્ટ છે: પારંગત થવું હોય તો મીન થઈને ડૂબો.

વાત કરવી છે ભાવનગરના ખ્યાતનામ શાયર શ્રી નાઝિર દેખૈયાની, અને વાત કરી બેઠો મજનૂની. એટલા માટે કે ભાઈ નાઝિરની ગઝલ પાછળની દીવાનગી પણ એવી જ છે.

કાઠિયાવાડની ધરતી ઉપર વસતા ગઝલરસિકોનાં હૈયાં ઉપર નાઝિરનું નામ કંડારાઈ ગયું છે અને નાઝિરબાપા તરીકે આદર પામ્યું છે. એમની ગઝલોથી આકર્ષાએલા એ બાજુના મસ્ત ગાયક મનુભાઈ પટેલના સૂરીલા કંઠે તે ગવાતાં એ પ્રદેશમાં ઘેરઘેર એ નામ જાણીતું થયું છે.

ભાવનગરમાં જિલ્લા લોકલબોર્ડમાં સેવા આપી રહેલા ભાઈ નાઝિર દેખૈયાનું મૂળ નામ નૂરમહંમદ. જન્મ તા. ૧૩-૨-૧૯૨૧. નાનપણથી જ માતાપિતાની છત્રછાયા ગુમાવી બેઠા છે. ભાઈ નાઝિરને ઈશ્વરે મીઠો સ્વર બક્ષ્યો છે. સુંદર ગઝલો લખનારા આ શાયર બૅન્ડમાં વાગતા ક્લેરીઓનેટ નામક વાદ્યના પણ કસબી છે.

રત્નોને શોધવા રસ્તા બનાવવા જળમાં લીટા કરી રહેલા આ શાયરના શે'રો માણીએ:

જમાનાનાં બધાં પુણ્યો જમાનાને મુબારક હો;
હું પરખું પાપને મારાં, મને એવાં નયન દેજે.
હું મુક્તિ કેરો ચાહક છું, મને બંધન નથી ગમતાં;
કમળ બીડાય તે પે'લાં ભ્રમરને ઉડ્ડયન દેજે.

એ અધવચથી જ મારાં દ્વારપર પાછા ફરી આવે;
જો એવું માર્ગમાં કંઈ અપશુકન થઈ જાય તો સારું.

જિગરને જાગવું છે, આંખને મીંચાઈ જાવું છે;
ભ્રમરને ખેલવું છે પુષ્પને બીડાઈ જાવું છે.
ભલા શું હાથતાળીમાં જ આ પૂરું થશે જીવન?
અમારે શોધવાં છે, આપને સંતાઈ જાવું છે.

સુણે ના સાદ મારો તો મને શું કામ ઈશ્વરથી?
છિપાવે ના તૃષા તો આશ શી રાખું સમંદરથી?
લખ્યા છે લેખ, એની આબરૂનો ખ્યાલ રોકે છે;
નહીંતર ફેંસલો હમણાં કરી નાખું મુકદ્દરથી.

કોઈ સમજાવો દીપકને કે એની જાતને પરખે,
ઊછીનું તેજ લેનારા શું લડવાના પ્રભાકરથી?

ના હોત તુજ કદર કૈં, ના હોત એ કદી જો;
હે પૂર્ણિમા! છે તારું સાચું અમાસ જીવન.

નકામા ના કદી અજ્ઞાનીને સમજો અરે જ્ઞાની!
કીમત કંચન તણી પથ્થર થકી અંકાઈ જાયે છે.

પથિક! તું ચેતજે પથના સહારા પણ દગો દેશે.
ધરીને રૂપ મંઝિલનું ઉતારા પણ દગો દેશે.
હું મારે હાથથી નૌકા ડુબાડી દેત મઝધારે;
ખબર જો હોત મુજને કે કિનારા પણ દગો દેશે.

દુઃખીને તો દિલાસો કો' દુઃખી જ દઈ શકે;
આધાર આપનાર નિરાધાર હોય છે;
એ રીતે હું રહું છું, સદા એના સંગમાં,
રસ્તો રહે છે જેમ જનારાની સાથમાં.

ના હું અમસ્તો જળમાં લીટા કરી રહ્યો છું;
રત્નોને શોધવાના રસ્તા કરી રહ્યો છું;
વર્ણન નથી હું કરતો આદમના અવગુણોનું,
મારી જ જીભે મારી નિંદા કરી રહ્યો છું.

નાઝિર! એ પારકાની પરખ શું કરે ભલા?
પોતાની પીઠ જેઓ કદી જોઈ ના શકે.

ખૂબ કીધી'તી તમે એના જીવનની છેડછાડ;
લાશને ઢાંકો, હવે છોડો કફનની છેડછાડ.
છે નજીવું કિન્તુ આકાંક્ષા તો 'નાઝિર' જોઈ લે;
આજ રજકણ જાય છે કરવા ગગનની છેડછાડ!

હું હાથને મારા ફેલાવું તો તારી ખુદાઈ દૂર નથી;
હું માગું ને તું આપી દે એ વાત મને મંજૂર નથી.

ગગનવાસી! ધરા પર બે ઘડી શ્વાસોભરી તો જો;
જીવનદાતા! જીવન કેરો અનુભવ તું કરી તો જો;
સદાયે શેષશય્યા પર શયન કરનાર ઓ ભગવન!
ફક્ત એક વાર કાંટાની પથારી પાથરી તો જો.
જીવન જેવું જીવન તુજ હાથમાં સુપરત કરી દેશું;
અમારી જેમ અમને એક પળ તું કરગરી તો જો!

કશું કહેવાને આવ્યો છું, હું કરગરવા નથી આવ્યો,
બીજાની જેમ આજીવન અનુસરવા નથી આવ્યો.
દયાસાગર! હવે મુજને તું તારામાં સમાવી લે,
હું આવ્યો છું અહીંયા ડૂબવા, તરવા નથી આવ્યો.

જિંદગીની એક પળ વીતી ગઈ તો શું થયું;
જિંદગાની જો હશે તો પળ હજારો આવશે.
તું બની જા સંત 'નાઝિર' કે રહે સંસારમાં;
જેવી તુજ દૃષ્ટિ હશે એવા વિચારો આવશે.

વરસાવી દો નયનનું બધું ઝેર મુજ પરે,
થોડું રહી જશે તો પચાવી નહીં શકો.
'નાઝિર', અમારી પ્રીતના નિંદકને જઈ કહો,
પાણીમાં કો'દી આગ લગાવી નહીં શકો.

રટના એ ઝુલ્મી કેરી હરદમ મને ગમે છે;
જીવલેણ છે છતાં યે એ યમ મને ગમે છે.
છેડું છું વાત એથી તુજ પાસ મુજ મરણની;
તારી જ આંખે મારું માતમ મને ગમે છે.
રાવણ બનીને 'નાઝિર' લડવું છે રામ સાથે,
કારણ એ જિંદગીનું જોખમ મને ગમે છે.

ખંડમાં વહેંચાએલો છે. પ્રથમ ખંડમાં કવિના જીવનના ચિતાર આપતા ૧૨ લેખો છે, બીજામાં કવિના કાવ્યસંગ્રહોનાં નિવેદન-પ્રવેશકો છે જે એ પાંચે ય સંગ્રહને માણવા-નાણવાની અહીં એકસાથે ભૂમિકા રચી આપે છે, ત્રીજા ખંડમાં બોટાદકરના કાવ્યગ્રંથોની સમીક્ષા કરતા ચાર લેખો છે અને ચોથા ખંડમાં કવિના સંગ્રહ 'રાસતરંગિણી' પર વિવિધ વિવેચકો-અભ્યાસીઓના ૮ લેખો મૂકયા છે, તો પાંચમા ખંડમાં એમની કવિતા પરના ૨૪ લેખો છે. આ ખંડો કવિની કાવ્યપ્રતિભાને જુદી જુદી રીતે મૂલવી એમનું સુયોગ્ય મૂલ્યાંકન કરી બતાવે છે. કાવ્યરસિકો અને અભ્યાસીઓને ત્રણેય ખંડના ૩૬ લેખોમાં જરૂર વધુ રસ પડશે. છઠ્ઠા ખંડમાં કવિની કેટલીક કૃતિઓનો આસ્વાદ કરાવતા ૯ લેખો છે તે પણ સરસ છે. સાતમા પૂર્તિવિભાગમાં કવિનું વંશવૃક્ષ અને એમના કાવ્યગ્રંથોનો પ્રકાશન-સમય આપી ઐતિહાસિક સામગ્રી

પૂરી પાડવામાં આવી છે. કવિની જન્મશતાબ્દી નિમિત્તે તૈયાર થએલો આ ગ્રન્થ કવિના સમગ્ર અભ્યાસની સમ્યક્ તક પૂરી પાડે છે. (પ્રકા૦ બોટાદકર શતાબ્દી મહોત્સવ સમિતિ. મુખ્ય વિક્રેતા : એન. એમ. ત્રિપાઠી પ્રા. લિ., ૧૬૪, શામળદાસ ગાંધી માર્ગ, મુંબઈ-૨; પાકું પૂઠું; પૃ. ૪૫૨; રૂ. ૧૨.)

મોહન ગાંધી (મહાકાવ્ય) મહાત્માજીના જીવનને કેન્દ્રમાં રાખી ડાહ્યાભાઈ પટેલે જે મહાકાવ્યનું સર્જન કરવા ધાર્યું છે તેના આ પ્રથમ ભાગમાં ૪ સર્ગ આપવામાં આવ્યા છે, જેમાં ગાંધીજીના જન્મથી લગ્ન સુધીની કથા પદ્યમાં વર્ણી છે. કાવ્યમાં ભજન, ગીતના લયોની સાથે સાથે અક્ષરમેળ છંદોનો પણ સફળતાથી ઉપયોગ કર્યો છે. શૈલીમાં સચ્ચાઈ છે અને ગતકાલીન અનુસરણ છે. આમાં ભલે કાવ્યતત્ત્વ ઊંચું ન હોય છતાં ય આવી લાંબી કૃતિને અસ્ખલિત રીતે પદ્યમાં વર્ણવવા જેટલું પદ્ય-પ્રભુત્વ તો કર્તામાં અવશ્ય છે જ. જો કે કવિએ આ કૃતિને આપણા મહાકાવ્યના ઢાંચામાં ઢાળવાનો કરેલો પ્રયાસ માત્ર એ બીજા અર્થમાં 'મહા'—મોટું—કાવ્ય બની રહેવામાં પરિણમ્યો છે. આમ છતાં કેટલેક સ્થળે સુંદર કલ્પનાઓ અને અલંકારોથી પ્રસંગોને ભાવપ્લાવિત કરવામાં કવિ સફળ થયા છે. દૂર આફ્રિકામાં રહ્યે રહ્યે પણ ફલવતી થએલી આ સર્જનની લગન આનંદ આપે તેવી છે. (પ્રકા. સવિતા : યોગેશ પ્રિન્ટરી, એવરગ્રીન ઈન્ડસ્ટ્રીઅલ એસ્ટેટ, મહાલક્ષ્મી, મુંબઈ-૧૧; પાકું પૂઠું, પૃ. ૪૩૮; રૂ. ૧૨ દેશમાં; શિ. ૨૫ પરદેશમાં.)

નૃત્યક્ષેત્રે ભારતીય નારી-૧ : શ્રી મૂળજીભાઈ પી. શાહે આ ગ્રંથમાં નૃત્યક્ષેત્રે યશસ્વી કારકિર્દી પ્રાપ્ત કરનાર વધુ જાણીતી અને ઓછી જાણીતી, વિવિધ ક્ષેત્રની ૪૦ નૃત્યાંગનાઓની સંક્ષિપ્ત ચરિત્રરેખા અને એ પ્રત્યેકની નૃત્યસાધનાનો ખયાલ આપ્યો છે. આ ઉપરાંત નૃત્યને લગતા સર્વશ્રી સુનીલ કોઠારી, મૃણાલિની સારાભાઈ તથા સવિતાબહેન મહેતાના લેખોનો પણ સમાવેશ કર્યો છે તે ગ્રંથની ઉપયોગિતામાં ઉમેરો કરે છે. નૃત્યરસિયાઓને આ ગ્રન્થ સારી માહિતી પૂરી પાડશે. વળી, પ્રત્યેક નૃત્યાંગનાની છબી એના ચરિત્ર સાથે મૂકવામાં આવી છે તે પણ ગ્રંથનું મૂલ્ય વધારે છે. (પ્રકા. રાજેન્દ્ર એમ. શાહ, ઉષા એમ. શાહ; ૧, વિશ્રામપાર્ક સોસાએટી, વાસણા, અમદાવાદ ૭; પાકું પૂઠું, પૃ. ૨૭૨; રૂ. ૧૬.)

અધિકાર અને રાજ્યાધિકાર : અધિકાર શબ્દનો સાચો અર્થ શો થઈ શકે તે વિગતથી ચર્ચવાના આ પ્રયાસમાં ખાસ કરીને વ્યક્તિની યોગ્યતા કેળવવા તરફ લેખકનું વલણ સ્પષ્ટ જણાઈ આવે છે. કોઈ પણ વ્યક્તિ 'અધિકારી' બને તો કુટુંબ, સમાજ, રાષ્ટ્ર વગેરેના પ્રશ્નો સરળતાથી હલ થઈ શકે છે એની આમાં ભારપૂર્વક સમજણ આપી છે. પંડિત યુગમાં જીવેલા આના લેખક સ્વ. વિજયશંકર પારાશર્યની કલમમાં એ યુગની શૈલીની અસર વર્તાયા વગર રહેતી નથી; તેથી ક્યાંક દુર્બોધતા આવી ગઈ છે છતાં યે વિષયની એમણે જે અનેક રીતે છણાવટ કરી છે તે તો અત્યારે તેમજ ગમે ત્યારે પણ વાચકને 'અધિકારી' બનવામાં અવશ્ય સહાયભૂત થાય તેમ છે. સંપાદક તથા પ્રકાશક મુકુન્દરાય વિ. પારાશર્ય; ૧૧૬૪, ભરતકુંજ, કૃષ્ણનગર, ભાવનગર; કાચું પૂઠું; પૃ. ૧૭૭; કિંમત જણાવી નથી.)



'વાસવદત્તા' અને 'સુદામા' : પ્રાચીન ભારતીય સાહિત્યમાં પથરાએલી નાનાવિધ બાલભોગ્ય કથાઓની રંગીન ચિત્રકથામાળામાંની આ ૩૦ ને ૩૧મી પુસ્તિકાઓ પણ, એમાંનાં કલ્પનોત્તેજક ચિત્રો તથા સરળ ભાષાના કારણે બાળકોમાં આવકાર્ય બની રહે તેવી છે.

રાજા ઉદયન અને રાજકુમારી વાસવદત્તાની કથા પ્રાચીન ભારતમાં ખૂબ જાણીતી હતી. સદીઓ પહેલાંના સર્જકોએ એને કાવ્ય અને નાટકોમાં ઉતારી છે, જેમાં ભાસ રચિત સંસ્કૃત નાટક 'સ્વપ્ન વાસવદત્તા' તથા સુબંધુની 'વાસવદત્તા'નું સાહિત્યિક મૂલ્ય ઊંચું છે. પાલી અને પ્રાકૃત સાહિત્યમાં પણ આ લોકપ્રિય કહાણી લખાઇ છે. એમાંની એક મૂળ કથાને ચિત્રિત કરતું આ પ્રકાશન પણ સુંદર રજૂઆત પામ્યું છે. એમાંનું એક ચિત્ર ઉપર આપ્યું છે. (જેમાંનો પ્રસંગ [illegible]પના ઘોડાવાળી યુક્તિ સાથે સરખાવવો રસપ્રદ બનશે) એ જ રીતે 'સુદામા'ની ચિત્રકથામાં કૃષ્ણે સુદામાનું દારિદ્ર્ય ફેડયાની જાણીતી કથા આલેખાઇ છે (ઇંડિયા બુક હાઉસ, એડ્યુકેશન ટ્રસ્ટ ૧૩, હાસ્સા મહાલ, દાલમલ પાર્ક, ૨૨૩ કફ પરેડ, મુંબાઈ-૫ · દરેકની કિ. રૂ. ૧-૫૦)

અભિષેક : શ્રી મધુસૂદન પાઠકનો આ પ્રથમ વાર્તાસંગ્રહ જીવનની ઉચ્ચભાવનાઓને પોષક છે એમ સ્વીકારવા સાથે, કલાભાવનાને પૂરતો પોષક નથી એ પણ સ્વીકારવું જોઈએ. જો કે લેખકે પણ વિનમ્રપણે એ બાબતોનો પ્રસ્તાવનામાં ઉલ્લેખ કર્યો જ છે. એમની કથનાત્મક શૈલીએ નિરૂપાએલી આ સંગ્રહની ૧૭ વાર્તાઓ સુવાચ્ય ને રસપ્રદ તો છે જ. કોઇ કોઈ વાર્તા એવી અપેક્ષા પણ જગાવી જાય છે કે લેખક બીજી કલાપૂર્ણ વાર્તાઓ આપી શકશે. (પ્રકા. શાંતિલાલ બી. શાહ, ૧/૩૮૮૭, મોટી દેસાઈ પોળ, સૂરત-૧; પાકું પૂઠું, પૃ. ૧૦૯; રૂ. ૩-૫૦.)

સોનાર બાંગ્લા : બાંગ્લા દેશના મુક્તિસંગ્રામે અનેક પ્રજાનું ધ્યાન ખેંચેલું. એ પ્રશ્ન જગતમાં ખૂબ ચર્ચાયો. એ મુક્તિ-આંદોલનની પૂર્વભૂમિકાથી માંડીને તે એ જંગની જાતદેખી માહિતી આપવાનો આ પુસ્તકનાં ૧૮ પ્રકરણોમાં પ્રયાસ થયો છે. (લે. નારાયણ દેસાઈ; બાલગોવિંદ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ-૧, પાકું પૂઠું, પૃ. ૨૫૬; રૂ. ૬-૫૦.)

વારસાવિજ્ઞાન : સામાન્ય મનુષ્યને પણ વૈજ્ઞાનિક વિષયોની સમજ મળી રહે એવા આશયથી ચાલતી ગુજરાત યુનિવર્સિટીની 'લોકભોગ્ય પ્રકાશન શ્રેણી'માં ડૉ. કાંતિલાલ શાહે તૈયાર કરેલી પરિચયાત્મક પુસ્તિકા (પ્રકા. ઉપર મુજબ; કાચું પૂઠું, પૃ. ૪૪; રૂ. ૧-૪૦.)



દેખાવે કડવા લીમડા જેવું જ પણ કદમાં મોટું બકાન લીમડાનું વૃક્ષ એની પહોળી ફેલાતી સદાપર્ણી શાખાઓને કારણે, હિમાલયના નીચલા વિસ્તારોથી માંડી દેશભરમાં છાયાવૃક્ષ તરીકે જાણીતું છે. ઠંડી આબોહવા એને વધુ માફક આવે છે, પણ આરંભમાં કાળજી રખાય તો એ ગમે તેવી જમીન અને આબોહવામાં ઊછરે છે. કડવા લીમડાથી આ ભિન્ન વૃક્ષ છે. હિંદીમાં પેલું 'નીમ' કહેવાય છે, આ 'બકાન' (યા બકામ). પેલું અંગ્રેજીમાં 'મારગોસા' અને આ 'પર્શ્યન લિલૅક' યા 'બીડ ટ્રી'.

બકાનનાં પાન લીમડાનાં જેવાં કરકરિયાળાં, બકાનનાં ફૂલ એપ્રિલથી એક બે માસ દરમિયાન ખીલે છે ત્યારે રંગે આછાં જાંબલી અને એકાદ ઇંચ ફેલાવાવાળાં હોય છે. એની પાંખડીઓ લાંબી ગોળ અને અગ્રભાગે વધુ ઘેરા રંગની. એની વાસ પ્રથમ મધુરી પણ પછી કડવી. ગુચ્છામાં ઊગે, પણ બહુ ધ્યાન ખેંચે એટલી બધી શોભા નહિ. બકાનનાં ફળ લગભગ ગોળ, ગરદાર અને એ ગરમાં ચોંટેલાં ચારેક બીજવાળાં. ખાવામાં એ ઝેરી હોવાનું મનાય છે, પણ ઘેટાંબકરાંને બહુ ભાવે છે. બકાનનાં બીની માળા બને છે. નામસ્મરણમાં વપરાવા ઉપરાંત, ગળામાં પહેરવાથી કેટલાક રોગો સામે એ માળા રક્ષણ આપે છે એવી માન્યતા છે.

બકાનનું લાકડું હલકું અને સફેદ હોઈ એના પર વૉર્નિશ શોભી ઊઠે છે, એટલે રાચરચીલું બનાવવામાં વપરાય છે. કડવું હોઈ એને ઊધઈ પણ લાગતી નથી.

બકાન સારક, કૃમિઘ્ન, કફ તથા પિત્ત મટાડનાર, માદક અને મૂત્રલ ગણાય છે. એનાં બીનું તેલ મલમ બનાવવામાં કામ લાગે છે. અનેક ઔષધોમાં એનાં છાલ, પાન, મૂળ વપરાય છે. પણ મુખ્યત્વે તો છાયાવૃક્ષ તરીકે તે ઉછેરાતું જોવા મળે છે.




અમારા સંઘની ઊડે પતાકા વ્યોમવ્યોમમાં,
લીલો છે વસુધા કેરાં પ્રેમનો રંગ જે મહીં,
સર્વની શાન્તિનો શ્વેત, કેસરી ત્યાગનો, અને
મધ્યમાં સોહતું પેલું ચક્ર છે ચક્રવર્તીનું.
અમારી ભાવનાઓને નિગૂઢી શક્તિઓ તણું
યાત્રાને પગલે પગલે, મળી રે'જો મહાબલ. —રાજેન્દ્ર શાહ

બંગાળી સાહિત્યના મહારથી દિનેશચન્દ્ર સેન

આ અંકમાં આપેલા સ્વ. ઝવેરચંદ મેઘાણીના જીવનચિત્ર 'કસુંબલ રંગ'માં એમને એમના કલકત્તાવાસ દરમિયાન બંગાળી સાહિત્ય સંસ્કાર-સ્પર્શ પામતાં પામતાં બંગાળના લોકસાહિત્યના આરંભના અભ્યાસી જે શ્રી દિનેશચન્દ્ર સેનનાં પુસ્તકોમાંથી પ્રેરણા મળ્યાનો ઉલ્લેખ છે તે, બંગાળના એક મહારથી સાહિત્યકાર અને ઇતિહાસકારનું જીવન એટલે એક પ્રચંડ, અવિરત, વિદ્યાકીય પુરુષાર્થનું અવિસ્મરણીય પ્રકરણ.

'કાં તો બંગાળનો ઉત્તમ કવિ થાઉં કે થાઉં ઇતિહાસકાર' એ ધ્યેયને નાનપણથી નજર સમક્ષ રાખી, તેરની વયે કાવ્યોથી જાણીતા થવા માંડી, અઢારની વયે તો પ્રથમ કાવ્યસંગ્રહથી ધ્યાન ખેંચનાર દિનેશચંદ્રે, રવીન્દ્રનાથના ઉદયને પારખીને ઇતિહાસકાર થવાનો વિકલ્પ સ્વીકાર્યા પછી જે અનેક મુશ્કેલીઓ વેઠીને એ ધ્યેય પાર પાડ્યું–એટલું જ નહિ, સાઠ જેટલા અભ્યાસગ્રન્થો ને સેંકડો સંશોધનલેખોથી સર આશુતોષ મુકરજી જેવાને મુખે 'આ કલકત્તા યુનિવર્સિટી પ્રેસને આણે થકવ્યું' એવો ઉદ્ગાર કઢાવ્યો એટલું ને એવું લખ્યું, તો બીજી બાજુ ગ્રીઅર્સન, ઍન્ડર્સન, સિલ્વૅં લેવી, મૉરિસ મૅટરલિંક, રવીન્દ્રનાથ વગેરે અનેક દેશી-પરદેશી પ્રતિભાઓનો સ્નેહાદર મેળવ્યો, એમાં જે પુરુષાર્થ કર્યો, તે સ્મરણીય છે. બંગાળનું પ્રથમ વિદ્યાક્ષમ ગદ્ય – ઍકૅડેમિક પ્રોઝ એમનાથી પ્રગટ્યું. બંગાળી હસ્તપ્રતોનો ઉદ્ધાર એમને કારણે થયો. બંગાળી લોકજીવન ને લોકકલા માટે એમણે ઘણુંઘણું કર્યું. લોકસાહિત્યને ક્ષેત્રે માત્ર ગીતો-વાર્તા એકઠાં કરીને જ ન રહ્યા, એમાંનો ઇતિહાસ ઉખેળ્યો, બંગાળી ને ભારતીય લોકસાહિત્ય પ્રત્યે જગતનું ધ્યાન દોર્યું. જગતની લોકવાર્તાના તુલનાત્મક અભ્યાસમાં પોતાનું પ્રદાન કર્યું.

બંગાળી, ફારસી ને અંગ્રેજીના સારા જ્ઞાતા ને સુધારક-લેખક બ્રાહ્મો સમાજી પિતા ઈશ્વરસાગર અને ચુસ્ત હિન્દુમાતા રૂપલતાદેવીનાં ચૌદ સંતાનોમાંનો એકમાત્ર પુત્ર તે દિનેશ. એ કારણે તે લાડકોડ પામ્યો. માતામહ વાર્તા કહેનાર તરીકે બડા પંકાય: એવા કે લોકોમાં જોડકણું ચાલેલું—



ગનિમિયાં-ર ઘડિ; નીલામ્બરે-ર બડિ,
ગોકુલ મુનશી-ર ગોંફે તા,
ગલ્પ શુનબી તો મૃત્યુંજય મુનશી-ર કાછે જા.

(ગનિમિયાંની ઘડિયાળ, નીલામ્બર (વૈદ્ય)ની ગોળી, ગોકુળ મુનશીની મૂછ [illegible]ત્ર, ને વાત સાંભળવી હોય તો મૃત્યુંજય મુનશી પાસે જાવ.) એ મૃત્યુંજય મુનશીને ખોળે બેસીને એણે લોકકથાઓ સાંભળી; એક શિક્ષક પૂર્ણચંદ્ર સેને વૈષ્ણવ પદાવલિનો નાદ લગાડ્યો; માતાના ચુસ્ત હિન્દુ સંસ્કારો છતાં પ્રથમ રસ જાગ્યો બાઈબલમાં ને પછી ઇસ્લામમાં;—એ કારણે સમન્વયની દૃષ્ટિ ખીલી, જેને લીધે આગળ જતાં બંગાળી લોકસાહિત્યમાં ને સાહિત્યમાં મુસ્લિમોના પ્રદાન વિષે મૌલિક સંશોધન કરી શક્યા; ભિન્નભિન્ન ધર્મોની મૂળભૂત એકતાની પ્રતીતિ થઈ.

બી. એ.ના કટોકટીના વર્ષમાં જ જીવનની તાવણી કરતા પ્રસંગો એક પછી એક બન્યા. ભર્યાભર્યા ઘરના એકમાત્ર પુત્ર તરીકે લાડકોડમાં ઊછરેલો દિનેશ કૉલેજમાં હતો; ૧૯ની ઉમર;

ને પિતા એકાએક ચાલ્યા ગયા! એમની પાછળ છ જ મહિને માતા પણ ગયાં! એટલું ઓછું હોય તેમ એક પછી એક પાંચ બહેનો ને એક બનેવી ગયાં. મૃત્યુનું દાતરડું એવી ઝડપે ચાલ્યું કે લહેરાતા ખેતર જેવું ઘર ઉજ્જડ વગડા જેવું થઇ રહ્યું. બાકીની બહેનો સાસરે હતી; એટલે રહ્યાં માત્ર ત્રણ જણાં: પત્ની વિનોદિનીદેવી, એક નવજાત શિશુ અને પોતે. પરીક્ષા પરીક્ષાને ઠેકાણે રહી. ઉપરાઉપરી સતત આવેલા આઘાતોથી સ્વાસ્થ્ય કથળ્યું, બાકી હતું તે ર્હુમૅટિઝમનો હુમલો થયો. પથારીવશ થયા ને તે ય જ્યારે આર્થિક સ્થિતિ મોં ફાડીને ઊભી હતી ત્યારે! મૂંઝવણ વધી સિલ્હટ જિલ્લાની એક નાની શાળામાં નોકરી સ્વીકારી. પણ નસીબની સામે લાચારી ન સ્વીકારી. અભ્યાસ ન છોડયો. ૧૮૮૯માં અંગ્રેજી વિષય લઈને ઑનર્સ સાથે બીજા વર્ગમાં બી. એ. થયા.

જુદી જુદી શાળાઓમાં આચાર્ય તરીકે કામ કરતા હતા તે દરમિયાન પણ અધ્યયન ચાલુ હતું. બંગાળી ભાષા ને સાહિત્ય વિષે લખવાનો વિચાર કર્યો. અધ્યયન વધાર્યું. એમાં શ્વશુરપક્ષ સાથે કાંઈ મનદુ:ખ થયું. એકલસુખી બની કામમાં ડૂબતા ગયા. બંગાળી સામયિકોમાં લખવા માંડયું ને જાણીતા થયા. 'બંગાળી ભાષા અને સાહિત્યઇતિહાસ' એ નિબંધે એમને વિદ્વાનોમાં પ્રતિષ્ઠા ને ચંદ્રક અપાવ્યાં. એ વખતે જ સૌએ એમની પાસેથી એ વિષયના અભ્યાસપૂર્ણ ગ્રન્થની અપેક્ષા જાહેર કરી, એથી પ્રેરાઈ એમણે એ દિશાનું કામ ઉપાડયું.

બંગાળનું પ્રાચીન-મધ્યકાલીન સાહિત્ય તો હસ્તલિખિત પોથીઓમા-બંગાળીમાં કરે છે તેમ પુંથીઓમાં—વેરવિખેર પડયું હતું. એ પુંથીઓ પણ મોટે ભાગે તાડપત્ર પર હતી. એ એકઠી કરવાનું એમણે એકલે હાથે ઉપાડયું. ગામડે ગામડે ભટકે. કોઈ કહે કે અમુક સ્થળે પુંથી છે કે શબ્દશ: દોટ મૂકે. કોઈ કહે, અમુક ઘરને આગ લાગી એમાં પુંથી છે કે અમુક ઝૂંપડું રેલમાં તણાય છે એમાં છે તો આગ-જળમાં ઝંપલાવે! કો'ક કહે અમુક વૈષ્ણવ સાધુઓ પાસે પદાવલિઓનો સારો જથ્થો છે, તો સાધુ બનીને એમની સાથે ફરીને પણ મેળવ્યે રહે!

ગ્રામજીવનની હર વાતમાં રસ. કહેવતો, વાણીના વિશિષ્ટ પ્રયોગો, રૂઢ પ્રયોગો વગેરે નોંધે. રીતરિવાજો, માન્યતાઓ, વિચારો ને વહેમો, તહેવારો ને વિધિઓ વગેરે ટપકાવી લે. એ વિષે લખે. ભટકવામાં ખાવાપીવાનું ય મળે ન મળે એ પ્રત્યે તદ્દન બેફિકર!

આ શ્રમનો બદલો વળી જાય એટલી ને એવી કૃતિઓ, પુંથીઓ દ્વારા ને લોકો દ્વારા મળવા માંડી. 'રેખા' નામે નિબંધસંગ્રહ પ્રસિદ્ધ થયો. શાળાના આચાર્ય તરીકેની વહીવટી જવાબદારી અને આ સંશોધનની લગની, એમ બેવડી કામગીરીમાં બ્રેઈન-ફૅગ (માનસિક તંગતા)નો રોગ લાગ્યો. દવા કરાવવા કલકત્તા ગયા. ત્યાં પ્લેગ ફાટી નીકળ્યો (૧૮૯૮માં) એટલે બનેવીને ત્યાં ફરીદપુર ગયા. એ જ વર્ષે 'બંગ ભાષાઓ સાહિત્ય'નો પ્રથમ ભાગ પ્રસિદ્ધ થયો. જગવિખ્યાત ભાષાશાસ્ત્રી ગ્રીઅર્સનનો પરિચય થયો, એમની સૂચનાથી સંશોધન માટે સરકારી સહાય મેળવી.

એમની વિદ્વત્તા ઉત્તરોત્તર સારી પેઠે પુરસ્કૃત થતી રહી. ઈ. ૧૯૦૨માં કલકત્તા યુનિવર્સિટીમાં બંગાળીના અધ્યાપક તરીકે દાખલ થઈ, રીડર, સૅનેટના ફેલો, રામરતન લાહિરી પ્રોફેસર બન્યા. બંગાળી ભાષા-સાહિત્યને એમ. એ. કક્ષાએ સ્વીકારાવવા એની ક્ષમતા નજરે ચડે એવા ગ્રંથો અંગ્રેજીમાં લખ્યા. ઈ. ૧૯૧૯માં વિષય તરીકે બંગાળી એમના પ્રયત્નથી એમ. એ.માં દાખલ થયું. મેઘાણીભાઈ કલકત્તામાં હતા ને ત્યાંથી વિલાયત ગયા એ સાલનો આ બનાવ. તે પહેલાં ઈ. ૧૯૧૪થી એમની વ્યાખ્યાનમાળા કલકત્તા યુનિવર્સિટીએ દર વર્ષે સતત છ વર્ષ સુધી યોજી હતી. એમાંનાં ૧૯૧૯નાં વ્યાખ્યાનો મેઘાણીભાઈએ સાંભળ્યાં ન હોય તો ય એ વિષે સાંભળ્યું તો હશે જ. ને નહિ તો ય, ઈ. ૧૯૨૦માં દિનેશચન્દ્રનું—એમણે ૧૯૧૭માં આપેલાં વ્યાખ્યાનોનું પુસ્તક 'ધ ફોક લિટરેચર ઑવ બૅંગાલ' બહાર પડયું તે તો એમણે સારી રીતે વાંચ્યું છે.

તે પછી 'મૈમનસિંહ ગીતિકા'ના ચાર ભાગ ને 'પૂર્વ બંગ ગીતિકા'ના ચાર, એ આઠ ગ્રન્થોથી જ નહિ, જીવનના અંત સુધીમાં (૧૯૩૯ સુધી) પ્રસિદ્ધ થએલાં સાડેક જેટલાં પુસ્તકો ને સેંકડો લેખોથી એ જાણીતા બન્યા હતા-આત્મકથાકાર, વાર્તાલેખક, લોકસાહિત્યના સંપાદક, કવિ, ઇતિહાસકાર, સમીક્ષક, નિબંધકાર, પ્રાચીન ને મધ્યકાલીન સાહિત્યના અભ્યાસી ને સંપાદક, હસ્તપ્રતોના જાણકાર ને સંપાદક-સંગ્રાહક, પ્રાધ્યાપક, વ્યાખ્યાતા, એમ અનેક પ્રકારે. પણ એની સાથે આપણે નિસ્બત નથી; એ હોય તો એટલી કે વ્યુત્પન્નમતિના બંગાળી લોકસાહિત્યના પુસ્તકે મેઘાણીભાઇના ઘડતરમાં નોંધપાત્ર ફાળો આપ્યો છે. –કનુભાઈ જાની

સ્વ. રાજાજી

સ્વરાજ્યના ગાંધીદોર્યા આંદોલનને દુનિયામાં માગ મુકાવે એવું જે નેતૃત્વ ભારતમાં પ્રગટાવ્યું તેમાં ગયા ડિસેમ્બરની ૨૫મી તારીખે જેમનું



સ્કેચ: રવિશંકર રાવળ

અવસાન થયું એ સ્વ. ચક્રવર્તિ રાજગોપાલાચારી, પોતાની અગાધ વિદ્વત્તા, ઉત્કૃષ્ટ સંસ્કારિતા, તીવ્ર દેશદાઝ, અનન્ય સ્વાર્પણબુદ્ધિ, સુતીક્ષ્ણ મેધા, દુરંદેશીભરી મુત્સદ્દીગીરી, અપાર સંગઠન શક્તિને મર્માળી અભિવ્યક્તિથી નોખા તરી આવતા હતા. રાજાજીએ આ બધા ગુણો યુવાવસ્થાથી દેશને ચરણે ધર્યા હતા અને આયુષ્યના ૯૪મે વર્ષે દેહ વિલય થયો ત્યાં સુધી 'સ્વરાજ્ય' પત્ર દ્વારા અને દેશના પ્રાણપ્રશ્નો વિષેનાં સુચિન્તિત નિવેદનો દ્વારા એ દેશની સેવા કરતા જ રહ્યા હતા. એટલે પ્રાન્તિક સ્વશાસનના કાળમાં જો તેમને મદ્રાસ ઈલાકાના મુખ્ય મંત્રીપદે આરૂઢ થવાનો અવસર આવેલો તો સ્વરાજ્યના પહેલા ગર્વનર-જનરલ તરીકે આ વડીલ નેતાની પસંદગી થઈ હતી.

તેમની રાષ્ટ્રનિષ્ઠા સંદેહથી પર હતી તો પણ ૧૯૪૨ પછી અનેકોના ગમાઅણગમાઓનો અને ગેરસમજોનો તેઓ ભોગ બન્યા હતા. પણ આત્મનિષ્ઠ હોવાથી એક બાજુએ ગાંધીજી એમને પોતાના અંત:કરણના રખેવાળનું બિરુદ આપી શક્યા તો બીજા અનેકોને એમનામાં સત્તાકાંક્ષી ધૂર્ત મુત્સદ્દીનું લક્ષણ પણ પરખાતું હતું.

જે કર્મજીવનને રાજાજી સ્વભાવથી અને સંયોગોથી વરેલા હતા તે ગવર્નર-જનરલ મટયા પછી એ ત્યાગી શકે એ અશક્ય હતું. એમણે પ્રવૃત્તિમાં નિવૃત્તિ શોધી. તેમ છતાં જે રાષ્ટ્રીય મહાસભાને વર્ષો સુધી એમણે સેવાઓ આપી, જેમાં એમણે અનેક હોદ્દાઓ ભોગવ્યા, જેના નેજા હેઠળ દેશ સ્વરાજ્યને કાંઠે નાંગર્યો અને જેમાં ચાલુ હોવાને કારણે જ દેશના વડીલ આગેવાન તરીકે એ ગવર્નર-જનરલપદે અભિષિક્ત થયા તેનાથી ફંટાઈને આયુષ્યના આઠ દાયકા વટાવી રહ્યા પછી સ્વ. રાજાજીએ દેશમાં 'સ્વતંત્ર પક્ષ'ની સ્થાપના કરી તે એક મોટી ઐતિહાસિક ઘટના છે. લોકશાહીમાં શ્રદ્ધા ધરાવનારો વિરોધ પક્ષ લોકશાસનની એક અનિવાર્ય જરૂરિયાત છે એટલું પ્રતિપાદન કરવા માટે એમણે વિરોધ પક્ષ સ્થાપ્યો કે સ્થાપિત હિતોને સંગઠિત કરીને દેશમાં ઊજળિયાતોનું રાજ અમર તપે એવું કરવાનો એમણે પ્રયાસ કર્યો તે ઊંડા પર્યાલોચના માગી લે એવી બાબત છે. પણ ગેરસમજ ભાળી એ ડર્યા નથી કે જૂના સંબંધોને વશેકવશે વળગી રહેવાની અસહાયતા એમણે દાખવી નથી. 'સ્વ-

રાજ્ય'ના મે ૧૯૭૧ના અંકમાં વડાં પ્રધાનની વિરુદ્ધ લશ્કર કેમ બંડ ઉઠાવતું નથી એવી પૃચ્છા કરનાર રાજાજી બાંગલાદેશની બાબતમાં ભારતે અપનાવેલી વિદેશનીતિને અને પાકિસ્તાન સાથેના સિમલા કરારને પુરસ્કાર કરે એમાંથી શુદ્ધ રાષ્ટ્રહિતભાવ નીતરે છે.

જીવનના છેલ્લા શ્વાસ સુધી કર્મરત રહેનાર આ પ્રાજ્ઞપુરુષે વાર્તાઓથી, નિબંધોથી, રામાયણ અને મહાભારત જેવા ગ્રંથોથી ઉત્તમ વાણી દ્વારા ઉત્તમ સંસ્કારોનું જનહૃદયમાં સિંચન કર્યું છે તો બસો કરતાં વધુ સહકારી મંડળીઓ સ્થાપીને, મદ્યનિષેધનો પ્રચાર કરીને, સ્વરાજ્ય પૂર્વે દક્ષિણ ભારતમાં હિંદીનો પ્રચાર કરીને તો સ્વરાજ્ય પછી હિંદી વિરુદ્ધ અંગ્રેજીનો મહિમા સ્થાપીને, જ્યાં ઊભા હોય ત્યાં અંગત લાભહાનિનો ખ્યાલ રાખ્યા વિના શુદ્ધ રાષ્ટ્રનિષ્ઠાથી મગની બે ફાડ જેવા અભિપ્રાયો વ્યક્ત કરીને અને જરૂર પડે તો વિરોધ અને વિવાદ જગવીને જેમણે જીવ્યું ધન્ય કર્યું છે, આવા વિરલ કર્મયોગીની ખોટ સદા સાલશે.

—'નિરીક્ષક'માં યશવંત શુક્લ

ગણિતગમ્મત

ક્રમિક સંખ્યાના સરવાળાથી બમણી સંખ્યા હોય એવી એક ચાર અંકી વિચિત્ર સંખ્યા ૨૭૫૬ છે. તેનો ડાબી તરફનો એક એક અંક ક્રમશઃ કાઢી નાખ્યા પછી પણ રહેતી બધી જ સંખ્યાઓ આ વિચિત્ર સંખ્યાના ગુણધર્મવાળી જ થાય છે:

૨૭૫૬ = ૨ (૧+૨+૩+.........+૫૨)

~~૨~~૭૫૬ = ૨ (૧+૨+૩+.........+૨૭)

~~૨૭~~૫૬ = ૨ (૧+૨+૩+૪+૫+૬+૭)

~~૨૭૫~~૬ = ૨ (૧+૨)

આવા પ્રકારની બીજી સંખ્યાઓ હોવાનો સંભવ છે. વાચકો વિચાર કરીને શોધવા પ્રયત્ન કરશે તો આનંદ આવશે. —મ. ના. ખત્રી

દીર્ઘાયુષી કેમ થવાય ?

દીર્ઘાયુષી થવા વિષે તો મોટા ગ્રંથ લખાય, પણ ટૂંકામાં કહીએ તો શરીરના કુદરતી આવેગોને રોકવા નહિ અને મનના આવેગોને વશ થવું નહિ. પોતાની પ્રકૃતિને અનુકૂળ એવું સૌમ્ય ને નિર્દોષ રસાયન નિયમિત લેતા રહેવું. ગળો, ગોખરુ ને આમળાંનું ચૂર્ણ (રસાયન-ચૂર્ણ) દરરોજ ૩—૩ ગ્રામ મધ કે ઘી-સાકરમાં લેવું. અશ્વગંધા, શતાવરી, ગોખરુ, વિદારી કંદ અને કૌંચબીજ—આ પાંચેનું ચૂર્ણ પણ રોજ ૩-૩ ગ્રામ સવાર-સાંજ લઈ શકાય. શરીરે રોજ તેલમાલિશ કરવું અને પ્રકૃતિને અનુકૂળ યોગાસનો કરવાં. —વૈદ્ય ચન્દ્રશંકર ઠક્કર

જીવનનો ઉદ્ભવ: જિસસની છબી

જીવન એ જો કોઈ સંઘટિત પદાર્થોનું પરિણામ હોય, તો નિઃશંક કહી શકાય કે માત્ર આપણી પૃથ્વી ઉપર જ નહિ પરંતુ સમગ્ર વિશ્વમાં એના ઉદ્ભવની શક્યતા રહેલી છે. મૉનાશ યુનિવર્સિટીના સંશોધકોએ કાર્બન પર આધારિત જીવનના એક પુરોગામી તત્ત્વ—ફૉર્મેલ્ડિમાઈનની શોધ કરી હતી. એના જેવા જ કેટલાક જટિલ રજકણો રેડિયો-ખગોળશાસ્ત્રના વિજ્ઞાનીઓને ઊંડા અવકાશમાં પણ મળી આવ્યા છે. એવું પણ જાણવા મળ્યું છે કે પૃથ્વી પર જીવનનો ઉદ્ભવ થયો તેની યે પહેલાં કરોડો વર્ષ અગાઉ આકાશમાંથી આવેલી ઉલ્કાઓ દ્વારા કરોડો ટન જેટલાં ફૉર્મેલ્ડિહાઈડ અને ઍમિનો ઍસિડ્ઝ ઠલવાઈને જમા થયાં હતાં. પૃથ્વી પર આપોઆપ જીવનનો ઉદ્ભવ થવા માટેનો મસાલો આ તત્ત્વમાંથી પ્રાપ્ત થયો હોવાનું મનાય છે. મેક્સિકોમાં પડેલી 'ઍલેન્ડેક' નામે ઓળખાતી ઉલ્કા તથા ઑસ્ટ્રેલિયામાં પડેલી 'મર્ચિસન' ઉલ્કાનાં પરીક્ષણોમાં પણ આ બંને તત્ત્વો જોવા મળ્યાં છે.

આના પરથી ઈ. ૧૯૦૩માં સ્વીડિશ વિજ્ઞાની ઍરહેનિયસ અને એને ટેકો આપતા રશિયન નૉબેલ પારિતોષિક-વિજેતા ઍલેક્ઝાંડર ઑપેરિનનો એક સિદ્ધાંત ફરી બેઠો થાય છે. એમનો મત એવો હતો કે અવકાશમાંથી આવેલી ઉલ્કાઓ દ્વારા પણ જીવનના બીજકણો પૃથ્વી પર પ્રસર્યા હોવાની શક્યતા છે. ઑપેરિનનું માનવું હતું કે પૃથ્વી તૈયાર થઈ એ પહેલાં યે જીવન પેદા કરી શકે તેવા પદાર્થો અસ્તિત્વ ધરાવતા હતા, ને પૃથ્વી ઠંડી પડીને એ ઘડી આવી ત્યારે એમાંથી આપોઆપ જીવનનો ઉદ્ભવ થયો. આને જો એક અનોખી વૈજ્ઞાનિક ઘટમાળ ગણીએ તો જીવન એ કુદરતનું જ એક અંતર્ગત પાસું ગણી શકાય ને તેનું અસ્તિત્વ આપણા તેમજ અન્ય વિશ્વમાં સુપ્ત કે વાસ્તવિક સ્વરૂપે અશક્ય નથી.

'ટાઈમ્સ ઑવ ઇંડિયા'ની આ નોંધના અનુસંધાને એક રસમય પત્ર પણ જિસસની છબી વિષે એમાં છપાયો હતો. એનો પણ સાર જોઇએ:

ઊંડા અવકાશમાં કેટલાક રજકણો જ નહિ, પણ (ઈસ્વી સન પૂર્વે ચોથી સદીમાં પ્રકટ થએલા એક વિચાર પ્રમાણે) પ્રત્યેક પોકાર કે બોલાએલો દરેક શબ્દ પણ, શક્તિનું એક સ્વરૂપ હોવાના કારણે અવકાશમાં સદાકાળ ઘુમરાતો રહે છે.

રોમના એક પ્રતિષ્ઠિત સાપ્તાહિકમાં 'ટાઈમમશીન' દ્વારા મેળવાએલી વધસ્થાન પરના જિસસ ક્રાઈસ્ટની એક છબિએ અજબ હલચલ પેદા કરી છે. વેનિસના સેઈન્ટ જ્યૉર્જ દેવળના સંગીતના પ્રોફેસર ફાધર પેલેગ્રિનો એર્નેટ્ટીની ગુપ્ત શોધનો આ એક ભાગ છે. આ રીતે ઇલેક્ટ્રૉનિક્સની સહાયથી એમણે મુસોલિની તથા પોપ પાયસ બારમાના રેકૉર્ડ પર નોંધાએલા શબ્દો પરથી એમની છબિઓ પણ ઉતારી છે, જે એમના અસલ ફોટોગ્રાફોને બરાબર મળતી આવે છે. એમણે ઈ. ૧૬૯માં રોમમાં ભજવાએલા એક ગ્રીક નાટક 'થીએસ્ટીસ'ના શબ્દો તથા ગીતો પણ પુનર્મૂર્ત કર્યાં છે. એણે ઉપસાવેલી ક્રાઈસ્ટની છબિમાં આછીઆછી આંખે આકાશ પ્રતિ મીટ માંડી રહેલો પીડિત ચહેરો જોવા મળે છે.

> વાટે ઘાટે છાતી ફાટે · થાય સ્મશાની દુનિયા,
> નવલખ આંખે વ્યોમ રૂએ, પણ પાછું ન જુએ મરણિયા.
>
> —ખબરદાર—


મહિસૂરના વિદ્યાપ્રેમી મહારાજા કૃષ્ણરાય જર્મની ગયા હતા ત્યાં એક અજાણ્યા અધ્યાપકે એમનો પરિચય થતાં પૂછ્યું: 'તમે કયા મહિસૂરના રાજા છો? ડૉ. રામશાસ્ત્રી રહે છે ત્યાંના?' મહારાજાએ નમ્રતાથી હા કહી. તે પછી તેમનું ત્યાં બહુ સમ્માન થયું. મહિસૂર આવીને મહારાજાએ રામશાસ્ત્રીનું બહુમાન કરી આદરભાવ વ્યક્ત કરતાં કહ્યું: 'દેશમાં તમે મારી પ્રજા છો, પણ પરદેશમાં તો હું તમારી પ્રજા છું.'

કહેવતોના અર્થ: 'આગ લાગી અસારવે, ને બંબા બહેરામપુર.' અસારવા અને બહેરામપુર એ અમદાવાદનાં બે વિરુદ્ધ દિશામાં આવેલાં પરાં છે. આટલું જાણી લીધા પછી આ કહેવતનો અર્થ આપોઆપ સ્પષ્ટ થશે. 'પડે ઊગમણે ધાડ, આપ આથમણો ધાયે' એ કહેવતરૂપ પંક્તિમાં વર્ણવ્યા મુજબના બીકુ માણસો માટે કે નાગડદાઈ યા બેપરવાહીથી કામ કરતા નપાવટ કર્મચારીઓ માટે પણ આ કહેવત વપરાય છે.

અનેકાર્થી શબ્દ: **લિંગ**=મહાદેવની મૂર્તિ; બાણ; ચિહ્ન કે સંજ્ઞા; જાતિ; સાધન કે હેતુ; પુરુષની ઇંદ્રી; અઢારમાંનું એક પુરાણ; ડાઘ કે કલંક; મીમાંસામાંનાં છ લક્ષણ; શબ્દનું સામર્થ્ય; સૂક્ષ્મ શરીર, અરૂપ દેહતત્ત્વ, પરમતત્ત્વ.

ગણિતગમ્મત: કોઈ પણ રકમ ધારો તેને ૯ વડે ગુણો. ગુણાકારમાંથી ૯ બાદ કરો. જે આવે તેને ૯ વડે ભાગી ભાગાકારમાં ૯ ઉમેરો. તેમાંથી મૂળ ધારેલી રકમ બાદ કરવાથી જવાબ ૮ જ આવશે.—નીતમ વખારિયા

અઢી તોલા તલના તેલને લસણની પાંચ કળીઓ સાથે કકડાવીને ઠંડું થયા બાદ બાટલીમાં ભરી રાખવું. રાત્રે સૂતી વખતે બંને કાનમાં તેનાં પાંચપાંચ ટીપાં નાખવાથી ઠંડીની ઋતુમાં કાનનું જતન થાય છે.



થાઈલૅન્ડના રાજા ભૂમિપાલનાં ગીતોનો આ સંગ્રહ દરજીની અંગૂઠીમાં સમાઈ જાય એટલો ટચુકડો છે. આ આંતરરાષ્ટ્રીય ગ્રંથવર્ષ નિમિત્તે એ ખાસ છાપીને અંગકોકના મુદ્રણ પ્રદર્શનમાં આવેલા સૌ મહેમાનોને ભેટ અપાયો હતો.




બોલીવિયાની રાજધાની 'લા પાઝ' દુનિયાનું સૌથી ઊંચુ પાટનગર છે. ચોમેર પહાડોથી રક્ષાએલું એ શહેર ૧૧,૯૦૦ ફૂટની ઊંચાઇએ વસેલું છે.



પોર્ટુગીઝોએ હિંદમાંના પોતાના અમલ દરમિયાન પાડેલો સિક્કો (જરા નાના કદમાં).



કલાકણિકા: કોઈ કલ્પિત પ્રાણી પર સવાર સ્ત્રી. ઈ. ૧૯૩૯-૪૦માં બેગ્રામ (અફઘાનિસ્તાન)માં થએલાં ખોદકામમાંથી મળી આવેલી હાથીદાંતની એક ખુરશીની પીઠ પરનું શિલ્પાંકન.



શિશિરની સવાર (ફોટો · એ. એલ. સૈયદ) જેમ પ્રકૃતિમાં તેમ જીવનમાં યે ઘણી વાર ધુમ્મસ છાઈ જાય છે અને ત્યારે સૂર્યપ્રકાશની પેઠે ધાર્મિક શ્રદ્ધાની હૂંફ આશ્વાસક બની રહે છે. ધૂંધળા વાતાવરણમાં કોઈ ધર્મસ્થાનનું પ્રવેશદ્વાર બતાવી ફોટોકલાકારે એ ભાવને વ્યક્ત કર્યો છે કે નહિ એ પ્રશ્ન બાજુએ રાખીએ તો યે, આ શિશિરની સવારના ધુમ્મસમાં ઊંડાણ અને તેજછાયાના સમભાર ચિત્રસંયોજન વડે એક સુંદર ફોટોચિત્ર કલાકારે આપ્યું છે.